દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 203 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ -૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 August 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૭ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

પુરુષ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નેપાળમાં જળપ્રલય














## તિબેટની સરહદ પર આવેલાં પૂરથી મહાવિનાશ

## કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયેલા ૧૪૨ ભારતીય સહિત ૫૦૦થી વધુ લોકો લાપતા

## ૧૦૦થી વધુનાં મોત

## બિહાર અને ઉત્તર પ્રદેશમાં પણ પૂરની સંભાવનાને લીધે હાઈ અલર્ટ

## ૧૧ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ, ૧૯ પુલ, ૨૬થી વધુ બૅંકનો નાશ

## પૂરનાં પાણી સાથે તણાઈ આવેલા કાદવમાં ઘરો, વાહનો દબાયાં

કાઠમંડુઃ નેપાળના તિબેટની સરહદ પાસે આવેલા રસુવા જિલ્લામાં નવેસરથી આવેલાં પૂરમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૧૦૫ મૂળ ભારતીય અને ૩૭ બિનરહીશ ભારતીય મળીને કુલ ૧૪૨ ભારતીય સહિત અંદાજે ૫૦૦ જણ ગુમ થયા હતા.

નેપાળના અનેક જિલ્લામાં પૂરને લીધે ગામોમાં ભારે નુકસાન થયું હતું. ગુમ થયેલા મોટા ભાગના ભારતીયો તિબેટમાંની કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા હતા.

પૂરને લીધે ૧૧ હાઇડ્રો પાવર પ્લાન્ટ, ૪૦થી વધુ રસ્તાઓ, ૧૯ જેટલા પુલ અને ૨૬થી વધુ બૅંકનો નાશ થયો હતો. નદીના પાણી સાથે તણાઈ આવેલા કાદવના ઢગલામાં કેટલાય ઘરો અને વાહનો દબાઈ ગયાં હતાં.

બિહાર અને ઉત્તર પ્રદેશમાં પૂરની સંભાવનાને લગતી ચેતવણી અપાઇ હતી. બિહારની ગંડક નદીમાં પણ જળસ્તર વધતા નવેસરથી પૂરનું જોખમ ઊભું થયું હતું. કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે બિહારના મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીને ફોન કરીને પૂરનાં જોખમનો સામનો કરવામાં કેન્દ્રની દરેક પ્રકારની સહાય ઑફર કરી હતી.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સને પૂર વખતે બચાવ અને રાહત કામગીરી કરવા સાબદાં રહેવાની સૂચના અપાઇ હતી. ભારતીય હવાઇ દળ દ્વારા પૂરગ્રસ્ત નેપાળ ખાતે રેશન, દવા અને અન્ય સહાય મોકલાઇ હતી. તિબેટ બાજુએથી ભોટે કોશી નદીમાં સ્થાનિક સમય સવારે નવ વાગ્યે પૂર આવતાં સરહદ પરના નેપાળના રસુવા અને ધાડિંગ જિલ્લામાં ભારે નુકસાન થયું હતું. કાઠમંડુથી નૈર્ઋત્યમાં આવેલા નુવાકોટ જિલ્લામાં પણ ભારે વરસાદ અને પૂરે વિનાશ વેર્યો હતો. નેપાળ ટૂરિઝમ બૉર્ડે જણાવ્યું હતું કે પૂરને લીધે ૨૯૧ વિદેશી અને ૯૩ નેપાળી લોકો મળીને કુલ (જુઓ પાનું ૨) ▸▸

**મહાવિનાશ** તિબેટમાં ભૂકંપને પગલે હિમપ્રપાત થવાને લીધે નેપાળમાં ભયંકર પૂર આવ્યાં હતા. પૂરની સાથે જ તણાઈ આવેલા કાદવને લીધે ભયંકર વિનાશ સર્જાયો હતો. આમાં સેંકડો લોકો માર્યા ગયા હોવાનો ભય છે. જળપ્રલયની તસવીરો કેવું અકલ્પનીય નુકસાન થયું હશે એનો પુરાવો છે. (એજન્સી)

## ભારત બનતી બધી મદદ કરવા માટે તૈયારઃ મોદી

### વડા પ્રધાને નેપાળના પીએમ સાથે ફોન પર વાત કરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે તેમના નેપાળના સમકક્ષ બાલેન્દ્ર શાહ સાથે વાત કરી હતી અને ત્યાં પૂરને કારણે થયેલ જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો તથા તેમને કહ્યું કે ભારત પડોશી દેશને શક્ય તેટલી માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

મોદીએ એમ પણ કહ્યું કે ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં નેપાળમાં તેમની બહેનો અને ભાઈઓ સાથે એકતામાં ઊભા છે.

તિબેટની સરહદે આવેલા નેપાળના બે મધ્ય જિલ્લામાં અચાનક, પ્રચંડ પૂર આવ્યું જેમાં ચાર જણ માર્યા ગયા, નદી કિનારે વસાહતોમાં વ્યાપક વિનાશ થયો અને (જુઓ પાનું ૨) ▸▸

## ભૂકંપને લીધે થયેલો હિમપ્રપાત પૂરનું કારણ?

કાઠમંડુઃ નેપાળના રસુવા જિલ્લામાં સરહદી વિસ્તારો રસુવાગઢી અને ભોટે કોશી નદીના નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ભીષણ પૂર બાદ નેપાળ સરકારે અસરગ્રસ્ત વિસ્તારને ત્રણ મહિના માટે આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કર્યો છે. નેપાળના વિદેશ પ્રધાન શિશિર ખનાલના નિવેદનને ટાંકીને સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે પ્રારંભિક અહેવાલો પરથી જાણવા મળ્યું છે કે ભૂકંપના કારણે હિમપ્રપાત થયું જેના કારણે નેપાળમાં ભારે પૂર આવ્યું હોઈ શકે છે. તિબેટની સરહદે આવેલા નેપાળના રસુવા જિલ્લામાં બુધવારે આવેલા વિનાશક પૂરનાં પાણી ગામડાઓમાં ઘૂસી ગયા અને મહત્ત્વપૂર્ણ માળખાગત (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકી વિઝા માટેની તમામ અપૉઇન્ટમેન્ટ પર ટ્રમ્પની બ્રેક

### ભારત, ચીનના નાગરિકોને સૌથી વધુ અસર થશેઃ નવી તારીખ, સમય બાદમાં અપાશે

વૉશિંગ્ટનઃ ટ્રમ્પ વહીવટીતંત્રે દુનિયાભરમાંની બધી ઇમિગ્રન્ટ વિઝા અરજીઓની અપૉઇન્ટમેન્ટ્સ અટકાવી દીધી છે. તેને લીધે દુનિયાભરમાંના અમેરિકી વિઝાના હજારો અરજદાર મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. આ પગલાની સૌથી વધુ માઠી અસર ભારત અને ચીનના નાગરિકોને થશે.

અમેરિકાની ઇમિગ્રન્ટ વિઝાના અરજદારોને અમેરિકાની એમ્બસી અને કૉન્સ્યુલેટ ખાતેથી મળેલા ઇમેલમાં જણાવાયું હતું કે તમારી વિઝા અપૉઇન્ટમેન્ટની નવી તારીખ અને સમય તમને બાદમાં જણાવાશે.

અમેરિકી સરકારની આર્થિક સહાય પર નિર્ભર બને એવા (વિદેશી) લોકોને અમેરિકાના ઇમિગ્રેશન ઑફિસર્સ નપબ્લિક ચાર્જથ કહે છે. આવા લોકોને ઓળખી કાઢવા કૉન્સ્યુલર ઑફિસર્સને ખાસ તાલીમ અપાતી હોવાનું કહેવાય છે. અમેરિકા વિઝા અરજીઓને વ્યાપક અને (જુઓ પાનું ૨) ▸▸

## કિશોરોને સોશ્યલ મીડિયાની લત લગાડી મેટાનું અમેરિકામાં ૧૭ અબજ ડૉલરનું સેટલમેન્ટ

ઓકલૅન્ડઃ અમેરિકાનાં ૪૭ રાજ્યોનાં બાળકો અને કિશોરોને સોશ્યલ મીડિયાની લત લગાડવાના સીમાચીહ્નરૂપ મુકદમામાં મેટા ૧૭ અબજ ડૉલર આપવા સંમત થયું છે અને મેટાએ તેના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પ્લેટફૉર્મમાં બાળકોની સુરક્ષા માટે પગલાં લેવાની ખાતરી આપી હતી. કેલિફૉર્નિયા, કોલોરાડો, કેન્ટકી અને ન્યૂ જર્સી જેવાં ૨૯ રાજ્યોએ ૨૦૨૩માં ટેક જાયન્ટ કંપની પર કેસ કર્યો હતો પરંતુ સેટલમેન્ટને લીધે ખટલો ચાલશે નહીં અને મેટાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર માર્ક ઝકરબર્ગ કેલિફૉર્નિયાની ફેડરલ કોર્ટમાં જ્યુરી વલણ લે એ પહેલાં પોતાનો રવૈયો જાહેર કરશે. એટર્ની જનરલ જોન્સે એક નિવેદનમાં કહ્યું હતું કે વર્જિનિયામાં જ કરાર ૩૫.૩ ડૉલરનો છે અને (જુઓ પાનું ૨) ▸▸



રક્ષાબંધનના શુભ તહેવાર પ્રસંગે
Rashmin®
THE MITHAI SHOP
● શ્રીખંડ ● બાસુંદી
● રબડી ● રસ મલાઈ
● તાજી ઠંડી બંગાલી મિઠાઈઓ
● બદામ પીસ્તાથી ભરપુર ડ્રાયફ્રુટ મિઠાઈ
● આઈસક્રીમ તથા કુલ્ફી રોલ
● તાજો ઠંડો કેરીનો રસ (સિઝનલ)
સ્વાદમાં અજોડ, શુધ્ધતામાં ન મળે તેની જોડ
હેડ ઓફિસઃ મલાડ (ઈ) — ડૉ. સુચક ચોક, દફતરી રોડ, રેલ્વે સ્ટેશન સામે, ૨૮૮૩૬૦૬૧/૨૮૪૪૩૬૧૩
મલાડ (ઈસ્ટ) — ૪, મોતી બાગ, રાણીસતી માર્ગ, પોદાર રોડ કોર્નર, સ્ટેશન પાસે. ૨૮૪૪૯૦૯૦
મલાડ (ઈસ્ટ) — ૧, ફોર્ચ્યુન પ્લાઝા, શિવાજી ચોક, દફતરી રોડ, ૨૮૮૧૦૫૧૯
બોરીવલી (વેસ્ટ) — ૪, ઓમ મોતિ નગર કૉ.ઓ.હા. સો., રોશન નગર રોડ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ) ૮૧૬૯૧૨૮૦૦૯
Email: info@rashminsweets.com, Website: www.rashinsweets.com
Also Available On : zomato SWIGGY


## રાજસ્થાન હાઈ કોર્ટના જજ સામે સુપ્રીમ કોર્ટના જજની ચીફ જસ્ટિસને ફરિયાદ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટના જજ સંદીપ મહેતાએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતને અનુરોધ કર્યો છે કે રાજસ્થાનની બહારના રાજ્યના કોઈ જજને રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ બનાવો. જજ મહેતાએ બીજી, દસમી અને ૧૭મી ઑગસ્ટે મુખ્ય ન્યાયમૂર્તિને પત્ર લખીને કાર્યવાહક મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ પ્રકાશ શર્મા સામે ગંભીર વહીવટી ગેરરીતિ અને કેસના લિસ્ટિંગમાં પક્ષપાતનો આક્ષેપ કર્યો છે. જસ્ટિસ મહેતાએ રાજસ્થાન વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સામે 'ગેરવહીવટ', 'ગેરરીતિ', 'સગાવાદ' અને 'પક્ષપાત'ના ગંભીર આક્ષેપો કર્યા છે. સર્વોચ્ચ અદાલતના (જુઓ પાનું ૨) ▸▸

## ન્યૂ યૉર્કમાં મોહન ભાગવતના કાર્યક્રમનો મમદાની દ્વારા વિરોધ

ન્યૂ યૉર્કઃ ન્યૂ યૉર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ કહ્યું હતું કે મૅડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યોજવામાં આવનારાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતના કાર્યક્રમનો હું વિરોધ કરું છું. મોહન ભાગવત આ અઠવાડિયાના અંતે મૅડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યોજવામાં આવનારાં કાર્યક્રમમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરવાના (જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેન પર અણુહુમલો કરવાનું છે રશિયા?

### આવી અટકળો વચ્ચે સીઆઈએના વડા મૉસ્કો પહોંચ્યાઃ જોકે પુતિન તેમને મળ્યા નથી

ન્યૂ યૉર્કઃ રશિયાએ જણાવ્યું હતું કે અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઇએના વડા જોન રેટક્લિફ મૉસ્કો પહોંચ્યા હતા. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને પણ સીઆઈએ ચીફની રશિયાની મુલાકાત અંગેની જાણકારી હતી. રશિયાએ આ જાણકારી આપી હતી. મૉસ્કોમાં રહસ્યમય વિમાન ઊતર્યું હોવાના રિપોર્ટના એક દિવસ પછી રશિયાએ એમ પણ કહ્યું હતું કે સીઆઇએ વડા તરીકેની તેમની પહેલી મૉસ્કો યાત્રા દરમિયાન રેટક્લિફ રશિયાની જાસૂસી (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનની હૉસ્પિટલમાં આગઃ ૧૪ બાળકનાં મોત

ઇસ્લામાબાદઃઅહીં પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસમાં બુધવારે સવારે સાત વાગ્યે ફાટી નીકળેલી ભયંકર આગમાં ઓછામાં ઓછા ૧૪ બાળક જીવતા ભૂંજાઈ ગયા હતા. મધર ઍન્ડ ચાઈલ્ડ વૉર્ડમાં આગ લાગી હતી. (એજન્સી) ■


વેજ-જૈન લંચ-ડીનર,૪* હોટલ
VIETNAM-SAPA
દનાંગ,હનોઈ,હોચીમીંચ,ક્રુઝ,દિ.૧૦
ઉ.૨૯ સપ્ટે.SPL. RATE, ૨૩ નવે
VIETNAM-PHU QUOC
SAPA-DANANG-HANOI-CRUISE
૧૭ સપ્ટે,SPL. RATE, VIETNAM AIRLINES
૩નવે,૧૯ડિસે,૨૧જાન્યુ,ફેબ્રુ થી મે
સીંગાપોર-ક્રુઝ મલેશીયા 3/11, JAN
નેપાલ-યુપી દિ.૮/૧૧,ઉ.૧ નવે,૨ ડિસે
આસામ-મેઘાલય-અરૂણાચલ
તવાંગ,કાઝીરંગા,ચેરાપુંજી,દાવકી
3/4* CONFM HOTEL, NEW URBANIA
ઉ.૨૨/૧૦,૧/૧૧ (SPL. RATE),૧૧/૧૧,૨૪/૧૨
આપણાં જ મહારાજ દ્વારા બનાવેલ વેજ/જૈન સ્વાદિષ્ટ ભોજનો
ઉત્તરાખંડ ચારધામ ૨૮/૯,૨૨/૧૦
અયોધ્યા-કાશી પ્રયાગરાજ સપ્ટે થી માર્ચ ચિત્રકૂટ OPT
દાર્જીલીંગ સીક્કીમ ૧૦નવે,૧૧ડીસે
દુબઈ-આબુધાબી નવે,ડીસે દિ.૮/૯
27/9, JAN કેરાલા
કચ્છ રણોત્સવ નવે થી ફેબ્રુ
ગ્રુપ-મંડળ-સંસ્થાના પ્રવાસો માટે પ્રખ્યાત
SINCE 2001 નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130/9137169164
૮.વલ્લભ.મહાવીરનગર.કાંદીવલી(વે)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાગવતનો વિરોધ કરવો હોય તો કરો, ભારતને ગાળો શું કામ?

**રાષ્ટ્રીય** સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખિયા મોહન ભાગવતે અમેરિકામાં પધરામણી કરી તેની સામે વિરોધ થઈ રહ્યો છે. ભાગવત ૨૯ ઓગસ્ટે ન્યૂ યોર્કના પ્રસિદ્ધ મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં 'યુનિવર્સલ વનનેસ' નામના કાર્યક્રમમાં લગભગ પાંચ હજાર ભારતીયોને સંબોધવાના છે. ભાગવતનો આ કાર્યક્રમ રદ કરાવવા માટે અમેરિકાનાં કેટલાંક સંગઠનો અને નેતા મચેલા છે. માનવાધિકાર અને બિનસાંપ્રદાયિકતાનો ઝંડો લઈને ફરતાં હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ, ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ અને ઈન્ટરફેથ સેન્ટર ઓફ ન્યૂ યોર્ક જેવાં કેટલાંક સંગઠનોના ચૂલિયા કાર્યકરો તો ભાગવતનો કાર્યક્રમ રદ કરાવવા માટે ન્યૂ યોર્ક સિટી હોલની બહાર ધામા પણ નાખેલા છે. આ સંગઠનોએ મેડિસ સ્ક્વેર ગાર્ડનના કારભારીઓને ભાગવતનો કાર્યક્રમ રદ કરવા પણ વિનંતી કરી છે.

આ વિરોધમાં કેટલાક સ્થાનિક નેતાઓ પણ જોડાયા છે. આ બધાંનું કહેવું છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારા નફરતની છે અને ભારતમાં મુસ્લિમો પરના અત્યાચારોમાં સંઘની સંડોવણી છે તેથી અમેરિકા જેવા દેશમાં આ સંગઠનના વડાનો કાર્યક્રમ ના જ થવો જોઈએ. એ લોકોએ ૨૯ એપ્રિલે ભાગવત મેડિસન સ્ક્વેર આવે ત્યારે વિરોધ કરવાની ચીમકી પણ આપી છે. ભારતમાં આ બધાંને કોઈ ભોજીયોભાઈ પણ ઓળખતો નથી એટલે તેમનાં નામનો ઉલ્લેખ કરવાનો મતલબ નથી. અમેરિકામાં પણ તેમનો કોઈ ભાવ પૂછતું નથી તેથી અમેરિકામાં પણ તેમના વિરોધની નોંધ નહોતી લેવાતી પણ હવે ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાની પણ આ વિરોધમાં જોડાયા તેથી અચાનક વિરોધમાં ગરમી આવી ગઈ છે.

મમદાનીના ભાગવતના વિરોધમાં દમ નથી. મમદાનીએ પણ એ જ રેકર્ડ વગાડી છે કે જે બીજા માનવાધિકારવાદી અને સેક્યુલરો વગાડી રહ્યા છે. મમદાનીનું કહેવું છે કે, ભારત અલગ અલગ પ્રકારના લોકોનો બનેલો ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક દેશ છે પણ ભાગવતની વિચારધારા ભારતીય સમાજમાં ભાગલા અને નફરત ફેલાવવાની છે. સંઘ મુસ્લિમોના બહિષ્કારની વાતો પણ કરે છે. કોઈપણ દેશમાં બહિષ્કાર અને ભેદભાવ પર આધારિત વિચારધારાનો ઉદ્ભવ ચિંતાજનક છે જ્યારે ભારત તો અમારો મૂળ દેશ છે તેથી એક ભારતીય-અમેરિકન તથા ન્યૂ યોર્કના મેયર તરીકે પોતે આ વિચારધારાનો સખત વિરોધ કરે છે. ભાગવતનો કાર્યક્રમ રદ કરવાની અપીલ પણ મમદાનીએ કરી છે.

ઝોહરાન મમદાની ફાલતુ વ્યક્તિ નથી. અમેરિકાના સૌથી ધનિક શહેરના મેયર છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રીપબ્લિકન પાર્ટીની વિરોધી ડેમોક્રેટિક પાર્ટીના છે અને ભવિષ્યમાં અમેરિકામાં પ્રમુખપદના ઉમેદવાર મનાય છે તેથી અમેરિકામાં મોટું માથું મનાય છે. આવો ધરખમ રાજકારણી વિરોધ કરે એટલે તેની નોંધ લેવી પડે પણ સારી વાત એ છે કે, મમદાની ભાગવતનું કશું બગાડી શકે તેમ નથી. મમદાનીએ પોતાના ચેલકા નિરાશ ના થાય એટલા માટે સિટી કાઉન્સિલ પાસે આ કાર્યક્રમ રદ કરવાની સત્તા છે કે નહીં એ તપાસી જવાની ખાતરી આપી છે પણ પોતાની પાસેથી બહુ આશા ના રખાય એટલે કબૂલી પણ લીધું છે કે, ભાગવતનો મેડિસન સ્ક્વેરનો કાર્યક્રમ ખાનગી કાર્યક્રમ હોવાથી પોતે રોકી શકે એવી શકયતા સાવ ઓછી છે.

ભારતમાં પોતાના રાજકીય કે વિચારધારાની રીતે વિરોધી હોય એવાં લોકોના કાર્યક્રમો કે સભાઓ રદ કરાવવા માટે સત્તામાં બેઠેલા લોકો ગમે તે હદે જતાં ખચકાતા નથી. પોલીસ પાસે મંજૂરી રદ કરાવવાથી માંડીને તોડફોડ કરવા સુધીના દાવપેચ ભારતમાં બેશરમીથી અપનાવાય છે પણ અમેરિકામાં સાવ પોપાબાઈનું રાજ નથી. અમેરિકામાં સરકારમાં બેઠેલા લોકો અને સામાન્ય લોકો પણ કાયદાના શાસનમાં માને છે અને બીજાં લોકોના વાણી સ્વાતંત્ર્યના અધિકારને સ્વીકારે છે. આ કારણે ભાગવતનો વિરોધ કરનારા પ્લેકાર્ડ લઈને બેઠા છે પણ કાર્યક્રમમાં ઘૂસીને ધમાધમી કરી નાખે એવી જરાય શક્યતા નથી.

ભારતમાં તો શહેરનો મેયર દાદાગીરી કરીને આવો કાર્યક્રમ જ ના થવા દે પણ ઝોહરાન મમદાની અમેરિકામાં જન્મ્યો ને મોટો થયો છે એટલે એ પણ લુખ્ખી દાદાગીરી કરીને કશું કરે એ વાતમાં માલ નથી. બહુ બહુ તો ભાગવતનો વિરોધ કરવા ઉભેલાં લોકોની સાથે મેડિસન સ્ક્વેર ગાર્ડનની બહાર પ્લેકાર્ડ લઈને ઊભો રહી જશે. એ સિવાય બીજું કશું નહીં કરે તેથી ભાગવતના કાર્યક્રમમાં કોઈ વિઘ્ન નથી આવવાનું.

ભારતીયોને ભાગવત ન્યૂ યોર્કમાં કાર્યક્રમ કરે કે ના કરે તેનાથી કોઈ ફરક પડતો નથી. ભાગવત ખાનગી સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા છે, ભારતમાં કોઈ હોદ્દા પર બેઠેલી વ્યક્તિ નથી તેથી ભાગવતનો કાર્યક્રમ રદ થઈ જાય તો દેશને કશું નુકસાન નથી ને ભાગવત પાંચના બદલે પચ્ચીસ હજાર લોકોને ભેગાં કરીને ભાષણબાજી કરે તો કોઈ ફાયદો નથી પણ ભાગવતના વિરોધને બહાને ભારતમાં પ્રવર્તતા માહોલ અંગે ઊભું કરાઈ રહેલું ચિત્ર ચોક્કસ ભારતીયોને ચિંતા કરાવનારું છે.

મમદાની સહિતના લોકો એક જ રેકર્ડ વગાડી રહ્યા છે કે, ભારતમાં નફરતનો માહોલ પેદા કરાઈ રહ્યો છે અને બહુવિધતા ધરાવતા ભારતીય સમાજને વિભાજીત કરાઈ રહ્યો છે. સંઘ નફરતની વિચારધારા ફેલાવે છે તેથી મુસ્લિમોના બહિષ્કાર સહિતના તુક્કા પોષાઈ રહ્યા છે એવી વાતો પણ થઈ રહી છે. સૌથી પહેલી વાત એ કે, ભારતમાં નફરતનો માહોલ છે જ નહીં ને બધાં લોકો પ્રેમથી જ રહે છે. સંઘ મોટું સંગઠન હશે પણ એટલું મોટું સંગઠન પણ નથી કે દોઢસો કરોડ ભારતીયો તેના દોરવાયા ચાલતા હોય. મુસ્લિમોના બહિષ્કાર સહિતની વાતો તો સાવ બકવાસ જ છે કેમ કે આ દેશમાં ક્યાંય મુસ્લિમોનો બહિષ્કાર નથી થતો. વોટ્સએપ પર એ પ્રકારના મેસેજ કેટલાક નમૂના ફરતા કરે છે પણ આ દેશની શાણી પ્રજામાં એટલી અક્કલ છે જ કે, આ વાતા ના મનાય. ભારતીય સમાજમાં આ પ્રકારની નફરત કે બહિષ્કાર પહેલાં પણ નહોતાં ને આજેય નથી તેથી તમામ ભારતીયોએ તેનો વિરોધ કરવો જોઈએ. સંઘની વિચારધારા સામે જેમને વાંધો હોય એ સંઘને કહેવું હોય એ કહે પણ તેના બહાને ભારતમાં ખરાબ માહોલ થઈ ગયો છે એવાં જૂઠાણાં ફેલાવવાથી દૂર રહે.

ઝોહરાન મમદાનીની વાતોથી ભારતીયો માટે તો વખાણેલી ખિચડી દાંતે વળગી જેવો ઘાટ થયો છે કેમ કે ૨૦૨૫ના નવેમ્બરમાં મમદાની ન્યૂ યોર્કના મેયરપદની ચૂંટણી જીત્યા ત્યારે ભારતીયોએ તેમનાં બહુ ઓવારણાં લીધેલાં. મમદાનીનાં માતા મીરા નાયર એક ખ્યાતનામ ફિલ્મ ડાયરેક્ટર છે. ઓસ્કારમાં વિદેશી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મ માટેની કેટેગરીની ફાઈનલમાં પહોંચેલી સલામ બોમ્બે સહિત ઘણી અદ્ભૂત ફિલ્મો મીરાએ બનાવી છે. ઝોહરાનના પિતા પ્રોફેસર મહમૂદ મમદાની કોલંબિયા યુનિવર્સિટીમાં ભણાવે છે. મહમૂદ મમદાની મૂળ ગુજરાતી છે અને મીરા તથા મહમૂદ બંને હાર્વર્ડમાં ભણેલાં છે. આ કારણે બધાં બહુ હરખાતાં હતાં કે ભારતીય મૂળનો જણ ન્યૂ યોર્કમાં મેયર બન્યો પણ મમદાનીએ ભારતના માહોલ વિશે બકવાસ કરીને બધું ધોઈ નાખ્યું. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૨૭-૮-૨૦૨૬, નાળિયેરી પૂર્ણિમા,ઝૂલઝૂલનયાત્રા સમાપ્ત

- ભારતીય દિનાંક ૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૫ સુધી પછી શતભિષા
- ચંદ્ર મકરમાં રાત્રે ક. ૧૩-૩૫ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૪૮, રાત્રે ક. ૨૩-૪૬
- ઓટઃ સાંજે ક. ૧૭-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૬ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - ચતુર્દશી. બૃહસ્પતિ પૂજન, ઝૂલઝૂલનયાત્રા સમાપ્ત, હયગ્રીવ જયંતી, પંચક પ્રારંભ બપોરે ક. ૧૩-૩૫, ભદ્રા પ્રારંભ સવારે ૦૯-૦૮ થી રાત્રે ક. ૨૧-૩૧, ઋક ઋક શ્રાવણી ઉપાકર્મ, યજુર્વેદી, અન્વાધાન, નાળિયેરી પૂર્ણિમા, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ ધર્મ પર્વ શ્રેષ્ઠ દિવસ, સાંસારિક કાર્યો વર્જ્ય છે.
- શ્રાવણ મહિમાઃ નાળિયેરી પૂનમ હોય દરિયાદેવને નાળિયેર અર્પણ કરી સાગર પૂજન કરાય છે. ભગવાન શિવની ઉપાસના માટે શિવલિંગને જલાભિષેક મુખ્ય છે. શિવસ્તોત્ર, શિવભજનોનું જ્ઞાન ન હોય તો પણ ફક્ત ૐ નમઃ શિવાયના પંચાક્ષર મંત્રના જાપ સહિત શિવ જલાભિષેક કરવાથી પણ ભક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. શિવભક્તિમાં બુદ્ધિજ્ઞાન, ચાતુર્યતા, આવડતની આવશ્યકતા નથી. શ્રદ્ધા, સંયમ, નીતિ-રીતિ સહિતની ભક્તિ પણ શિવતત્ત્વની પ્રાપ્તિ કરાવે છે.
- મુહૂર્ત વિશેષઃ વાસુદેવતાનું પૂજન, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, પાટ-અભિષેક પૂજા, મંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્ત્રો, આભૂષણ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, પુરુસુક્ત, શ્રીસુક્ત અભિષેક, રત્ન ધારણ, નિત્ય થતાં ધાન્ય વેચાણ, ખેતીવાડી, પશુ લે-વેંચના કામકાજ, વૃક્ષ રોપવા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ સર્વાંગી ઉદય, સૂર્ય-બુધ યુતિ સારી સ્મરણ શક્તિ, ચંદ્ર-રાહુ યુતિ મતલબી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, સૂર્ય-બુધ યુતિ, ચંદ્ર-રાહુ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઊઠો! તદબીર સે તકદીર બનાના સીખો, મૌજે તુફાં પે, સફીનો કો તીરાના શીખો

**કયામતના** ફના થનારા અત્યંત કઠિન યુગમાંથી આલમે ઈન્સાન પસાર થઈ રહ્યો છે. સેતાન નામે ઈબ્લીસ મામવીના રોમેરોમમાંથી પ્રવેશી લોહીમાં હળીમળી ગયો છે. આતંક, વ્યભિચાર, ચોરી-લૂંટ જેવા મહા અપરાધો રોજિંદા બની ગયા છે. બનતા બનાવો પાછળનાં અનેક કારણોમાં એક કારણ અદેખાઈ છે. ઈર્ષા, કરવામાં આવતી નેકીઓને એવી રીતે ભસ્મ કરી નાખે છે, જેવી રીતે આગ સૂકા લાકડાને. હસદ પાછળનું એક કારણ છુપી અને ઉગ્ર મનેચ્છા પણ છે. અદેખો આદમી નિષ્ફળતા નિરાશાની આગમાં બળતો રહેતો હોય છે, પરિણામે અનેક અપરાધોને તે જન્મ આપતો હોય છે.

*મિટ્ટી સે બના હય, દિલ કો તું સંગ ન કર,*
*હર બાત પે મોઅતરિઝ ન હો, જંગ ન કર.*
*મન્ઝુર હય જા દિલો મેં અય દોસ્ત,*
*બેહતર હય કે દુશ્મનો કો ભી દિલ તંગ ન કર.*

ઉર્દૂ સાહિત્યના એક જાણીતા શાયરના આ શે'રનો અર્થ થાય છેઃ તું, તારું દિલ માટીમાંથી બન્યા છે, તેને પથ્થર જેવું બનાવજે નહીં. દરેક વાત પર ટીકા, દરેક વાતમાં ત્રુટીઓ કાઢવી અને લડવા બેસવું સારું નથી. જો તું ઈચ્છતો હો, કે બીજાના હૃદયમાં પણ તને જગા મળે - બીજાઓ પાસે પણ માનવંત બને, તો ઓ મિત્ર! મારી સલાહ છે, કે દુશ્મનને પણ સતાવજે નહીં, પજવતો નહીં.

શાનદાર, સુવિધાથી ભરપૂર, તમામ સુખ, સગવડ ધરાવતી આ રોનકદાર દુનિયામાં માનવજાત હંમેશાં કાર્યશીલ રહેતી હોય છે, છતા માનવીની જીવન નૌકા હંમેશાં મુસીબતો અને મુશ્કેલીઓની લહેરોમાં ડગમગતી રહેતી હોય છે. જીવે જોખમે આ તકલીફો પર માનવી કાબૂ મેળવતો રહેતો હોય છે, જેથી જીવનના ઉપવનમાંથી તે સફળતાનાં પુષ્પો ચૂંટી શકે અને પોતાની મનગમતી તમન્નાઓને એક કે બાદ એક સિદ્ધ કરી શકવા તે સમર્થ નીવડી શકે. પરંતુ મનુષ્યની જિંદગીની નસને, મોતની કાતર જ્યાં સુધી કાપી નથી નાખતી, ત્યાં સુધી તેની ઉમ્મીદની બારીઓ ઉઘાડી રહેતી હોય છે. ઈશ્વરે ઈન્સાનને એ ફિતરત બનાવી છે, એવી ટેવ પાડી છે, કે માનવી પ્રયાસ કરવાનું કદી છોડતો નથી અને કામિયાબી - સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતો હોય છે. જ્યારે પોતાના હેતુમાં તે સફળ થઈ જતો હોય છે, ત્યારે જમાનાના તમામ ઘૂંટને શરબત સમજી પી જતો હોય છે. નેક ઈન્સાનની આ નિશાની છે.

પોતાના મનની મુરાદ મેળવવામાં કામિયાબ થયા પછી, પોતે કેવી રીતે વધુ ખ્યાતિ મેળવે તે માટે તનતોડ પ્રયાસો કરતો રહેતો હોય છે, કારણ કે દરેક વ્યક્તિની ખ્વાહિશ પોતાની જિસ્માની જરૂરિયાત મુજબની અથવા તો રૂહની તરક્કી માટેની હોય છે. પોતાના વિચારો અને બીજા લોકોના વિચારો સમજવાની પદ્ધતિમાં સારો જેવો તફાવત હોય છે, પણ આ મુદ્દો વિચારવા જેવો છે કે જ્યારે આ અરમાનો અને વલણોની તકમીલ (પૂર્ણતા) પોતાની ઈચ્છા મુજબ થાય છે, ત્યારે તેના દિલને તેનાથી સુકુન, નિરાંત નસીબ થાય છે તેનો મઆરેફત (છુટકારા) અંગેનો મુકામ બુલંદ બની જાય છે અને એક રોશન ચિરાગની જેમ તેની જિંદગી પ્રકાશિત થઈ જાય છે જેને કારણે ઈન્સાનની સામેથી બદકિસ્મતીનો ભયંકર અંધકાર દૂર થઈ જાય છે. ક્યારેક એવું પણ બને છે કે મનુષ્યની કોઈ નફસાની જઝબો જેમ કે લાલચ, સ્વાર્થ અથવા તો કોઈ પદપ્રાપ્તિ જેવી બાબતોમાં એક તોફાન જેવું ઉદ્ભવે છે અને ત્યાંથી જ તેની બદબખ્તી શરૂ થઈ જાય છે, આ કહેવાતો ઉમળકો ઊભરાવવાના કારણે તેમાં એક ગલત ખ્વાહિશ - એક ખોટી મનેચ્છા પેદા થઈ જાય છે, જે તેના નેક અને સારા જઝબાતને - ઉમળકાને જંજીરમાં જકડી લે છે અને માનવીને પોતાની જિંદગીની નેક તમન્નાઓ હાંસલ કરતાં અટકાવે છે.

ઈર્ષા - હસદ - બદખ્વાહિશ - બૂરી ઈચ્છાનું નામ છે. ઈર્ષા કરનાર - અદેખાઈ કરનાર કદી પણ કોઈને આરામ અને રાહતમાં જોઈ શકતો નથી અને લોકોના સુખ જોઈને હંમેશાં પોતાના દિલમાં અણગમો તથા બેચેની અનુભવતો રહેતો હોય છે. શાયર કહે છે કેઃ

હર વક્ત ઝમાને કા સિતમ સેહતે હંય,
હાસિદ જો બૂરા કહે, તો ચુપ રેહતે હંય,
જો નેક હય વો બદોકો ભી કેહતે હંય નેક,
જો બદ હય વો અચ્છો કો બુરા કેહતે હંય.

અર્થઃ લોકો તરફથી અપાતા ત્રાસ - ઝૂલ્મોને હંમેશાં સહન કરીએ છીએ. અમારા વિરોધીઓ અમને બૂરુંભલું કહે તો પણ અમે ચુપ રહીએ છીએ. જે લોકો નેક હોય છે, તે બૂરાઓને પણ નેક માને છે અને જે બૂરા હોય તેને નેક ઈન્સાનો પણ બૂરા લાગે છે!

મહાન ફિલસૂફ 'સુકરાત'ના કહેવા મુજબ 'બુલહવિસ' એટલે કે અદેખાઈ કરનારો શખસ બીજાઓની ચરબી જોઈને પોતે દુબળો - પાતળો થતો જતો હોય છે. તમામ બુરાઈઓ - અપરાધોનું મૂળ, એની બુનિયાદ હસદમાંથી સર્જાય છે. ઈસ્લામ ઈન્સાનની આવી ફીતરતને નાપસંદ ફરમાવે છે. હદીસ શરીફમાં ફરમાવવામાં આવ્યું છે, કે - 'દુષ્ટ અને ખોટાં કામો કરનાર શખસથી બચતા રહો, કારણ કે તે આગનો ટુકડો છે.' હદીસે નબવીમાં છે કે - 'હું અને મારી ઉમ્મતના સારા લોકો આડંબર અને ઠઠરાથી દૂર છે.' હુઝૂરે અનવર (સ.અ.વ.)નું કથન છે, કે - 'તમારા પૈકી શ્રેષ્ઠ માણસો તે છે, જેમને જોઈ અલ્લાહની યાદ આવે.'

*યે અટલ બાત હય,*
*ઇસ બાત મેં કુછ ફેર નહીં*
*ઉસ કે ઘર દેર તો હો સકતી હય,*
*અંધેર નહીં*
*ઉઠો! તદબીર સે તકદીર,*
*બનાના સીખો*
*મૌજે તુફાં પે, સફીનોં કો*
*તીનારા સીખો*

સુજ્ઞ વાચક મિત્રો! ઈસ્લામની હીદાયતમાં નિષ્ફળતા, માયુષી (નિરાશા), કિસ્મત, બદ્-કિસ્મત વગેરે માટે માથા પર હાથ દઇ બેસી જવાને કોઈ સ્થાન નથી. દુઃખ છે, તોજ સુખ છે. એકલા સુખની શાંતિ અસંભવ છે, અશક્ય છે. અલ્લાહના ઘરમાં દેર છે, પણ અંધેર નથી. રબ પર ભરોસો સફળતા અપાવે.

ઉર્દૂ 'શેર'ના સરળ અર્થઃ 'સંગ' (પથ્થર), 'મોઅતરિઝ' (ઉશ્કેરાટ), 'તદબીર' (બદ્નસીબ), 'તકદીર' (ભાગ્ય), 'મૌજે તુફાં' (દરિયાના તોફાની મોજાં), 'સફીના' (હોડી), 'તીરાના' (તરતા).

* * *

### સાપ્તાહિક સંદેશ

*આજીઝી ઈખ્તિયાર કી જીસ્ને -*
*રૂતબા ઉસકા બહોત બુલંદ હુવા,*
*સર ઉઠાયા ગુરૂર સે જીસ્ને -*
*ન મોઅઝઝીઝ, ન અર્જૂમન્દ - હુવા.*

જેણે અભિમાન (ગુરૂર)થી માથું ઊંચકયું, તે કદીય ઈજ્જતવાળો (મોઅઝઝીઝ) અને અર્જુમન્દ સદ્ભાગી) થઈ શકતો નથી. અહંકાર વિનાશનું મૂળ છે. નમ્રતા નામ મેળવી આપનારી સીડી છે. નમ્રતા અને ખાકસારી ધારણ કરવાનો આજે બોધ લઈએ. ■

## પહેલા પાનાનું ચાલુ

### જળપ્રલય

૩૮૪ પ્રવાસી ગુમ થયા હતા.

ગુમ થયેલા પર્યટકોમાં ૧૦૫ મૂળ ભારતીય, ૩૭ બિનરહીશ ભારતીય તેમ જ અમેરિકા, મલયેશિયા, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને નેધરલૅન્ડ્સના નાગરિકોનો સમાવેશ થાય છે.ગુમ થયેલા ભારતીયોમાંના ઓછામાં ઓછા ૫૯ લોકો કૈલાસ માનસરોવરની યાત્રાએ જઇ રહ્યા હતા.

કાઠમંડુમાંની ભારતીય એલચી કચેરીએ ભારતીયોની સહાય માટે ઇમર્જન્સી ફોન નંબર જાહેર કર્યા હતા. ભારતીયો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ કે +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ ઉપર સંપર્ક કરીને સહાય માગી શકે છે.નેપાળ ટૂરિઝમ બોર્ડે ફ્રી ઇમર્જન્સી નંબર ૧૨૩૪ કે હૉટલાઇન ૧૧૪૪ નંબર જાહેર કર્યા છે, જ્યારે ટૂરિસ્ટ પોલીસે ૯૮૫૧૨૮૯૪૪૫ નંબર આપ્યો છે.બિહારના મુખ્ય સચિવ પ્રત્યય અમૃતે પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી.બિહારના પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર, વૈશાલી, સીતામઢી, શિયોહરમાં વહીવટીતંત્રને સાબદું કરાયું છે. (એજન્સી)

### વ્યાપક બચાવ કામગીરીનો ચીનના પ્રમુખનો આદેશ

તિબેટમાં ચીન-નેપાળ સરહદે આવેલા ગામડાઓ અને નગરોમાં અચાનક આવેલા વિનાશક પૂર બાદ ચીનના પ્રમુખ શી જિનપિંગે બુધવારે ગુમ થયેલા લોકોની શોધખોળ અને બચાવ કામગીરી માટે શક્ય તમામ પ્રયાસો કરવાના આદેશ આપ્યા હતા. આ ભયંકર પૂરના લીધે જાનમાલનું ભારે નુકસાન થયું છે.પીપલ્સ આર્મ્ડ પોલીસની શિગાઝે ટુકડીના કુલ ૧૪૫ અધિકારીઓ અને સૈનિકોને કટોકટી રાહત કામગીરીમાં મદદ કરવા માટે અસરગ્રસ્ત સરહદી વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે.

### ન્યૂ યોર્કમાં

છે. જોકે મમદાનીએ કહ્યું હતું કે આ ખાનગી કાર્યક્રમને રદ કરવાનું કદાચ આ શહેરના અધિકાર ક્ષેત્રમાં નથી. આરએસએસના શતાબ્દીના કાર્યક્રમની વૈશ્વિક સ્તરે ઉજવણી કરવાના ભાગરૂપ ભાગવત મંગળવારે અમેરિકા આવી પહોંચ્યા હતા. આ પ્રવાસ દરમિયાન ભાગવત કેનેડા અને યુકેની મુલાકાતે પણ જશે. ૨૯ ઑગસ્ટે ભાગવત અમેરિકાના આઈકોનિક મૅડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે ભારતીય સમુદાયના અંદાજે ૫,૦૦૦ લોકોને સંબોધન કરશે. ભાગવતના આ સુનિયોજિત કાર્યક્રમનો અનેક નાગરિકી અધિકાર સંસ્થાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. પત્રકારોને આપેલી મુલાકાતમાં ભારતીય મૂળના મમદાનીએ કહ્યું હતું કે હું આ કાર્યક્રમને સમર્થન નથી આપતો, પરંતુ મને નથી ખબર કે આ ખાનગી કાર્યક્રમને રદ કરવાનો આ શહેરને અધિકાર છે કે નહીં. (એજન્સી)

### ભૂકંપને લીધે

સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું હતું. વૈજ્ઞાનિકો બરફના હિમપ્રપાત અને અચાનક આવેલા પાણીના પ્રવાહ વચ્ચેની સંભવિત કડીની પણ તપાસ કરી રહ્યા છે. કાઠમંડુ પોસ્ટના એક રિપોર્ટ અનુસાર, કાઠમંડુ યુનિવર્સિટીના પ્રોફેસર અને આબોહવા સંશોધક રિજન ભક્ત કાયસ્થે જણાવ્યું હતું કે પ્રારંભિક મૂલ્યાંકનમાં કહેવામાં આવ્યું છે કે બરફના હિમપ્રપાતે લ્હેંડે નદીનો રસ્તો રોકી દીધો હતો જેનાથી પાણી એકઠું થયું અને અચાનક પાણી ધસી આવ્યું હતું અને ભોટે કોશી નદીમાં આવ્યું હતું. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેએ સવારે ૮ઃ૩૭ વાગ્યે તિબેટના વિસ્તારમાં ૪.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જે ગોસાઈકુંડથી લગભગ ૪૭ કિલોમીટર ઉત્તરમાં આવેલું છે. એએફપીના જણાવ્યા અનુસાર, અધિકારીઓએ જણાવ્યું હતું કે, તિબેટ તરફથી આવતી ભોટે કોશી નદીમાં સવારે ૯ વાગ્યે પૂર આવ્યું હતું, જેનાથી તિબેટ અને કાઠમંડુના દક્ષિણપશ્ચિમમાં નુવાકોટ જિલ્લાની સરહદે આવેલા રસુવા અને ધાડિંગ જિલ્લાઓને અસર થઈ છે.

### અમેરિકી વિઝા

બારીકાઇથી તપાસવા માટે કૉન્સ્યુલર ઑફિસર્સને ખાસ તાલીમ આપી રહ્યું હોવાનું કહેવાય છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વિઝાના અરજદારો અમેરિકા આવ્યા બાદ નપબ્લિક ચાર્જથ (અમેરિકી સરકારની આર્થિક સહાય પર નિર્ભર) બની ન જાય, તે માટે પગલાં લેવાથી અમેરિકાને વધુ સમૃદ્ધ બનવામાં મદદ મળશે. આવા લોકોને અમેરિકા આવતા રોકીને બચતા નાણાં અમેરિકાના લોકોના લાભાર્થે વાપરી શકાશે.પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકાની દરેક વિઝા અરજીને બારીકાઇથી તપાસવા માટે અમેરિકાના વિદેશ મંત્રાલયે દુનિયાભરમાંના કૉન્સ્યુલર ઑફિસર્સ માટે ઑગસ્ટમાં જ તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો હતો.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તાજેતરમાં વિઝા ફી વધારવા સહિતના વિવિધ પગલાં લેવાઇ રહ્યા છે. અમેરિકાની સરકારે નવી એચ-વનબી વિઝાની ફી વધારીને ૧,૦૩,૨૬૫ ડૉલર કરવાની જાહેરાત કરી, તેના એક દિવસ પછી જ દુનિયાભરમાંની વિઝા અરજીની અપૉઇન્ટમેન્ટ્સ અટકાવી દેવાઇ છે.

એચ-વનબી વિઝા નોન-ઇમિગ્રન્ટ વિઝા છે અને તેના દ્વારા અમેરિકાની કંપનીઓ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વિદેશી નિષ્ણાતોને ઊંચા પગારે કામ પર રાખે છે. આવા વિઝાના અરજદારોની સંખ્યા ભારત અને ચીનમાં સૌથી વધારે છે.અમેરિકાના વિદેશ મંત્રાલયના એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે વિદેશીઓના વિઝા રદ કરીને કદાચ તેઓનો તાત્કાલિક દેશનિકાલ નહિ કરાય. જે વિદેશીઓના રાજકીય આશ્રયના કેસ પેન્ડિંગ છે, તેઓનું ફરી વર્ગીકરણ કરાશે, પરંતુ આ વિદેશીઓ પોતાનું બિઝનેસ કે ટૂરિઝમ ટ્રાવેલર્સનું સ્ટેટસ ગુમાવશે. (એજન્સી)

### યુક્રેન પર

એજન્સી સાથે સંપર્કમાં હતા પરંતુ તેમણે પુતિન સાથે વાત કરી ન હતી.રેટક્લિફની મુલાકાતના ઉદ્દેશ વિશે જાત-જાતની અટકળો થઈ રહી છે. જોકે આમાં રશિયા દ્વારા યુક્રેન પર અણુહુમલા કરવાની શક્યતા હોવાને લીધે તેઓ મૉસ્કો આવ્યા હોવાની અટકળે ખાસ્સું જોર પકડ્યું છે.ન્યૂઝ એજન્સી એએફપીએ કહ્યું હતું કે રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે જાસૂસી એજન્સીઓ મારફતે સંપર્ક થયો હતો પરંતુ તેમની રશિયાના પ્રમુખ સાથે કોઈ પણ બેઠક થઈ નથી. સીબીએસ ન્યૂઝના અહેવાલ મુજબ, રેટક્લિફની અમેરિકાની મુલાકાત એવા સમયે આવી છે જ્યા અમેરિકાની જાસૂસી એજન્સીઓએ સંકેત આપ્યો હતો કે વ્લાદિમીર પુતિન યુક્રેન સહિત નાટોના સાથીઓ સામે ઉશ્કેરણીજનક કાર્યવાહી કરવાની યોજના બનાવી રહ્યા છે.

### રાજસ્થાન હાઈ કોર્ટના

જજે વધુમાં આક્ષેપ કર્યો છે કે શર્માએ રોસ્ટરના વડા હોવાથી તેમણે પસંદગી કરીને અમુક કેસ પોતાની બેન્ચને ટ્રાન્સફર કર્યા છે અને આમાં વગદાર અને સંપત્તીવાન ફરિયાદીના કેસોનો સમાવેશ થાય છે. જસ્ટિસ મહેતા મે ૨૦૧૧માં રાજસ્થાન હાઈ કોર્ટના જજ બન્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૩માં તેઓ ગુવાહાટી વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા. એ જ વર્ષે નવેમ્બરમાં તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે બઢતી અપાઈ હતી. જસ્ટિસ મહેતાએ મુખ્ય ન્યાયમૂર્તિના ધ્યાન પર એવા અનેક દાખલાઓ લાવ્યા હતા જેમાં બીજી બેન્ચ સમક્ષ રહેલા કેસ પણ 'કોઈ વાજબી કારણ' વગર શર્માની કોર્ટમાં ટ્રાન્સફર કરાયા હતા.

### ભારત બનતી

ઓછામાં ઓછા એક ડઝન હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને નુકસાન થયું છે. ઍક્સ પરની એક પોસ્ટમાં મોદીએ કહ્યું હતું કે, વડા પ્રધાન બાલેન્દ્ર શાહ સાથે વાત કરી અને નેપાળમાં પૂરને કારણે થયેલી જાનહાનિ પર સંવેદના વ્યક્ત કરી. ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં નેપાળમાં તેમની બહેનો અને ભાઈઓ સાથે એકતામાં ઉભા છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત નેપાળને શક્ય તમામ માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

### મેટાનું અમેરિકામાં

રાજયના ગ્રાહક સંરક્ષણના ઈતિહાસમાં આ સૌથી મોટો કરાર છે. જોન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વર્ષો સુધી મેટાએ હેતુપૂર્વક લોકોને ઘેલછા લગાડી અને નુકસાનકારક ડિઝાઈન ફીચર આપ્યા જેનાથી યુવાનોના માનસિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર થઈ હતી. હવે પતાવટને લીધે આ ખતરનાક પ્રણાલીનો અંત આવશે અને અર્થપૂર્ણ રાહત મળશે જે બાળકોને ઓનલાઈન નુકસાનથી બચાવશે.

મેટાએ તત્કાલ કોઈ ટિપ્પણી આપી નહોતી. (એજન્સી)

# મુંબઈ કોસ્ટલ રોડઃ વર્સોવા-ભાયંદર વચ્ચે ટનલનું ખોદકામ આવતા વર્ષે શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાત ફેઝમાં બનાવવામાં આવી રહેલા મુંબઈ કોસ્ટલ રોડ(ઉત્તર) પ્રોજેક્ટ હેઠળ વેસાવે (વર્સોવા)-ભાયંદર એકબીજા સાથે જોડાઈ જવાના છે, જેમાં ચોથા ફેઝમાં મલાડથી ચારકોપ ખાડી વચ્ચે ટ્વિન ટનલ બનાવવામાં આવવાની છે. ટનલના ખોદકામ માટે ટીબીએમ મશીનના છૂટ્ટા ભાગ ડિસેમ્બરમાં ઉપલબ્ધ થયા બાદ છેક માર્ચ મહિનાથી ટનલનું ખોદકામ શરૂ થાય એવી શકયતા પાલિકાના ઉચ્ચ અધિકારીએ વ્યક્ત કરી હતી.

મુંબઈ મહાનગરમાં ઝડપી ટ્રાફિક માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૬૦ કિલોમીટર લાંબો મુંબઈ કોસ્ટલ રોડ(ઉત્તર) મેગા પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં વેસાવે (વર્સોવા)-ભાયંદર એકબીજા સાથે જોડાઈ જશે. તેથી અત્યારે ૯૦થી ૧૨૦ મિનિટનો પ્રવાસ ફકત ૧૫થી ૨૦ મિનિટમાં પાર કરવું શક્ય બનવાનું છે.

આ મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર)નું કામ એ,બી, સી, ડી, ઈ, એફ અને દહિસર-ભાયંદર લિંક રોડ એમ કુલ સાત પેકેજમાં વહેંચી દેવામાં આવ્યું છે. અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડબલ એલિવેટેડ રોડ, મેનગ્રોવ્ઝ વિસ્તારમાં એલિવેટેડ રોડ, બે કેબલ આધારિત બ્રિજ, ચાર બાસ્કેટ બ્રિજ અને લગભગ ૧૫ મીટર વ્યાસની બે ટ્વિન ટનલ સહિત ૧૦ ઈન્ટરચેન્જ જેવી વિવિધ પાયાભૂત સુવિધા ઊભી કરવામાં આવવાની છે.

પેકેજ સીમાં માઈન્ડસ્પેસ મલાડથી ચારકોપ ખાડી દરમ્યાન ઉત્તર દિશામાં જતી ૩.૯ કિલોમીટર લાંબી ટનલ અને પેકેજ ડીમાં ચારકોપ ખાડીથી માઈન્ડ સ્પેસ મલાડ દરમ્યાન દક્ષિણ દિશામાં જનારી ૩.૯ કિલોમીટર લાંબી ટ્વિન ટનલનો સમાવેશ થાય છે. એડિશનલ કમિશનર અભિજિત બાંગરે બુધવારે સાઈટ પર ઈન્સ્પેકશન દરમ્યાન કામ ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

પાલિકાના રોડ અને ટ્રાફિક વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચારકોપમાં ટનલના બાંધકામ માટે શાફ્ટ ઊભા કરવામાં આવવાના છે, તે માટે ૬૫ મીટર બાય ૪૦ મીટર ક્ષેત્રફળની જગ્યા પર ખોદકામ શરૂ કરવામાં આવ્યું હોઈ પાયલિંગનું કામ શરૂ છે. ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ના છૂટા ભાગ ડિસેમ્બર, ૨૦૨૬માં ઉપલબ્ધ થયા બાદ બે મહિનામાં તેના છૂટા ભાગને જોડવામાં આવશે અને ત્યારબાદ ખોદકામ શરૂ થાય એવી અપેક્ષા છે. તો આગામી જૂન મહિનામાં બીજા ટીબીએમના છૂટ્ટા ભાગોને જોડીને બીજી ટનલનું ખોદકામ શરૂ કરવાનું આયોજન છે. ■

# રક્ષાબંધનને દિવસે બેસ્ટ દોડાવશે વધારાની બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રક્ષાબંધનના તહેવારના દિવસે મુંબઈગરાની સુવિધા માટે બેસ્ટ ઉપક્રમ દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તારો માટે વધારાની બસ દોડાવવામાં આવવાની છે.

બેસ્ટ ઉપક્રમ દ્વારા શુક્રવાર, ૨૮ ઑગસ્ટના મુંબઈ શહેર અને ઉપનગરમાં વિવિધ ઠેકાણે પ્રવાસ કરવા માગતા નાગરિકો માટે બેસ્ટ ઉપક્રમ મારફત શહેર અને ઉપનગરમાં જુદા જુદા રૂટ પર કુલ ૧૩૬ વધારાની બસ દોડાવવામાં આવશે. આ બસ સવારના ૧૦.૩૦ વાગ્યાથી દિવસભર ચાલુ રહેશે. જે રૂટ પર વધારાની ભીડ જણાઈ આવશે ત્યા આવશ્યકતા અનુસરા વધારાની બસ દોડાવવાની વ્યવસ્થા કરવામાં આવશે. પ્રવાસીઓની મદદ માટે બસ સ્ટોપ ટિકિટ ચેકર સહિત ટ્રાન્સપોર્ટ ઓફિસર હાજર રહેશે. ■



"ચાલો, 'નંદોત્સવ'ની ભક્તિમય વધામણીના કાર્યક્રમમાં"... લાલુભાઈ

નંદોત્સવની વધામણીનો કાર્યક્રમ શનિવાર, તા. ૨૯ ઑગસ્ટ રાત્રે ૭.૩૦ વાગે ભારતીય વિદ્યાભવન; ચોપાટી ખાતે સંગીત, નૃત્ય સાથે કલાત્મક રીતે ભજવાશે. દુનિયાભરમાં ખૂબ જ જાણીતા Respected Singer પંડિત સુખદેવ ચતુર્વેદી જે હવેલી સંગીતમાં માહીર છે, તેઓ નૃત્ય અને ભવ્ય Carnival જોડે રજૂ કરશે. આ કાર્યક્રમ ખૂબ જ જાણીતી 'સમન્વય event' સંસ્થા પ્રસ્તુત કરી રહ્યો છે. Contact Gagan - 9867768760.

# લોકલ ટ્રેનમાં ૨૪ કલાકમાં મારામારીના બન્યા બે હિંસક બનાવ

## મહિલા અને પુરુષ કોચના વીડિયો વાઈરલ

મુંબઈઃ મુંબઈની લોકલ ટ્રેનમાં રોજેરોજ મારપીટના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં મારામારીની બે ઘટના બની હતી, જે હિંસક ઘટના હતી. એક બનાવમાં પુરુષ કોચમાં બે યુવકો વચ્ચે હિંસક મારપીટ થઈ હતી, જ્યારે બીજા બનાવમાં બે મહિલાઓની વચ્ચે જોરદાર મારપીટ થઈ હતી. આ બંને બનાવના વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયા પછી લોકોએ પ્રવાસીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મુંબઈ લોકલ ટ્રેન મુંબઈગરા માટે જીવાદોરી સમાન છે, દરરોજ લાખો મુસાફરો સવારે અને સાંજના પીક અવર્સમાં મુસાફરી કરતા જોવા મળે છે, ત્યારે પીકઅવર્સના સમયે પ્રવાસીઓને બેસવાની જગ્યા મેળવવા માટે એકબીજા સાથે ઘણીવાર બોલાચાલી કરવામાં આવે છે. તાજેતરમાં બનેલી ઘટનાના વાઈરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ચાલતી ટ્રેનમાં પ્રવાસીઓથી ખીચોખીચ ભરેલ પુરુષ કોચમાં બે વ્યક્તિ એકબીજા સાથે ઉગ્ર બોલાચાલી બાદ મારપીટ કરતા જોવા મળ્યા હતા. અન્ય પ્રવાસીઓ વચ્ચે પડતા તેમણે બંનેને છૂટા પણ પાડ્યા હતા. છૂટા પડ્યા બાદ પણ બંને એકબીજાને ગાળો આપતા હતા. જોકે, બંને વચ્ચે કઈ બાબતને લઈ વિવાદ થયો એ જાણવા મળ્યું નથી, પરંતુ વીડિયોને લઈ લોકોએ અનેક પ્રકારના તર્ક-વિતર્ક વ્યક્ત કર્યા હતા.

મહિલા પ્રવાસી કોચમાં અન્ય બે મહિલાઓ વચ્ચે ઝઘડા અને મારામારીનો વીડિયો પણ સામે આવ્યો હતો. જાણકારી અનુસાર આ ઘટના બદલાપુર-સીએસએમટી લોકલ ટ્રેનમાં બની હતી. જેમાં વાઈરલ વીડિયોમાં બે મહિલાઓ ચાલતી લોકલ ટ્રેનમાં એકબીજાના વાળ ખેંચી અને મારામારી કરતી જોવા મળી હતી. લોકલ ટ્રેનમાં હાજર અન્ય મહિલાઓએ આ બંને મહિલાઓને છોડાવવાના પ્રયત્નો પણ કર્યા હતા, પરંતુ બંનેનો ઝઘડો એટલી હદે વકરી ગયો હતો કે બંનેએ એકબીજાને મારવાનું શરૂ રાખ્યું હતું.

આ મારામારી પાછળનું કારણ હજી જાણવા મળ્યું નથી. અમુક સોશિયલ મીડિયા યુઝર્સના મતે પર્સનલ ઇસ્યુ કે જગ્યાના અભાવે આ ઝઘડો થયો હોવાનું કારણ જાણવા મળ્યું હતું, પરંતુ કોઈ અધિકૃત જાણકારી મળી નહોતી. મુંબઈના સબર્બન રેલવે નેટવર્કમાં લોકલ ટ્રેનમાં અવારનવાર બનતી આવી ઘટનાઓના લીધે પ્રવાસીઓની સલામતી અને સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

જીઆરપી અને રેલવે અધિકારીઓ આ ઘટનાના વાઈરલ ફૂટેજ અને સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. અધિકારીઓ આ વીડિયોની સચોટતા અને આગળની કાર્યવાહી કરવા માટે મુસાફરોની ઓળખ ચકાસી રહ્યા છે. લોકલ ટ્રેનમાં આવી વધતી જતી હિંસક ઘટનાઓ ઉપનગરીય નેટવર્કમાં દરરોજ મુસાફરી કરતા પ્રવાસીઓ માટે ચિંતાનો વિષય બનતું જાય છે. ■

# બાકી બિલના કારણે મુંબઈમાં વધુ એક કોન્ટ્રાક્ટરની આત્મહત્યા

મુંબઈઃ મુંબઈમાં સરકારી કોન્ટ્રાક્ટર ગજાનન દેવકાતેએ આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. પૈસા બાકી હોવાના મામલે તેમણે એક વર્ષ પહેલાં સરકારી એન્જિનિયરને પત્ર પણ લખ્યો હતો. કામ કર્યા પછી પણ સમયસર પૈસા મળતા નથી અને બિલ પાસ કરાવવા માટે દસ વાર ધક્કા ખાવા પડે છે, તેવો ઉલ્લેખ તેમણે આ પત્રમાં કર્યો હતો. આખરે સતત માનસિક અને આર્થિક ત્રાસના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. હાલ સરકાર પાસે તેમના જ ૯૦ કરોડ રૂપિયા બાકી છે. રાજ્યમાં ફરી એકવાર કોઈ કોન્ટ્રાક્ટરે આત્મહત્યા કરી હોવાની ઘટનાથી ભારે ચકચાર મચી છે.

દરમિયાન, રાજ્યમાં બાકી બિલ મુદ્દે કોન્ટ્રાક્ટરો દ્વારા આંદોલન શરૂ કરાયું છે અને તાજેતરમાં જ કોન્ટ્રાક્ટરોએ મનસે અધ્યક્ષ રાજ ઠાકરે સાથે મુલાકાત પણ કરી હતી. આ જ સમયે નવી મુંબઈના કોન્ટ્રાક્ટર ગજાનન દેવકાતેએ આત્મહત્યા કરી લેતાં રાજકારણ ગરમાવાની શક્યતા છે. રાજ્યમાં કોન્ટ્રાક્ટરે આત્મહત્યા કરી હોય તેવી આ બીજી ઘટના છે. ગજાનન દેવકાતેએ મુંબઈ મહાનગરપાલિકાનું ૨ કરોડ રૂપિયાનું કામ કર્યું હતું અને એક વર્ષ પહેલાં એન્જિનિયરને પત્ર લખીને પરિવારના ગુજરાન તથા બાકી પૈસા ન મળવા અંગે સવાલ ઉઠાવ્યા હતા, પરંતુ પ્રશાસને સમયસર કોઈ નોંધ ન લેતાં આખરે તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું. ■

# પોલીસની ત્વરિત કાર્યવાહીએ મહિલાનો જીવ બચાવ્યો

લાતુર (મહારાષ્ટ્ર): જિલ્લાના ઉદગીર પોલીસ સ્ટેશનની ટીમે બુધવારે '૧૧૨' નંબર પર આવેલા ઈમરજન્સી કોલના પગલે ત્વરિત કાર્યવાહી કરી ઘટનાસ્થળે પહોંચીને એક પરિણીત મહિલાને આત્મહત્યા કરતા અટકાવી હતી. એક સત્તાવાર નિવેદન અનુસાર, પોલીસને વહેલી સવારે માહિતી મળી હતી કે કૌટુંબિક વિવાદને કારણે એક મહિલા બાનશેલકી ડેમમાં કૂદીને આત્મહત્યા કરવા જઈ રહી છે. ઉદગીર ગ્રામીણ પોલીસના કર્મચારી ફારૂક શેખ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તેને આત્યંતિક પગલું ન ભરવા માટે સમજાવી હતી. તેનો પતિ અને ભાઈ પણ ત્યાં પહોંચી ગયા હતા. ત્યારબાદ તે મહિલાને નજીકના પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી હતી.

તેણે પોલીસને જણાવ્યું કે તે છેલ્લાં કેટલાક દિવસોથી બીમાર હતી અને તેના પતિએ તેના સ્વાસ્થ્યના ખબર-અંતર પૂછ્યા ન હોવાથી તે ખૂબ જ વ્યથિત હતી. તેને જરૂરી કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવ્યું હતું, તેમ નિવેદનમાં જણાવાયું હતું. (પીટીઆઈ)■

# બૉયફ્રેન્ડે કરેલા કોયતાના આઠ ઘાથી જખમી પાલઘરની ઉચ્ચ અધિકારીનું બે મહિને મૃત્યુ

પાલઘરઃ પ્રેમ પ્રકરણના વિવાદમાં બૉયફ્રેન્ડ દ્વારા કરાયેલા કોયતાના સાતથી આઠ ઘાથી ગંભીર રીતે ઘવાયેલી પાલઘરની ઉચ્ચ અધિકારીનું આખરે બે મહિને હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

પાલઘર જિલ્લાધિકારી કાર્યાલયમાં ફરજ બજાવતી મહેસૂલી અધિકારી સ્નેહલ સાવંત પર ૧૨ જૂને ગોલ્ડ સિનેમા પાસેની ગલીમાં કોયતાથી હુમલો થયો હતો. આ ભયાનક હુમલાની ઘટના ઈમારત બહારના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલી સાવંતને પુણેની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આખરે બે મહિના બાદ બુધવારે તેનું મૃત્યુ થયું હતું. પોલીસ સૂત્રો અનુસાર પ્રેમ પ્રકરણમાં વિવાદને પગલે અમોલ મુળેએ આ હુમલો કર્યો હતો. સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ સ્નેહલ ઘરે જવા નીકળી ત્યારે મુળેએ કોયતાના સાતથી આઠ ઘા ઝીંક્યા હતા. ગંભીર હાલતમાં સ્નેહલને પહેલાં પાલઘરની ગ્રામીણ હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી. વધુ સારવાર માટે તેને પુણેની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. દરમિયાન હુમલા બાદ ફરાર થઈ ગયેલા મુળેની શોધ માટે પોલીસની અલગ અલગ ટીમ બનાવાઈ હતી. બે દિવસની તપાસ પછી આખરે વરખુંટી પરિસરમાંથી તે પકડાયો હતો. અત્યારે અદાલતી કસ્ટડીમાં રહેલા મુળેને થાણે સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો છે. તે સમયે પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો હતો, પરંતુ હવે સ્નેહલના મૃત્યુને પગલે હત્યાની કલમ ઉમેરવાની પ્રક્રિયા પોલીસે હાથ ધરી હતી.■

# મહારાષ્ટ્રના જવાનને રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી

બીડઃ ટૂંકી માંદગી બાદ પુણેની હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન પામેલા સેનાના એક જવાનના મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં આવેલા તેમના વતન ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આર્મી ગનર કિશોર લક્ષ્મણ વાઘમારેનું ૨૨ ઓગસ્ટના રોજ પુણેની કમાન્ડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું હતું. જિલ્લા માહિતી કાર્યાલય દ્વારા જારી કરાયેલ નિવેદન અનુસાર, રવિવારે કૈજ તાલુકાના કલામામ્બા સ્થિત તેમના વતન ખાતે સંપૂર્ણ લશ્કરી અને રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. વાઘમારે છેલ્લા આઠ વર્ષથી સશસ્ત્ર દળમાં સેવા આપી રહ્યા હતા.

તેમના અવસાન બાદ, તેમના પાર્થિવ દેહને તેમના વતન લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પરિવારના સભ્યો, સ્થાનિકો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. રાષ્ટ્ર પ્રત્યેની તેમની સેવાના સન્માનરૂપે પોલીસ ટુકડીએ તેમને 'ગાર્ડ ઓફ ઓનર' આપ્યું હતું.


કૈજના તહસીલદાર, જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી અને યુસુફવડગાંવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વાઘમારેના પરિવારમાં તેમના પત્ની, પુત્ર, પુત્રી, માતા-પિતા અને ભાઈનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

# ચોરીના કેસનો આરોપી પંદર વર્ષ બાદ ઝડપાયો

નાંદેડઃ નાંદેડમાં ચોરીના કેસમાં ફરાર આરોપીને પંદર વર્ષ બાદ બીડ જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. નાંદેડ પોલીસની ટીમ મંગળવારે મળેલી માહિતીને આધારે બીડ જિલ્લાના કેજ તહેસીલમાં આવેલા સાવલેશ્વર ખાતે ગઇ હતી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નજીકથી આરોપીને તાબામાં લીધો હતો, જેની ઓળખ ઝુંબેર ચંદર કાળે તરીકે થઇ હતી.

પૂછપરછમાં આરોપી કાળેએ ૨૦૧૧માં હડગાંવ તહેસીલમાં ઘરમાં થયેલી ચોરીમાં પોતે સંડોવાયેલો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કેસના રેકોર્ડ તપાસતાં નાંદેડના તામસા પોલીસ સ્ટેશનમાં દાખલ ગુનામાં તે ફરાર હોવાનું જાણવા મળ્યું હતું. (પીટીઆઇ)■

પિતૃ-ઋણ તર્પણ..



ગો.વા. મથુરાદાસ (નાનુભાઈ) માધવજીભાઈ તન્ના
ગોલોકવાસ : મંગળવાર, તા.૨૫/૦૮/૨૬ (ઉં.વ.૮૯)

જેમની આંગળી પકડી જગત જોતાં શીખ્યા,
જેમની કર્મનિષ્ઠાએ અમને પરિશ્રમને પારસમણિ કરતાં શીખવાડ્યું;
જેમના વાત્સલ્યના છાંયડામાં સંસારનો મધુર રસ પીધો
અને જેમની શ્રદ્ધાએ અમારી ધર્મપ્રીતિ ઊંડી અને
પવિત્ર બનાવી એવા પુણ્યાત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

ગો.વા. માધવજીભાઈ હરજીભાઈ તન્ના પરિવાર, કલ્યાણના જય શ્રીકૃષ્ણ...!

પ્રાર્થના સભા : ગુરૂવાર, તા.૨૭/૦૮/૨૦૨૬, સાંજે ૪:૩૦ થી ૬:૦૦, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, કલ્યાણ – (પ.)

અતુલ ઠક્કર : 9820042384

# અકસ્માત મૃત્યુદર ઘટાડવા ૧૧ જિલ્લામાં સરકારની વિશેષ ઝુંબેશ

**રસ્તાઓ, ટ્રોમા કેર અને અમલીકરણ પર ધ્યાન અપાશે**

મુંબઈઃ મહારાષ્ટ્રે કેન્દ્રના 'ઝીરો ફેટાલિટી ડિસ્ટ્રિક્ટ' (ઝેડએફડી) કાર્યક્રમ હેઠળ સઘન માર્ગ સુરક્ષા માટે અકસ્માતની વધુ સંભાવના ધરાવતા ૧૧ જિલ્લાઓની ઓળખ કરી છે. આ પગલું કડક અમલીકરણ, સુરક્ષિત રસ્તાઓ અને ઝડપી કટોકટીની સારવાર દ્વારા માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુદર ઘટાડવાના પ્રયાસરૂપે લેવામાં આવ્યું છે.

મુંબઈમાં આ અઠવાડિયે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા આયોજિત ત્રીજી પ્રાદેશિક 'મંથન' કાર્યશાળાની અધ્યક્ષતા કરનાર સુપ્રીમ કોર્ટની માર્ગ સુરક્ષા સમિતિના અધ્યક્ષ જસ્ટિસ અભય મનોહર સપ્રે (નિવૃત્ત)ની મુલાકાત દરમિયાન રાજ્યના પરિવહન વિભાગ દ્વારા આ રોડમેપ રજૂ કરવામાં આવ્યો હતો.

પુણે, નાશિક, અહિલ્યાનગર, નાગપુર, થાણે, સોલાપુર, સતારા, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ અને અમરાવતી જિલ્લાઓ, મહારાષ્ટ્રના માર્ગ અકસ્માતોમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.

માર્ગ સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વ્યૂહરચના માત્ર ટ્રાફિક નિયમોના અમલીકરણ પૂરતી સીમિત નથી, પરંતુ તે અકસ્માત નિવારણ અને અકસ્માત બાદની કાર્યવાહીની સમગ્ર પ્રક્રિયાને આવરી લેવાનો પ્રયાસ છે. જોખમી ગણાતા માર્ગની ઓળખ કરવી અને તેમાં સુધારા કરવા એ મુખ્ય પ્રાથમિકતા છે. મહારાષ્ટ્રે તેના માર્ગ નેટવર્ક પર એવા ૬૦૦થી વધુ 'અકસ્માત બ્લેક સ્પોટ્સ' (વારંવાર અકસ્માતો થતાં સ્થળો)ની ઓળખ કરી લીધી છે.

સત્તાવાળાઓએ અકસ્માત બાદ નિર્ણાયક "ગોલ્ડન અવર" દરમિયાન કટોકટીને પહોંચી વળવાના પ્રયાસોને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્વરિત તબીબી સારવારથી મૃત્યુદરમાં ૬૦% સુધીનો ઘટાડો કરી શકાય છે.

રાજ્ય ટ્રોમા કેર સુવિધાઓનો વિસ્તાર કરી રહ્યું છે, 'ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ' જેવી ટેક્નોલોજી-આધારિત અમલીકરણ પ્રણાલીઓ અમલમાં મૂકી રહ્યું છે અને તાલીમબદ્ધ 'ફર્સ્ટ રિસ્પોન્ડર્સ'નું નેટવર્ક ઊભું કરવા માટે 'સડક સુરક્ષા મિત્ર' પહેલને પ્રોત્સાહન આપી રહ્યું છે.

પ્રાદેશિક પરિવહન અધિકારી અનિલ પાટીલે જણાવ્યું હતું કે સુરક્ષિત રસ્તાઓ, કડક અમલીકરણ, બહેતર ટ્રોમા કેર (ઈજા બાદની તાત્કાલિક સારવાર) અને જનભાગીદારીનો સંયુક્ત અભિગમ મહારાષ્ટ્રના 'શૂન્ય માર્ગ અકસ્માત મૃત્યુ'ના મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય તરફ આગળ વધવાના પ્રયાસોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે; આ એવું લક્ષ્ય છે જે દર વર્ષે હજારો લોકોના જીવ બચાવી શકે છે.

# નાંદેડમાં પાંચ વર્ષની બાળકી સાથે આચર્યું દૃષ્કર્મઃ પડોશીની ધરપકડ

નાંદેડઃ નાંદેડ જિલ્લામાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવા બદલ પડોશમાં રહેતા યુવકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જિલ્લાના સોનખેડ પોલીસ સ્ટેશનની હદમાં સોમવારે આ ઘટના બની હતી અને પોલીસે ૩૦ વર્ષના આરોપીને મંગળવારે પરભણી જિલ્લામાંથી પકડી પાડ્યો હતો.

બાળકી પોતાના ઘરની બહાર રમી રહી હતી ત્યારે આરોપી ત્યાં આવ્યો હતો અને ચોકલેટની લાલચ આપી તેને પોતાની સાથે લઇ ગયો હતો. બાદમાં તેણે બાળકીને વાસનાનો શિકાર બનાવી હતી. અડધો કલાક બાદ બાળકી રડતી રડતી પોતાના ઘરે પાછી ફરી ત્યારે પરિવારજનોને શંકા ગઇ હતી. તેમણે બાળકીની પૂછપરછ કરતાં ઘટના પ્રકાશમાં આવી હતી.

દરમિયાન બાળકીના પરિવારે આ પ્રકરણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીને પકડવા માટે પોલીસની અનેક ટીમ તૈયાર કરાઇ હતી અને તેમને અલગ અલગ સ્થળે રવાના કરવામાં આવી હતી.

પોલીસ ટીમે મંગળવારે પરભણી જિલ્લાના પાલમ તહેસીલમાં સ્મશાનભૂમિ નજીક ઝાંડીઝાંખરામાં છુપાયેલા આરોપીને તાબામાં લીધો હતો. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.(પીટીઆઇ)■

# થાણેમાં એક હજાર રૂપિયાની લાંચ માગી

## મહિલા સરકારી વકીલની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં મિલકત સંબંધી કેસોમાં પોતાને અનુકૂળ જવાબ રજૂ કરવા માટે એડવોકેટ પાસેથી એક હજાર રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહિલા સરકારી વકીલની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

૩૬ વર્ષની મહિલા વકીલ ઉલ્હાસનગરમાં જુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ મિલકત પરત કરવા સંબંધી બે અરજીમાં ક્લાયન્ટનું પ્રતિનિધિત્વ કરી રહી હતી, જેમાં સાયબર અને ફાઇનાન્શિયલ ફ્રોડ કેસોમાં સ્થગિત કરાયેલું ભંડોળ મુક્ત કરવાની માગ કરવામાં આવી હતી.

કોર્ટમાં કાર્યરત સહાયક સરકારી વકીલે પોતાનો જવાબ રજૂ કરવા માટે પ્રત્યેક અરજી માટે પાંચસો રૂપિયાની માગણી કરી હતી, જેને પગલે એડવોકેટે એસીબીનો સંપર્ક સાધ્યો હતો.

૬ ઑગસ્ટે એસીબીના અધિકારીઓએ કોર્ટમાં ચકાસણી કરી હતી, જ્યાં આરોપી વકીલે સ્વતંત્ર સાક્ષીદારની હાજરીમાં એક હજાર રૂપિયાની માગણી કરી હતી અને રૂપિયા સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી, એમ એજન્સીએ જણાવ્યું હતું.

દરમિયાન એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું, પરંતુ ફરિયાદી અને સાક્ષીદાર પર શંકા જતાં તેણે રૂપિયા સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ૧૧ ઑગસ્ટે બે કેસમાં અંતિમ આદેશ આવવાના હતા ત્યારે એસીબીના અધિકારીઓએ બીજી વાર છટકું ગોઠવ્યું હતું, પરંતુ આરોપીને ફરીથી પોલીસની હાજરીની શંકા ગઇ હતી અન તેણે રૂપિયા સ્વીકારવાનું ટાળ્યું હતું. ફરિયાદની તપાસ અને ચકાસણી બાદ મંગળવારે આરોપી વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# રત્નાગિરીમાં ગણેશમૂર્તિઓ ભરેલા ટેમ્પોને વેગનઆરે ટક્કર મારી, ત્રણ ઈજાગ્રસ્ત

રત્નાગિરીઃ મહારાષ્ટ્રના રત્નાગિરીમાં મોડી રાતે એક મોટો અકસ્માત થયો હતો, જ્યાં ભરાણે નાકા પાસે વારકરી મઠ નજીક ગણેશજીની મૂર્તિઓ લઈ જઈ રહેલા એક ટેમ્પો સાથે વેગનઆર કાર અથડાતા કારમાં બેઠેલા ત્રણ લોકો ઘાયલ થયા હતાં.

અકસ્માતની તીવ્રતાને કારણે વેગનઆર કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. ટેમ્પો, જે પેણથી સખારગાવ તરફ જઈ રહ્યો હતો, તેને ખાસ નુકસાન થયું નથી. જોકે, ટેમ્પોમાં લાવવામાં આવી રહેલી ગણેશજીની કેટલીક મૂર્તિઓને નુકસાન પહોંચ્યું હતું.

વેગનઆરમાં સવાર લોકો બદલાપુરથી ગણપતિપુલે જઈ રહ્યા હતા અને તેમની ઓળખ રોહન બાલકૃષ્ણ બાલસરાફ, સોનલ ચૌહાણ અને કોમલ શિરકે તરીકે થઈ છે. અકસ્માત બાદ, ત્રણેય ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી એક મહિલાને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ■

# દેવનાર ડમ્પિંગ યાર્ડમાંથી કચરાના પહાડો થશે દૂરઃ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી

મુંબઈઃ છેલ્લાં ઘણા વર્ષોથી દેવનાર ડમ્પિંગ યાર્ડ ખાતે એકઠા થયેલા કચરાના પહાડો સાફ કરવાના મુંબઈ મહાનગરપાલિકાના પ્રોજેક્ટને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે મંજૂરી આપી દીધી છે. આ વર્ષના એપ્રિલ મહિનામાં મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા પણ આ કચરાના નિકાલ માટે મંજૂરી આપવામાં આવી હતી, જેના કારણે હવે આ કચરો હટાવવાની કામગીરીમાં ઝડપ આવશે. દેવનાર ડમ્પિંગ યાર્ડ ખાતે છેલ્લાં લગભગ સો વર્ષોથી મુંબઈમાંથી કચરો લાવીને ઠાલવવામાં આવી રહ્યો છે, જેના લીધે અહીં કચરાના મોટા પહાડો ખડકાઈ ગયા છે. દેવનાર ડમ્પિંગ યાર્ડની જમીન ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે આપવામાં આવનાર હોવાથી આ ડમ્પિંગ યાર્ડ ૧૮૫ લાખ ટન કચરાનો નિકાલ કરવામાં આવશે. આ કચરો હટાવવાની કામગીરી મુંબઈ મહાનગરપાલિકા હસ્તક છે. અહીં દરરોજ જમા થતા ૬૦૦ ટન કચરાને લીધે કુલ ૧૮૫ લાખ ટન કચરાના ૩૫ થી ૪૦ મીટર ઊંચા ઢગલા ખડકાઈ ગયા છે. ૨૦૨૫માં આ પ્રોજેક્ટ માટે ૧૨૪.૩ એકર જમીન ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે રોજના ૧૫,૦૦૦ મેટ્રિક ટન બાયોમાઇનિંગ માટે મંજૂરી આપી છે, જેથી ૧૮૫ લાખ ટન કચરા પર પ્રક્રિયા કરીને ૧૧૦ હેક્ટર જમીન ખાલી કરાશે. પ્રક્રિયામાંથી નીકળતું પ્લાસ્ટિક, કાચ અને ધાતુ રસ્તા તથા સિમેન્ટ પ્લાન્ટમાં, માટી ખેતીમાં, અને કોંક્રિટ-રેતી બાંધકામમાં વપરાશે.(પીટીઆઇ)■

# વરસાદની અછતને કારણે મરાઠવાડામાં ખેતીલાયક વિસ્તારમાં સાત ટકાનો ઘટાડો

છત્રપતિ સંભાજીનગર : કૃષિ વિભાગના આંકડા મુજબ, મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં સરેરાશ કરતાં ૨૦.૩ ટકા ઓછો વરસાદ થવાને કારણે આ વર્ષે ખેતીલાયક વિસ્તારમાં લગભગ ૩.૫ લાખ હેક્ટરનો ઘટાડો થયો છે.

વાવેતર વિસ્તાર ૪૬.૧૯ લાખ હેક્ટર છે, જે પાંચ વર્ષની સરેરાશ ૪૯.૭૨ લાખ હેક્ટરની સરખામણીએ સાત ટકા ઓછો અને ગયા વર્ષ કરતાં ૨ લાખ હેક્ટર ઓછો છે, તેમ તેમાં જણાવાયું છે.

મરાઠવાડા જેમાં છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, પરભણી, નાંદેડ, હિંગોલી, ધારાશિવ અને લાતુર જિલ્લાનો સમાવેશ થાય છે, તેમાં ૪૭૯.૧ મિમી વરસાદ પડ્યો છે, જે અપેક્ષિત ૫૮૬.૧ મિમી સામે ૨૦.૩ ટકા ઓછો છે. અન્ય સત્તાવાર અહેવાલ મુજબ પરભણી (૩૪.૭ ટકા) અને લાતુરમાં (૪૦.૬ ટકા) ઓછો વરસાદ થયો છે.

કૃષિ વિભાગે જણાવ્યું છે કે આ ઘટાડો મુખ્યત્વે રોકડિયા પાકોમાં જોવા મળ્યો છે. કપાસના વાવેતર હેઠળનો વિસ્તાર ૨.૬૫ લાખ હેક્ટર ઘટીને ૧૨.૧૪ લાખ હેક્ટર થયો છે, જ્યારે શેરડીનું વાવેતર સરેરાશ ૩.૨૪ લાખ હેક્ટરથી ઘટીને ચાલુ સીઝનમાં માત્ર ૪૩,૮૨૧ હેક્ટર પર આવી ગયું છે. ખેડૂતો સોયાબીન, મકાઈ અને સૂર્યમુખીની ખેતી તરફ વળ્યા છે. સોયાબીન હેઠળના વાવેતર વિસ્તારમાં ૧૨ ટકાનો વધારો થઈને તે ૨૫.૭૪ લાખ હેક્ટર થયો છે, મકાઈનો વિસ્તાર ૫ ટકા વધીને ૨.૬૮ લાખ હેક્ટર થયો છે અને સૂર્યમુખીની ખેતી ૩૯ ટકા વધીને ૨,૨૮૯ હેક્ટર સુધી પહોંચી છે, તેમ તેમાં જણાવાયું છે. (પીટીઆઈ)

### કેગની ટકોર બાદ રેલવે એક્શનમાં

# ૧૦ દિવસમાં સ્ટેશનો પર વોટર કૂલર અને આરો પ્લાન્ટની થશે વિશેષ તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હી/મુંબઈ: રેલવે સ્ટેશનના પરિસરમાં પીવાનું પાણી દૂષિત હોવાના કેગના રિપોર્ટ પછી રેલવે તંત્ર એક્શનમાં આવી ગયું છે. રેલવે મુસાફરો અને કર્મચારીઓને સ્વચ્છ તથા સુરક્ષિત પીવાનું પાણી મળી રહે તેના માટે રેલવે બોર્ડે દેશભરના રેલવે સ્ટેશનો પર વોટર કૂલર, યુવી અને આરો વોટર પ્યુરિફિકેશન સિસ્ટમની વિશેષ તપાસ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ માટે તમામ ડિવિઝનલ રેલવે અને ઉત્પાદન કેન્દ્રોને ૧૦ દિવસની વિશેષ તપાસ ઝુંબેશ ચલાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

આ ઝુંબેશ દરમિયાન સ્ટેશનો પર લગાવવામાં આવેલા વોટર કૂલરની પાણીની ટાંકીઓની સંપૂર્ણ સફાઈ કરવામાં આવશે. ટાંકીમાં કાટ છે કે નહીં, તિરાડ કે પાણી લીક થતું નથી તેની તપાસ કરવામાં આવશે. સાથે જ ટાંકીના ઢાંકણાં અને ગાસ્કેટ યોગ્ય રીતે બંધ થાય છે કે નહીં અને ટાંકી હવાબંધ સ્થિતિમાં છે કે નહીં તેની પણ ચકાસણી કરવામાં આવશે. રેલવે બોર્ડે કૂલર, પાઈપલાઈન અથવા નળમાંથી પાણી લીક થતું જણાય તો તેની તાત્કાલિક મરામત કરવાનો આદેશ આપ્યો છે. પાણી પુરવઠાની વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત રહે અને મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ખામીયુક્ત સાધનોની તાત્કાલિક તપાસ અને સમારકામ કરવાની સૂચના આપવામાં આવી છે.

આ તપાસ અભિયાનમાં વિદ્યુત વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી ગ્રટ અને છ્ય જળશુદ્ધિકરણ પ્રણાલીની કાર્યક્ષમતા પણ તપાસવામાં આવશે. આ મશીનોની નિયમિત જાળવણી, સર્વિસિંગ અને ઓવરહોલિંગ સમયસર કરવામાં આવે છે કે નહીં તેની ચકાસણી કરવાની રહેશે. ઉપરાંત, ફિલ્ટર કેન્ડલ બદલવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ નથી તેની પણ ખાતરી કરવામાં આવશે.

જો કોઈ ગ્રટ અથવા આરો સિસ્ટમ ખામીયુક્ત જણાશે તો તેને તાત્કાલિક રિપેર કરવાની સૂચના આપવામાં આવી છે. જરૂરિયાત જણાય તો જૂની અથવા ખરાબ સિસ્ટમને બદલીને નવી સિસ્ટમ લગાવવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. રેલવે બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોના આરોગ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય તે માટે પાણી શુદ્ધિકરણની વ્યવસ્થાને યોગ્ય સ્થિતિમાં રાખવી જરૂરી છે. આ ઉપરાંત, નબળી, ખરાબ અથવા અસ્વચ્છ સ્થિતિમાં રહેલા વોટર કૂલરને તાત્કાલિક સેવામાંથી દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જો કોઈ કૂલર લાંબા સમયથી જર્જરિત હાલતમાં હોય અને તેની મરામત શક્ય ન હોય, તો તેની જગ્યાએ નવો વોટર કૂલર લગાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

# ગણેશોત્સવના મહાપ્રસાદ આડે એફડીએનું વિઘ્ન

## ભંડારો કરવા માટે કે સોસાયટીમાં જમણવાર રાખવા માટે પણ લાઈસન્સ લેવું પડશેઃ સામાજિક સંસ્થાઓ, સોસાયટીઓમાં ચિંતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવ જેમજેમ નજીક આવતો જાય છે તેમ શહેર અને રાજ્યની અનેક હાઉસિંગ સોસાયટીઓમાં આયોજનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જોકે, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ )ના નવા નિયમોને પગલે હવે સામાજિક સંસ્થાઓ, મંડળો અને હાઉસિંગ સોસાયટીના પદાધિકારીઓમાં મૂંઝવણ ઊભી થઈ છે. આ વર્ષે વિઘ્નહર્તાના ઉત્સવના મહાપ્રસાદમાં એફડીએનો અવરોધ ઊભો થાય તેવો ભય ગણેશ મંડળોમાં જોવા મળી રહ્યો છે. સવાલ એ છે કે સોસાયટી કે મંડળોમાં એક દિવસ માટે મફતમાં મહાપ્રસાદનું વિતરણ કરવા માટે આવે તો પણ એફડીએની નોંધણી અથવા લાઈસન્સ લેવું જરૂરી છે કે નહીં. ગણેશોત્સવ દરમિયાન અનેક મંડળો-સોસાયટીઓમાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. કેટલીક જગ્યાએ સોસાયટીની મહિલાઓ અને રહેવાસીઓ પોતે જ રસોઈ કરે છે, જ્યારે કેટલીક સોસાયટીઓ બહારના કેટરરને મહાપ્રસાદ બનાવવાની જવાબદારી સોંપે છે. આથી વ્યાવસાયિક ખાદ્ય વ્યવસાય અને એક દિવસ માટે મફતમાં કરવામાં આવતા મહાપ્રસાદના આયોજન માટેના નિયમોમાં સ્પષ્ટતા કરવાની માગણી થઈ રહી છે.

એફડીએના નિયમો મુજબ ખાદ્ય વ્યવસાય માટે નોંધણી અથવા લાઈસન્સ જરૂરી હોય છે. ધાર્મિક સ્થળોએ આપવામાં આવતા પ્રસાદ, લંગર અને ભંડારા જેવા અન્ન વિતરણના કાર્યક્રમો પણ ફૂડ સેફ્ટીના નિયમોના અંતર્ગત આવી શકે છે. નાના ખાદ્ય વ્યવસાયો માટે માત્ર ૧૦૦ રૂપિયામાં નોંધણીની સુવિધા ઉપલબ્ધ છે. જોકે, સોસાયટીના રહેવાસીઓ પોતાના ખર્ચે માત્ર એક દિવસ માટે મફતમાં મહાપ્રસાદનું આયોજન કરે તો તેમણે કઈ પ્રક્રિયા કરવી, તે અંગે સ્પષ્ટતા જરૂરી છે. મહાપ્રસાદ બહારના કેટરર પાસેથી તૈયાર કરાવવામાં આવે તો કેટરર પાસે માન્ય એફએસએસએઆઈ નોંધણી અથવા લાઈસન્સ છે કે નહીં તે તપાસવું મહત્ત્વપૂર્ણ છે. સાથે જ રસોઈ માટેની જગ્યા, સાધનસામગ્રી, સુરક્ષિત પાણી, અન્નનો સંગ્રહ અને તૈયાર ભોજનના વિતરણની જવાબદારી કોની રહેશે, તે અંગેની પણ સ્પષ્ટતા આપવી પણ જરૂરી છે. મહાપ્રસાદ મફત હોય તો પણ ખાદ્ય સુરક્ષાના નિયમો સાથે બાંધછોડ કરી શકાય નહીં, એવી તાકીદ એફડીએ દ્વારા કરવામાં આવી છે. દરમિયાન, મહાપ્રસાદના નિયમોને લઈને એફડીએના અધિકારીઓ પાસેથી સ્પષ્ટતા મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ અધિકારીઓ તરફથી પ્રતિસાદ મળ્યો ન હતો. સોસાયટીઓની માગ છે કે એક દિવસ માટે યોજાતા મફત મહાપ્રસાદ, રહેવાસીઓ દ્વારા કરવામાં આવતી રસોઈ અને વ્યવસાયિક કેટરિંગ માટે સ્પષ્ટ માપદંડ જાહેર કરવામાં આવે, જેથી ગણેશોત્સવ દરમિયાન ધાર્મિક આયોજન કરતા સોસાયટીના રહેવાસીઓને નિયમો અંગે કોઈ મૂંઝવણ ન રહે.

## પારસી મરણ

શેરિયાર બમન ઈરાની તે મરહુમ તેમીના શેરિયાર ઈરાનીના ખાવીંદ. તે મરહુમો મોતીબાઈ તથા બમન ઈરાનીના દીકરા. તે બમન શેરિયાર ઈરાની, નેવીલ શેરિયાર ઈરાનીના બાવાજી. તે ફરુશેતા નેવીલ ઈરાનીના સસરાજી. તે મરહુમ ખોશેદ ઈરાનીના ભાઈ. તે ફરઝાન નેવીલ ઈરાનીના બપાવાજી. (ઉં.વ. ૯૪) રે.ઠે.: બી-૧૦૪, અહુના એદલજી રોડ, શમડિરીની પાસે, ચરાઈ, થાણે (વેસ્ટ), મુંબઈ- ૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૮-૨૦૨૬ના દિવસે સાંજે ૩.૪૫એ થાણેની અગિયારીમાં કરવામાં આવશેજી.

ફરામ ધનજીશાહ સુનાવાલા તે મરહુમ ફ્રેની એફ. સુનાવાલાના ખાવીંદ. તે મરહુમો ધનજીશાહ તથા નરગીશ સુનાવાલાના દીકરા. તે ફરહાદ, ધનજીશાહ અને ગુલ્શનના બાવાજી. તે નેવીલ દોસાભાઈના સસરાજી. તે જમશેદ તથા આબાન તથા મરહુમો ફરોખ તથા આરમાઈતીના ભાઈ. તે બેહરામ અને રોહીનતનના બપાવાજી. (ઉં.વ. ૯૩) રે.ઠે.: ૪૫-ડી, હરગંગા મહલ, તીલક રોડ, ખોદાદાદ સર્કલ, દાદર, મુંબઈ- ૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૦૮-૨૦૨૬ના દિવસે સાંજે ૩.૪૫ વાગે. નારીયલવાલાની અગિયારીમાં કરવામાં આવશેજી.

ફરામરોઝ રતનશાહ સુમારીવાલા તે ડોલી ફરામરોઝ સુમારીવાલાના ધની. તે મરહુમો બચામાય તથા રતનશાહ સુમારીવાલાના દીકરા. તે પરસીના પિતાજી. તે મરહુમો કેકી ડોલી, એરચ, જમશેદ તથા મનીના ભાઈ. તે ફરીદા, બેરોઝ, સુનુ, શાહનૂર તથા મરહુમો નેવીલ તથા પાહલીના કાકા. તે રોહિન્ટન, કેશમીરા તથા મરહુમ બખતાવરના મામા. તે મરહુમો આલામાય તથા મિનોચેર દારૂવાલાના જમાઈ. (ઉં.વ. ૯૩) રે.ઠે.: એ-૫૪, ફલાવર સી.હ.સ., વીરા દેસાઈ રોડ, અંધેરી (પ.) મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૦૮-૨૦૨૬ના સાંજે ૩.૪૦ બાલકુમ બાગ, અગિયારીમાં છેજી.

છેલ્લા પાનાનું ચાલુ

### વેસ્ટર્ન રેલવેએ

દીધી છે. સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ રેલવે મેનેજર આદિશ પઠાનિયાએ તમામ લાઇસન્સ ધારક કેટરિંગ ઓપરેટરોને તેમનો સ્ટાફ નિર્ધારિત ડ્રેસ અને સ્વચ્છતાનાં ધોરણોનું પાલન કરે છે તે ખાતરી કરવાના નિર્દેશ આપ્યા છે.

કેટરિંગ લાઈસન્સ ધારકોને આપવામાં આવેલી સૂચનાઓ મુજબ, કર્મચારીઓએ કાળા કોલર અને કાળા બટનવાળી લાલ પોલો ટી-શર્ટ, કાળા ફૂલ-લેન્થ ટ્રાઉઝર, કાળું હાફ-એપ્રન અને કાળા પગરખાં પહેરવાના રહેશે. યુનિફોર્મ સ્વચ્છ, યોગ્ય રીતે ઇસ્ત્રી કરેલો અને સારી સ્થિતિમાં હોવો જોઈએ. નવા નિયમો ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવશે અને પશ્ચિમ રેલવેએ ચેતવણી આપી છે કે તેનું પાલન ન કરવા બદલ લાઈસન્સ ધારક અને સંબંધિત કર્મચારી બંને સામે કાર્યવાહી થઈ શકે છે. સ્ટેશન કોમર્શિયલ મેનેજરો અને કોમર્શિયલ ઇન્સ્પેક્ટરોને નિરીક્ષણ દરમિયાન ગણવેશ અને સ્વચ્છતાનાં ધોરણોની ચકાસણી કરવાની સૂચના આપવામાં આવી છે અને તેના અહેવાલો સીધા વિભાગીય કાર્યાલયને મોકલવાના રહેશે.

### કફ પરેડથી

સ્કૂલમાં નથી આવી રહી અને તેઓ આજે પણ આવી નથી. આ જાણીને ફરિયાદીને આંચકો લાગ્યો હતો અને તેણે તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ ત્રણેય સગીરાને શોધવા માટે બે ટીમ તૈયાર કરી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ત્રણેય સગીરને કર્જતના રિસોર્ટમાંથી શોધી કાઢી હતી.

### ભાંડુપમાં ૧૦માં

પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનો સીડીની મદદથી ઝાડ પર ચઢ્યા હતા. અમુક ડાળખીઓ કાપીને મહિલાને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવી હતી. પછી તરત જ અગ્રવાલ હૉસ્પિટલ લઈ જવાઈ હતી. આ મામલે ભાંડુપ પોલીસ વધુ તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઘટના પહેલાં મહિલાનો પતિ સાથે ઝઘડો થયો હતો. ગુસ્સામાં મહિલાએ ફ્લેટમાંથી નીચે પડતું મૂક્યું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ અંગે વધુ તપાસ બાદ સ્પષ્ટતા કરી શકાશે, એમ અધિકારીનું કહેવું છે.

### અભિનેત્રી

પડકાર્યો હતો. મૅજિસ્ટ્રેટ કોર્ટમાં જૈને ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦ અને ૫૦૬(૨) હેઠળ ફરિયાદ કરી હતી, જે કોર્ટે ફગાવી દીધી હતી.

જૈનનું કહેવું હતું કે મૅજિસ્ટ્રેટ કોર્ટે યોગ્ય વિચાર કર્યા વિના આદેશ આપ્યો હતો. જોગે અરજી ફગાવતી વખતે સેશન્સ કોર્ટે નોંધ્યું હતું કે ટૅક્સ ઈન્વોઈસીસ અને સમાધાનના સંદેશવ્યવહાર સહિતના રેકોર્ડ પર મુકાયેલા દસ્તાવેજો સંકેત આપે છે કે વિખવાદ માત્ર વ્યાવસાયિક વ્યવહાર સંબંધી જ છે. (પીટીઆઈ)

### ખારઘરમાં ઓવરહેડ

નજીક આ બનાવ બન્યો હતો. ત્યાર બાદ પંદરેક મિનિટમાં ટ્રેનસેવા પૂર્વવત્ થઈ હતી, પરંતુ અન્ય ટ્રેનોના બન્ચિંગને કારણે ટ્રેનો કલાકો સુધી મોડી દોડતી રહી હતી. ટ્રેનસેવા અચાનક ખોરવાઈ જતાં વિવિધ સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ જમા થઈ ગઈ હતી. વચ્ચેના ટ્રેક પર ટ્રેનો ઊભી રહી જતાં અસંખ્ય પ્રવાસીઓ જીવના જોખમે ટ્રેક પર નીચે ઉતરીને ચાલીને નજીકના સ્ટેશને પહોંચવા મજબૂર બન્યા હતા. સીએસએમટી, વાશી અને પનવેલ તરફ જતી લોકલ સેવાઓ અડધોથી પોણો કલાક મોડી પડતાં કામકાજના સમયે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ઘટનાની જાણ થતાં જ મધ્ય રેલવેની ટાવર વેગન અને ટેકનિકલ એન્જિનિયરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તૂટેલા ઓવરહેડ વાયરનું રિપેરિંગ કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું. પાવર સપ્લાય પુનઃસ્થાપિત કર્યા બાદ ધીમે ધીમે ટ્રેન વ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો, જોકે મોડી સાંજ સુધી લોકલ સેવાઓ નિર્ધારિત સમય કરતાં ૧૫ થી ૨૦ મિનિટ મોડી દોડી રહી હતી.

### ગોરેગામ-મુલુંડ

જણાવ્યું હતું કે ત્રીજા તબક્કાના કામ હેઠળ ૧૭ ઑગસ્ટથી ગોરેગામમાં ફિલ્મસીટિમાં ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) દ્વારા ટ્વિન ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું, તેમાં અત્યાર સુધી નવ મીટર લંબાઈનું ખોદકામ પૂર્ણ થયું છે. કામ ઝડપથી પૂર્ણ કરવા માટે યોગ્ય પગલાં લેવાનું અને વધારાના મનુષ્યબળને તહેનાત કરવામાં આવવાના છે. ટનલનું ખોદકામ ટેક્નિકલી રીતે અત્યંત પડકારજનક હોવાથી કામગારોની સુરક્ષિતતાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે બીજા ટીબીએમના છૂટ્ટા ભાગોને જોડવાનું કામ ૭૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં તેનું જોડાણ પૂર્ણ કરવાનું આયોજન છે. ટીબીએમ સાઈટ પર સ્થાપિત થયા બાદ તેની તપાસ માટે સાઈટ એક્સપટેન્સ ટેસ્ટ પહેલી ઑક્ટબરથી શરૂ કરવામાં આવશે ત્યારબાદ જ ટનલનો ખોદકામ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

### ભારતીય નાગરિકતા

આવા કેસોમાં તપાસ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની આવશ્યકતા પર પણ ભાર મૂક્યો હતો,જેથી આ પ્રક્રિયાઓમાં થતા વિલંબથી ઘૂસણખોરો તેનો ગેરલાભ ન ઉઠાવે. અફઘાનિસ્તાનના રહેવાસી માજિદ ખાન શાહની ઓળખ સંબંધી માહિતી અને પ્રમાણીકરણનો રેકોર્ડ જાહેર કરવા માટે 'યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (યુઆઈડીઆઈએ)ને નિર્દેશ આપવાની માગ કરતી મહારાષ્ટ્ર સરકારની અરજી પર કોર્ટે આ આદેશ પસાર કર્યો હતો. આરોપ છે કે તેઓ વિઝાની માન્ય અવધિ પૂરી થયા પછી પણ ભારતમાં રોકાઈ રહ્યા હતા અને બાદમાં તેમણે પોતાનો અસલ પાસપોર્ટ નષ્ટ કરી 'મિરાજ તાહિર ખાન' તરીકેની ખોટી ઓળખ મેળવી હતી. અદાલતે યુઆઈડીઆઈએને ખાન દ્વારા તેમના આધાર નોંધણી સમયે રજૂ કરવામાં આવેલા જરૂરી દસ્તાવેજો બે અઠવાડિયાની અંદર શહેર પોલીસને સુપરત કરવાનો અને ઇમિગ્રેશન સત્તાવાળાઓને ચાર અઠવાડિયાની અંદર ખાન સામે દેશનિકાલની કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

### કાલા ઘોડા

નગીનદાસ માસ્ટર રોડ અને નાનીક મોટવાણી રોડ આ ચાર રસ્તાનો સમાવેશ થાય છે. કાલા ઘોડા પરિસર વિકાસ પ્રોજેક્ટના પહેલા તબક્કાનું ઉદ્‌ઘાટન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે જુલાઈ મહિનામાં કરવામાં આવ્યું હતું. આ તબક્કામાં વી.બી. ગાંધી રોડ (ફોર્બ્સ સ્ટ્રીટ), રોપવૉક લેન, સાઈબાબા રોડ, રુધરફોર્ડ સ્ટ્રીટ અને બી. ભરૂચા રોડ સહિત ફૂટપાથનો પણ વિકાસ કરવામાં આવ્યો હતો. આ આ રસ્તા પર નવેસરથી સ્ટ્રીટ લાઈટ બેસાડવાથી લઈને ઓપન ઍર કૅફે સિટીંગ સહિત ટૂરિસ્ટ સહિત સ્થાનિક નાગરિકોને બેસવા માટે જગ્યા ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી. પહેલા તબક્કા બાદ હવે બીજા તબક્કામાં બીજા રસ્તાઓના વિકાસ કરવામાં આવવાના છે. વિસ્તારમાં તાત્પૂરતા ઊભા કરવામાં આવેલા બાંધકામને હટાવવાની સાથે જ વિસ્તારમાં બેસાલ્ટ અને ગ્રેનાઈટના કોબ્બલસ્ટોનનો ઉપયોગ કરવામાં આવવાનો છે. યુટિલિટીઝ સર્વિસની લાઈન, સ્ટ્રીટલાઈટ, ટ્રાફિક સિગ્નલ અને રસ્તા પરના સાઈનબોર્ડનું સ્થળાંતર કરવાની સાથે જ તેમ જ શનિવાર-રવિવારે અહીં વાહનોનો નો એન્ટ્રી હશે અને આ વિસ્તાર ફક્ત રાહદારીઓ માટે ખુલ્લો રહેશે. પ્રોજેક્ટના ટૂ-એ ફેઝમાં કાલા ઘોડા જંકશનમાં અંડરગ્રાઉન્ડ પાર્કિંગ ઊભું કરવાની સાથે જ પૅડેસ્ટ્રિયન પ્લાઝા ઊભું કરવામાં આવશે, તેથી આ વિસ્તારમાં વધુને વધુ પ્રવાસીઓને આકર્ષી શકાશે. પૅડેસ્ટ્રિયન ઓફ કોલાબા પ્રોજેક્ટ હેઠળ કાલા ઘોડા પ્રોજેક્ટ અને રીગલ જંક્શન બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

### એમપીએસસીએ

પ્રક્રિયામાં ઉમેદવારોનો વિશ્વાસ કાયમ રાખવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે જે ઉમેદવારોએ સ્ક્રીનિંગ પરીક્ષા પાસ કરી હતી અને ત્યારબાદ ઇન્ટરવ્યુ આપ્યા હતા, તેમણે પણ ફરીથી પરીક્ષા આપવી પડશે. કુલ ઉમેદવારોમાંથી ૪૮૫ ઉમેદવારો આ જગ્યાઓ પર નિમણૂક માટે પાત્ર હતા.

આ વર્ષે ૨૨ માર્ચે યોજાયેલી સ્ક્રીનિંગ પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અંગેની ફરિયાદો મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આયોગે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે ફરિયાદોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે કેટલાક ઉમેદવારોને પરીક્ષા પહેલાં પ્રશ્નપત્ર અથવા પ્રશ્નો મળી ગયા હતા અને ત્યારબાદ તે સામગ્રી સોશ્યલ મીડિયા તથા અન્ય ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મ્સ દ્વારા શેર કરવામાં આવી હતી.

આ વર્ષે ૨૨ માર્ચના રોજ મહારાષ્ટ્રભરના છ વિભાગીય મુખ્યાલયો ખાતે સ્ક્રીનિંગ પરીક્ષા ઓફલાઇન લેવામાં આવી હતી. પરીક્ષાનું પરિણામ ૧૨ જૂનના રોજ જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ૫૦૬ ઉમેદવારો ઇન્ટરવ્યુ માટે લાયક ઠર્યા હતા.

જે ઉમેદવારો પરીક્ષામાં બેસવા માટે પાત્ર છે, તેમણે ફરીથી અરજી કરવાની રહેશે નહીં. આયોગે જણાવ્યું છે કે પુનઃપરીક્ષા માટે કોઈ પરીક્ષા ફી લેવામાં આવશે નહીં. નવી પરીક્ષાની તારીખ અને વિગતવાર કાર્યક્રમની જાહેરાત બાદમાં એક અલગ સૂચના દ્વારા કરવામાં આવશે.

### યુવકે જ

કૌટિલ્ય એકેડમીના સંચાલક પ્રવીણ દિલીપ પાટીલ સહિત અમૃત નામદેવ પાટીલ અને લોકેશ ઉર્ફે ગૌરવ રાજેન્દ્ર પાટીલનો સમાવેશ છે. ધરપકડ બાદ તમામ આરોપીઓને બુધવારે સેશન્સ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૨ સપ્ટેમ્બર સુધી પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી લોકેશ પાટીલ અને ઋતુજા નામની યુવતી વચ્ચે પ્રેમસંબંધ હતો. આરોપી અમૃત પાટીલની પુત્રી ઋતુજા પણ પરીક્ષા આપી રહી હતી. પરીક્ષાના બે દિવસ પહેલા પેપર લીક થયું હતું અને તે અમૃત પાટીલને મળ્યું હતું, જે તેણે પુત્રીને આપ્યું હતું. બીજી તરફ લોકેશનો ભાઇ પણ પરીક્ષા આપી રહ્યો હોવાથી ઋતુજાએ પેપર લોકેશને આપ્યું હતું. જોકે બાદમાં લોકેશ અને ઋતુજા વચ્ચે બ્રેક-અપ થયું હતું.

બ્રેક-અપ બાદ લોકેશને ઋતુજા પ્રત્યે ઇર્ષ્યા થવા લાગી હતી. તેને લાગતું હતું કે ઋતુજાએ પરીક્ષા આપી હોવાથી તે મારા કરતા આગળ નીકળી જશે. તેને ઉચ્ચ પદે નોકરી મળી જશે. આથી લોકેશે ગુસ્સામાં એમપીએસસીને પેપર લીકની જાણકારી આપી હતી. ત્યાર બાદ પોલીસનો સંપર્ક કરાયો હતો અને મામલાની તપાસ ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી.

## હિન્દુ મરણ

**દશા ઝારોળા વણિક**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. શ્રીમતી ભાનુમતી નટવરલાલ બક્ષી (ઉં.વ. ૧૦૧) શનિવાર, તા. ૨૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે કૈલાશબેન મહાસુખલાલ બક્ષીના દીકરી. રેખાબેન, બીથિકાબેન, છાયાબેન તથા કેદારભાઈના માતુશ્રી. શર્લીના સાસુ. રેવા-અનિલ તથા અમલના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૨૭-૮-૨૬ ગુરુવારના સાંજે ૫ થી ૭. સ્થળ: ૯મે માળે, જ્યોતિ ટાવર બી વિંગ, આનંદવન આશ્રમની સામે, બેન્ક ઑફ બરોડાની પાછળ, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**નવગામ વિશા નાગરિક જ્ઞાતિ**

ગં.સ્વ. કુમુદબેન મુરલીધર શાહ, તે સ્વ. મુરલીધર કચરાદાસ શાહના પત્ની. શરદભાઈ, પરેશભાઈ, હરેનભાઈ, લીનાબેનના માતુશ્રી. પૂર્ણિમાબેન, રૂપલબેન, અલકાબેન, હર્ષદભાઈના સાસુ તા. ૨૪-૮-૨૬, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૮-૨૬, ગુરુવારના ૫થી ૭. સ્થળ: માધવબાગ મંદિર હૉલ, માધવબાગ મંદિર સી.પી. ટેન્ક રોડ, મુંબઈ- રાખવામાં આવેલ છે.

**ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી હદિયાણા ચૌવીશી બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. હંસાબેન રતિલાલ રાવલના સુપુત્ર અરવિંદભાઈ રતિલાલ રાવલ, સ્વ. જોશનાબેનના પતિ. રીટા હિતેષ જોશી, નેહા કિરિટ મેવાડાના પિતા. સ્વ. ભારતીબેન ધર્મેન્દ્ર શુક્લના જમાઈ. સ્વ. પ્રકાશભાઈ મુકેશભાઈ સ્વ. વિનોદભાઈ માલતીબેનના ભાઈ. તા. ૨૨-૮-૨૬ના કૈલાશવાસી થયા છે. લૌક્કિ પ્રથા બંધ છે.

**દશનામ ગોસ્વામી**

સાવરકુંડલા નિવાસી, હાલ-મલાડ (પૂર્વ) કૈ.વા. મહારાજ ગીરી હઠી ગીરી ગોસ્વામી (ઉં.વ. ૯૦) રવિવાર, તા. ૨૩-૮-૨૬ના કૈલાસ ગમન થયેલ છે. તે સ્વ. ભાનુબેનના પતિ. મગનગીરીના મોટાભાઈ. કમલેશ ગીરી, દિલીપગીરી, કિરણબેન, શીતલબેનના પિતાશ્રી. પ્રાર્થનાસભા (બેસણું) તા. ૨૭-૮-૨૬ના ૪.૦૦થી ૬.૦૦. સ્થળ: સરાફમાતૃ મંદિર હોલ, પોદાર રોડ, ગોળ ગાર્ડન, ખંડેવાલ બિલ્ડિંગ પાસે, મલાડ (પૂર્વ).

**ઈડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બડોલી નિવાસી, હાલ નાલાસોપારા, દિલીપ બાલાશંકર ત્રિવેદીના ધર્મપત્ની ભગવતીબેન ત્રિવેદી, ૨૨/૮/૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે, સાદડી પ્રથા બંધ છે.

**લોહાણા**

મૂળ ગામ નાનું ભંડારિયા, હાલ કલ્યાણ, મથુરાદાસ (નાનુભાઈ) (ઉં.વ. ૮૯) મંગળવાર, તા. ૨૫/૮/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. વ્રજમંગળાબા અને માધવજીભાઈ હરજીભાઈ તન્નાના જ્યેષ્ઠ પુત્ર. જયાલક્ષ્મીબહેનના પતિ. અતુલભાઈ, પરાગભાઈ, વિપુલભાઈ, રૂપલબહેન મિહિરભાઈ કારિયાના પિતાશ્રી. સ્વ. વિનયભાઈ, સ્વ. ધ્રુવજીભાઈ, દિપકભાઈ, રાજેન્દ્રભાઈ, શ્રીકાંતભાઈ, દિનેશભાઈ, મુકુંદભાઈ, જયશ્રીબહેન નિલેશભાઈ, ગં.સ્વ. નિર્મળાબહેન પ્રભુદાસભાઈ, સ્વ. લીલાબહેન રસિકલાલ, સ્વ. કાન્તાબહેન જયંતીલાલના મોટાભાઈ. સ્વ. મણિલાલ તુલસીદાસ વસાણીના જમાઈ. પ્રાર્થના-સભા ગુરુવાર, તા. ૨૭/૮/૨૬ના ૪:૩૦ થી ૬:૦૦, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ.).

**વી. સ. વણિક**

શ્રીમતી ભાનુબેન ધીરજલાલ શાહ (ઉં.વ. ૮૪) ધુજેજવાળા ધીરજલાલ ગુલાબદાસના ધર્મપત્ની. અજય, પરેશના માતુશ્રી. હેમાબેન - ડોલીબેનના સાસુ. રહીજવાળા છોટાલાલ દેવચંદના પુત્રી. મીનાક્ષીબેન, સ્વ. રંજનબેન, સ્વ. ઉર્મિલાબેન, જયશ્રીબેનના જેઠાણી. ચાર્મી, સારંગ, ચૈતન્યના દાદી. ૨૪-૮-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ ઓડિયા (સાવરકુંડલા) હાલ બોરીવલી, ગં.સ્વ. અરુણાબેન હરકિસનદાસ ભીમજિયાણી (ઉં.વ. ૯૦) તે સ્વ. હરકિશનદાસ ગોરધનદાસ ભીમજિયાણીના પત્ની. સ્વ. ચંચળબેન ગિરધરલાલ મહેતાના દીકરી. ધૈરેશ અને અ.સૌ. ભાવના શૈલેષ અભાણીના માતુશ્રી. પ્રજ્ઞાના સાસુ. નીતીશ અને અ.સૌ. નમ્રતા ચાર્મીલ કોટકના દાદી. રાજના નાની. મંગળવાર, તા. ૨૫/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**હાલાઈ લોહાણા**

રંગપુર નિવાસી હાલ મુંબઈ, ગો.શ્રી કાનજીભાઈ લુક્કાના પુત્ર ધીરજલાલ કાનજીભાઈ લુક્કા (ઉં.વ. ૭૫) તા. ૨૪-૮-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે અજયભાઈ લુક્કાના પિતા. જીજ્ઞાસાબેન લુક્કાના સસરાજી. મંજુલાબેનના પતિ. રૂપાબેન વિપુલભાઈ તકવાણી, ઈલાબેન સંજયભાઈ કારિયા, સ્મિતાબેન જયેશભાઈ લાખાણી, મયુરીબેન સમીરભાઈ જીમુલિયા, શીતલબેન મુકુંદભાઈ તન્ના, વૈશાલીબેન મુકેશભાઈ ઠક્કરના પિતા. પ્રાર્થનાસભા તા. ૨૭-૮-૨૬ ગુરુવારના સાંજે ૪ થી ૬. સ્થળઃ તેરાપંથ ભવન, અહિંસા માર્ગ, રેલવે સ્ટેશનની નજીક વિરાર પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

મેંદરડા વતની, હાલ ભાયંદર નિવાસી, સ્વ. મંજુલાબેન વિનોદચંદ્ર રાચ્છના પુત્ર દિવ્યેશ વિનોદચંદ્ર રાચ્છ (ઉં.વ. ૫૭) તે હિનાબેનના પતિ. પીહુના પિતા. નીપા, હિરેનના ભાઈ. તા. ૨૫-૮-૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**નવગામ ભાટિયા**

મૂળ અમરેલી હાલ નાગપુર, રંજનબેન ધીરજલાલ આશર (ઉં.વ. ૯૨) તે યોગેશ, મુકેશ અને નીતા આશરના માતુશ્રી. છાયા, પારુલ, દક્ષેશ આશર (પુના)ના સાસુ. રાધાબેન મોરારજી સંપટ મુંબઇના દીકરી. સુરેશભાઈ, સ્વ. બહાદુરભાઈ, પ્રવીણભાઈ, સ્વ. વસંતબેન વેદના બેન. કંદર્પ, ચિન્મય, ચિત્રાંગી ધ્રુપદના દાદી. કૃપાના નાનીમા નાગપુર મુકામે તા. ૨૪/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે, ઉઠમનું જલારામ મંદિર ખાતે ગુરુવાર રોજ સાંજે ૪:૩૦ વાગે. ચક્ષુદાન કરેલ છે.

**દશા સોરઠીયા વણિક સમાજ**

સુલતાનપુર નિવાસી હાલ વિરાર, સ્વ. સવિતાબેન તથા સ્વ. વ્રજલાલ દેવજી ધોળકિયાના સુપુત્ર રસિકલાલ (ઉં.વ. ૭૬) સોમવાર, તા. ૨૪/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. રોહિત, આશિષ, જલ્પા તુષાર ધ્રુવના પિતા. ઝંખના, જાગૃતિ તથા તુષારકુમારના સસરા. સ્વ. વસંતભાઈ, સ્વ. મંજુબેન શશીકાંત માધાણી, પુષ્પાબેન જસવંતરાય માલવિયા તથા દક્ષાબેન સુરેશભાઈ મલકાણના ભાઈ. સ્વ. વિરજીભાઇ લક્ષ્મીચંદ માધાણીના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૭/૮/૨૬ના સાંજે ૪ થી ૬. સોસાયટી હોલ, તિરુપતિ ગ્રાન્ડ બિલ્ડિંગ, તિરુપતિ નગર ફેઝ-૧, વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

ગામ મહુવા હાલ બોરીવલી, ગં.સ્વ. જ્યોતિબેન પ્રવિણચંદ્ર સતીકુંવર (ઉં.વ. ૭૩) ૨૩/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સોનલ પરેશકુમાર પઢ્ઢણી, હિના તથા પૂજાના માતુશ્રી. પરેશકુમાર હીરાલાલ પઢ્ઢણીના સાસુ. પિયરપક્ષે ગામ વિસાવદરવાળા સ્વ. કેશવલાલ તથા સ્વ. કાંતાબેન ધકાણના દીકરી. તુષાર તથા વૃંદ્ધ વિરાજના નાની. પ્રાર્થનાસભા ૨૭/૮/૨૬ના ૪.૩૦ થી ૬.૩૦. સોનિવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**વૈષ્ણવ**

ખંભાત નિવાસી હાલ બોરીવલી, રાજેશભાઈ જીવણલાલ રાવલના ધર્મપત્ની અ.સૌ. રૂપાબેન (ઉં.વ. ૭૧) ૨૩/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રિદ્ધિ, નિધિ, બીનીશના માતુશ્રી. નેહીલ રાકેશભાઈ શાહના સાસુ. પિયરપક્ષે ખંભાતવાળા સ્વ. નિર્મળાબેન ચંદ્રકાંત દલાલના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

ચિતળ નિવાસી હાલ વિલેપાર્લા, કિરણભાઈ સોની (ઉં.વ. ૬૫) તે સ્વ. ઇન્દુબેન તથા જયંતીભાઈ ગોવિંદભાઈ સોનીના પુત્ર. છાયાબેનના પતિ. ઈશા તથા ચિંતનના પિતા. મેહુલભાઈ કાનકિયા તથા સલોનીના સસરા. ભરતભાઈ તથા નયનાબેન પઢ્ઢણીના ભાઈ. સ્વ. મનસુખભાઈ રામજીભાઈ ધકાણના જમાઈ. પ્રાર્થનાસભા ૨૭/૮/૨૬ના ૫ થી ૭ ક. જલારામ હૉલ, એસ એન રોડ નં. ૬, જોગર્સ પાર્કની સામે, વિલેપાર્લે વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

કુકડ નિવાસી હાલ બોરીવલી, મનુબેન જયંતીલાલ ત્રીવેદી જે સ્વ. જયંતીલાલ કરશનજી ત્રીવેદીના ધર્મપત્ની હિતેશભાઈ, અરૂણાબેન, સોનલબેનના માતુશ્રી. તણસા નિવાસી સ્વ. ગં.સ્વ. રમાબેન છોટાલાલ જોશીના દિકરી. અરવિંદભાઈ મહેશભાઈ દિલીપભાઈ નિર્મળાબેન કિરણકુમાર ભટ્ટના બહેન, તા. ૨૫-૮-૨૬ના કૈલાસવાસી થયેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી દરજી**

દહિસર નિવાસી, સ્વ. રિતેશ ભૂપેન્દ્રભાઈ ફુટીયાવાલા (ઉં.વ. ૫૦) તા. ૧૮/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લતિકાબેનના સુપુત્ર. જસ્મિનના પતિ. ક્રિષાના પિતા. ગીતા અને રાજેશ મર્ચન્ટના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯/૮/૨૬ શનિવારના સાંજે ૪:૦૦ થી ૬:૦૦. સ્થળ: અવન્ચા કોમ્યુનિટી હોલ, ઓફ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, પાંડુરંગવાડી મેટ્રો સ્ટેશન પાસે. દહિસર ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

નવીબંદરવાળા હાલ કાંદિવલી નિવાસી નારણદાસ ગોપાલજી ઠક્કરરાના પુત્ર દિલીપ નારણદાસ ઠક્કર તા. ૨૫-૮-૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભારતીબેનના પતિ. નાથાલાલ દામજી સંજયાણીના જમાઈ. સ્વ. કેતન, મીતા અને વિરાગના પિતાશ્રી. અનિલ કક્કર, મીના અને નમ્રતાના સસરા. પ્રાપ્તી, પ્રાચી અને રોમીલના દાદા. મોહિત, કામ્યાના નાના. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાના રાજકોટવાળા હાલ સાયન સ્વ. ભરતભાઈ નંદલાલ વળીયા ધર્મપત્ની દમયંતીબેન (ઉં.વ. ૮૨) તા. ૨૫-૮-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેન તથા વિલેષના માતુશ્રી. અ.સૌ. માધવીના સાસુ. હર્ષ અને આદિત્યના દાદી. તેઓ ભેરાઈવાળા સ્વ. લલીતાબેન નારણદાસ ગોરડિયાની સુપુત્રી. જ્યોતિ, લલીત વળિયા તથા સ્વ. નીલા યોગેશ વળિયાના જેઠાણી. (સર્વ લૌકિક પ્રથા બંધ છે.)

**કપોળ**

જાફરાવાદવાળા, સ્વ. લિલિબેન-વચ્છરાજ ગોરડિયાના પુત્ર શ્રી વિનોદરાય (ઉં.વ. ૮૯) ચારુલતાબેનનાં પતિ. બિમલ-મીરાં, નિર્મલ-ગીતા અને અશ્વિન-ભારતીનાં પિતાશ્રી. કટકવાળાં સ્વ. કાંતાબેન - સ્વ. હરકિશનદાસ પારેખનાં જમાઈ. સ્વ. ઈન્દુમતી- સ્વ. નગીનદાસ મહેતા, સ્વ. તારામતી - સ્વ. નગીનદાસ મહેતા તથા સ્વ. કાંતાબેન ગોરડિયાનાં ભાઈ. ઉત્કલ-હિરલ, હીર-નિહાર, ઈશા-વરુણ, રુચી-નિશાંત, દિતિ-તનીષ, નિશી-ધ્વનિતનાં દાદા. તા. ૨૫-૮-૨૬નાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## જૈન મરણ

**પાટણ જૈન**

મૂળગામ પાટણ હાલ કાંદિવલી, બિપીનચંદ્ર ચંદુલાલ સાલવી (ઉં.વ. ૮૩) ૧૯/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જશવંતીબેનના પતિ. પરાગ તથા ધીરેનના પિતા. બિનલના સસરા. નિયતિ તથા પૂજાના દાદા. સાસરાપક્ષે સ્વ. ભોગીલાલ શંકરલાલ સાંડેસરાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગુંદીયાળા નિવાસી, હાલ થાણા, સ્વ. રંજનબેન ગુણવંતરાય રતિલાલ દોશીના સુપુત્ર મેહુલભાઈ (ઉં.વ. ૫૨) તે અવનીબેનના પતિ. દેવના પિતાશ્રી. સ્વ. જગદીશભાઈના ભત્રીજા. જ્યોતિબેન રાજેશકુમાર ગાંધી તથા મોનીકાબેન પરેશકુમાર ગાઢાણીના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ઉષાબેન હસમુખરાય સોલાણીના જમાઈ. સોમવાર, તા. ૨૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસસ્થાન: ૩૦૧, છાયા બિલ્ડીંગ, સિવિલ હૉસ્પિટલની સામે, ટેમ્ભી નાકા, થાણા વેસ્ટ.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**


ભુજપુરના દેવચંદ વી. દેઢિયા (ઉં.વ. ૭૮) તા. ૨૪-૮ના અવસાન પામેલ છે. કેશરબેન વીજપારના પુત્ર. સ્વ. નયના (હેમા)ના પતિ. રશ્મી સ્વ. કોરશી (પપ્પુ), ડિંપલના પિતા. ગુંદાલા રતનબેન પોપટલાલ ચન્ના સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, દેહદાન કરેલ છે. નિ. જીજ્ઞા દેઢિયા, ૬૦૨, વૃંદાવન સુદામા, તુકારામ નગર, ડોંબિવલી (ઈ).

શેરડીના હાંસભાઈ રતનશી દેઢિયા (ઉં.વ. ૯૩) તા. ૨૫-૭-૨૬ના અવસાન પામ્યા છે. રતનશી વેરશીના ધર્મપત્ની. ભાણબાઈ વેરશીના પુત્રવધુ. કિશોર, ખુશાલના માતુશ્રી. નાના રતડીયા જેતબાઈ દેવજી લાલજી નાગડાના પુત્રી. જેઠાલાલ, રતનબેન પોપટલાલ દેવજી, પ્રભાવતી ખીમજી હરશીના બેન. પ્રા: શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. : કરસન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

લુણીના આકાશ નિતીન ઘરોડ (ઉં.વ. ૩૫) તા. ૨૫-૮-૨૬ના ગાંધીધામ મધ્યે અવસાન પામેલ છે. જવેરબેન નેમજી ઉમરશીના પૌત્ર. જયવંતી નિતીન નેમજીના સુપુત્ર. શિવાનીના પતિ. રિયાનના પપ્પા. મોનીશાના ભાઈ. વર્ષાબેન સુનીલભાઈ શાહ (લાંગણજ)ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિતીન નેમજી ઘરોડ : ટી.સી.એક્સ./એન/૭૭, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# પુરુષ




# ડિયર હની... તારો બન્ની
## પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

# પિતૃસત્તાત્મકતાઃ પુરુષોનું પ્રભુત્વ કે પછી સામાજિક માનસિકતાનો વારસો?



**સમાજમાં** જ્યારે પણ પિતૃસત્તા એટલે કે ‘પેટ્રિયાર્કી’ શબ્દનો પ્રયોગ થાય છે ત્યારે સામાન્ય રીતે ચિત્ર એવું ઊભું કરવામાં આવે છે કે જાણે એક બાજુ શોષક પુરુષ વર્ગ છે અને બીજી બાજુ માત્ર શોષિત સ્ત્રી વર્ગ છે.

તાજેતરમાં રાજકીય અને સામાજિક સ્તરે આ મુદ્દે નવી ચર્ચાઓ શરૂ થઈ છે, પરંતુ જો રાજકારણ અને પક્ષીય માનસિકતાથી ઉપર ઊઠીને તટસ્થતાથી વિચારવામાં આવે તો એક બહુ જ ઊંડો અને સંવેદનશીલ પ્રશ્ન ઊભો થાય છેઃ શું પિતૃસત્તાત્મક માનસિકતાનું વહન માત્ર પુરુષો દ્વારા જ થયું છે? કે પછી પુરુષોના નામે સામાજિક વ્યવસ્થાનો એક મોટો હિસ્સો પોતાની જવાબદારીઓમાંથી છટકી રહ્યો છે?

આ વિષયને કોઈ એક જાતિનો વિરોધ કર્યા વગર કે કોઈને નીચા દેખાડ્યા વગર કેવળ માનવશાસ્ત્રીય અને સામાજિક દૃષ્ટિકોણથી સમજવો અત્યંત જરૂરી છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો પિતૃસત્તા એ કોઈ એક પુરુષ દ્વારા કે રાતોરાત ઘડી કાઢવામાં આવેલી કોઈ ષડ્યંત્રકારી નીતિ નહોતી, પરંતુ તે સદીઓ જૂની સામાજિક, આર્થિક અને સુરક્ષાત્મક જરૂરિયાતોમાંથી જન્મેલી એક વ્યવસ્થા હતી. પ્રાચીન સમયમાં જ્યારે શારીરિક બળ જ જીવન ટકાવી રાખવા, શિકાર કરવા અને પરિવારની સુરક્ષા કરવાનો મુખ્ય આધાર હતું ત્યારે પુરુષની ભૂમિકા પરિવારના ‘રક્ષક’ અને ‘રોજીરોટી કમાનાર’ તરીકે નિર્ધારિત થઈ. સામે પક્ષે, બાળઉછેર અને ઘરની સંભાળની જવાબદારી સ્ત્રીના ફાળે આવી. આ શ્રમવિભાજન શરૂઆતમાં વ્યવહારુ હતું, પરંતુ સમય જતાં આ વ્યવહારુ વ્યવસ્થાએ એક રૂઢિચુસ્ત સામાજિક ઢાંચાનું રૂપ લઈ લીધું. આ ઢાંચામાં સત્તા અને નિર્ણય લેવાના અધિકારો પુરુષના હાથમાં કેન્દ્રિત થતા ગયા અને અહીંથી જ ‘પિતૃસત્તાત્મક માનસિકતા’નો જન્મ થયો.

જોકે આ માનસિકતાના પોષણ અને વહનમાં માત્ર પુરુષો જ ભાગીદાર છે તેવું માનવું એ સામાજિક વાસ્તવિકતાની એકતરફી વ્યાખ્યા ગણાશે. જો ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે તો પિતૃસત્તા એ કોઈ પુરુષ જાતિ નથી, પણ એક ‘સંસ્કાર અને કન્ડિશનિંગ’છે, જેનો શિકાર પુરુષ અને સ્ત્રી બંને એકસરખી રીતે થાય છે. ઘરમાં જ્યારે દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવ થાય છે ત્યારે મોટાભાગના કિસ્સાઓમાં એ નિર્ણય કે વ્યવહાર ઘરની વડીલ સ્ત્રીઓ જેવી કે માતા કે દાદી દ્વારા થતો જોવા મળે છે. વંશવેલો આગળ વધારવા માટે દીકરાનો જ આગ્રહ રાખવો, દીકરીને ચોક્કસ મર્યાદાઓમાં રહેવાની શિખામણ આપવી અથવા પુત્રવધૂ પર ચોક્કસ સામાજિક નિયમો લાદવા આ બધું જ ઘણીવાર સ્ત્રીઓ દ્વારા જ સ્ત્રીઓ પર લાદવામાં આવે છે એટલે કે પિતૃસત્તાત્મક સોચનું સિંચન અને જતન સ્ત્રીઓ દ્વારા પણ એટલા જ ઉત્સાહથી થયું છે જેટલું પુરુષો દ્વારા થયું છે.

બીજી તરફ, આ જ પિતૃસત્તાત્મક વ્યવસ્થાના નામે પુરુષોનું શોષણ પણ ઓછું નથી થયું. સામાન્ય રીતે માનવામાં આવે છે કે પિતૃસત્તાથી માત્ર પુરુષોને જ ફાયદો થયો છે, પરંતુ વાસ્તવમાં આ વ્યવસ્થાએ પુરુષો પર પણ અમાનવીય અને ભારે અપેક્ષાઓનો બોજ નાખી દીધો છે. ‘પુરુષ ક્યારેય રડે નહીં’, ‘પુરુષે હંમેશાં મજબૂત રહેવું પડે’, ‘પરિવારની તમામ આર્થિક જવાબદારી પુરુષની જ છે’ આ એવી માનસિકતા છે જેણે પુરુષો પાસેથી તેમની સંવેદનશીલતા અને લાગણીઓ વ્યક્ત કરવાનો હક છીનવી લીધો છે. કોઈ પુરુષ જો આર્થિક રીતે સફળ ન થાય તો સમાજ તેને એક નિષ્ફળ વ્યક્તિ તરીકે જુએ છે. આ માનસિક દબાણ એટલું તીવ્ર હોય છે કે પુરુષો પોતાની લાગણીઓ અંદર ને અંદર દબાવી રાખે છે, જેના પરિણામે પુરુષોમાં માનસિક તણાવ અને આત્મહત્યાના કિસ્સાઓ પણ વધતા જોવા મળે છે. આમ જે વ્યવસ્થાને પુરુષપ્રધાન કહેવાય છે તે જ વ્યવસ્થા ઘણીવાર પુરુષો માટે એક અદૃશ્ય જેલ બની જાય છે.

અહીં એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે કે શું આ માનસિકતાના નામે ‘ચરી ખાવામાં’ આવ્યું છે? હા, સામાજિક અને રાજકીય સ્તરે આ વ્યાખ્યાનો દુરુપયોગ જરૂર થયો છે. એક તરફ પરંપરાવાદી માનસિકતા ધરાવતા લોકોએ પોતાના સ્વાર્થ અને વર્ચસ્વને ટકાવી રાખવા માટે પિતૃસત્તાને ‘સંસ્કૃતિ’ અને ‘પરંપરા’નું રૂપ આપીને તેનો દુરુપયોગ કર્યો. તો બીજી તરફ આધુનિક સમયમાં કેટલાક વર્ગો દ્વારા દરેક સામાજિક કે વ્યક્તિગત નિષ્ફળતાનો દોષનો ટોપલો ‘પિતૃસત્તા’ અને આખી પુરુષ જાતિ પર ઢોળી દેવાની સરળ રીત અપનાવવામાં આવી છે. કોઈ પણ જટિલ સામાજિક સમસ્યાને કેવળ ‘પુરુષશાહી’ કહીને સરળ બનાવી દેવી એ પણ એક પ્રકારની બૌદ્ધિક આળસ છે. પુરુષોને સામૂહિક રીતે ગુનેગાર ઠેરવી દેવાથી વાસ્તવિક સમસ્યાનો ઉકેલ આવતો નથી બલ્કે તેનાથી સમાજમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે સંવાદના બદલે અવિશ્વાસ અને સંઘર્ષ ઊભો થાય છે.

આજના આધુનિક અને શિક્ષિત સમાજમાં જરૂરિયાત એ વાતની છે કે આપણે પિતૃસત્તાને ‘પુરુષ વિરુદ્ધ સ્ત્રી’ના ચશ્માંથી જોવાનું બંધ કરીએ. પિતૃસત્તા એ લિંગ (Gender) આધારિત સમસ્યા નથી, પરંતુ વિચારસરણી આધારિત સમસ્યા છે. એક સ્ત્રી પણ પિતૃસત્તાત્મક સોચ ધરાવતી હોઈ શકે છે જો તે અન્ય સ્ત્રીની સ્વતંત્રતાને નકારે; અને એક પુરુષ સંપૂર્ણપણે પિતૃસત્તાથી મુક્ત હોઈ શકે છે જો તે સમાનતા અને સ્ત્રીના આત્મસન્માનમાં વિશ્વાસ ધરાવતો હોય.

આ માનસિકતામાંથી બહાર નીકળવાનો માર્ગ એકબીજા પર દોષારોપણ કરવાનો નથી, પણ સહિયારી જવાબદારી સ્વીકારવાનો છે. પરિવારોમાં ઉછેરની પ્રક્રિયાથી જ પરિવર્તન લાવવું પડશે. દીકરાઓને માત્ર ‘કમાઉ દીકરો’ બનવાના બદલે સંવેદનશીલ માનવી બનવાનું શીખવવું પડશે અને દીકરીઓને માત્ર ‘સહનશીલ’ બનવાના બદલે આત્મનિર્ભર બનવાનું પ્રોત્સાહન આપવું પડશે. શ્રમ અને જવાબદારીઓની વહેંચણી લિંગના આધારે નહીં, પણ ક્ષમતા અને ઇચ્છાના આધારે થવી જોઈએ.

ઇનશૉર્ટ, પિતૃસત્તાત્મક માનસિકતા એ કોઈ એક જાતિ દ્વારા લાદવામાં આવેલો અત્યાચાર નથી, પરંતુ માનવ સમાજે પોતાની વિકાસયાત્રા દરમિયાન ઊભી કરેલી એક એવી વ્યવસ્થા છે જે હવે આજના સમયમાં અપ્રાસંગિક અને નુકસાનકારક બની ગઈ છે. પુરુષો કે સ્ત્રીઓ બંનેમાંથી કોઈએ પણ આ માનસિકતાનો ભોગ બનવાની કે તેના નામે એકબીજા સામે આંગળી ચીંધવાની જરૂર નથી. જ્યારે સમાજ પુરુષને તેના અપેક્ષાઓના અતિશય ભારમાંથી મુક્ત કરશે અને સ્ત્રીને તેના અધિકારો અને નિર્ણયશક્તિ આપશે ત્યારે જ એક સ્વસ્થ, સમતુલિત અને સાચા અર્થમાં સમાન સમાજનું નિર્માણ થઈ શકશે. ■

## જૂનું ઘર ખાલી કરતી વેળા...

ડિયર હની,

મધ્યમ વર્ગના માનવી માટે પોતાનું ઘર કરવું એ એક સપનાથી જરાય ઓછું નથી હોતું. પોતાનું ઘર એ આખા જીવનની જાણે ફલશ્રુતિ હોય છે. માણસ કમાતો-ધમાતો થાય એટલે એક સપનું સેવતો થઈ જાય છે કે ક્યારે ઘર બનશે. એમાં એ પરણે પછી તો ઘર એ આવશ્યકતા બની જાય છે. અને એ સપનું પૂરું ના થાય ત્યાં સુધી ભાડાના મકાનમાં રહેવું પડે છે.

મને બરાબર યાદ છે કે જે ઘરમાં ચાર દાયકાથી વધુ સમય વિતાવ્યો એ ઘરથી બીજા ઘેર જવાનું થયું ત્યારે ઘરના સામાન સાથે કેટકેટલી યાદોની ગઠરિયા બાંધવી પડી હતી. જે ઘરમાં મોટા થયા હોઈએ, દોસ્તો સાથે ધિંગામસ્તી કરી હોય, જે ઘરમાં લગ્નજીવન શરૂ થયું હોય, જે ઘરમાં આપણા પહેલા સંતાનનો જન્મ અને ઉછેર થયો હોય... એ ઘર છોડવું આસાન નથી હોતું.

બાલમુકુન્દ દવેની બહુ જાણીતી રચના યાદ આવી જ જાય....

*ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસું,*
*જૂનું ઝાડું, ટૂથ-બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,*
*બોખી શીશી, ટીનનું ડબલું, બાલદી કૂખકાણી,*
*તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી સોય-દોરો!*
*લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે*
*મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.*
*ઊભાં છેલ્લા નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,*
*જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;*
*જ્યાં દેવોના પરમ વર-શો પુત્ર પામ્યાં પનોતો...*

કોઈ પણ વ્યક્તિ એક ઘર છોડી બીજા ઘેર જાય ત્યારે આવી જ વેદના અનુભવતો હોય છે. અને નવા ઘેર ગયા બાદ પણ જૂ ના ઘરની યાદો પીછો છોડતી નથી. તને ખબર છે કે રાત્રે હું ઑફિસેથી પાછો ફરું ત્યારે સ્કૂટર નવા ઘર તરફના રસ્તે જવાને બદલે જૂના ઘરના રસ્તે ફંટાઈ જતું. આવું એક વાર નહીં અનેકવાર બન્યું હતું.

એમાંય જૂનું ઘર ખાલી કરતાં કેટલીક વસ્તુઓ છોડવી પડે ત્યારે બહુ આકરું લાગે છે. નવા ઘરમાં જગ્યા કેવી છે એ રીતે બધું મૅનેજ કરવું પડતું હોય છે. ચીજવસ્તુઓ સિવાય પણ ઘણું બધું છૂટી જતું હોય છે.

કવયિત્રી ચંદ્રિકાબહેન પાઠકજીનું એક લઘુ કાવ્ય આ જ વાતનો પડઘો પાડે છે :

*જવું હતું ગામ પરોઢિયામાં,*
*ખાલી હતી કૈં કરવાની ઓરડી.*
*લીધી હતી સર્વ ચીજો સમેટી,*
*છતાંય શું કૈંક ભૂલી જતી હતી?*
*મેં બારીએ, દાદર ને દીવાલે,*
*એ શૂન્યતામાં કંઈ દૃષ્ટિ ફેરવી,*
*અનેક ચિત્રો હજુ ત્યાં રહ્યાં હતાં,*
*એને ન ત્યાંથી શકતી ખસેડી.*

સાચું કહું તો પહેલું જે ઘર હતું એ આજેય મને યાદ છે. એ રોડ પરથી આપણે બંને ઘણી વાર નીકળ્યા છીએ અને આપણું જે ઘર હતું ત્યાં તો બીજું બધું બની ગયું છે, પણ એ બનેલી દીવાલોની આરપાર આપની નજરું પહોંચી જાય અને જૂની યાદો તાજી થઈ જાય.

એક ઘરથી બીજા ઘર જવાનું આસાન નથી હોતું. નવા ઘરમાં ગોઠવાતા વાર લાગે છે. આપણને આપણું ઓશીકું કે ચાદર ના મળે તો આપણે અપસેટ થઈ જતા હોઈએ છીએ, આ તો આખું ઘર જ બદલાઈ જાય છે. આમ છતાંય નવા ઘર માટેની કલ્પના પણ કેવી મજાની હોય છે. નવું ઘર કેવું હોવું જોઈએ એ વિશે મનમાં કેટલીય વાત રમતી હોય છે. આપણે પણ એ બધી કલ્પનાઓ સેવી હતી. પણ બધી કલ્પનાઓ સાકાર ક્યાં થાય છે! છતાં કવું

મુકુલ ચોકસીની જેમ કલ્પનાઓ તો કરવાનું ગમે છે...

*સપનાનું ઘર હો, ભીંતોથી પર હો,*
*છત ને છજાઓ, દિશાઓ વગર હો.*
*આંગણમાં ઝૂલો ને મઘમઘતાં ફૂલો,*
*નદીના કિનારાની ભીની અસર હો.*
*ઋતુઓ બધી અહીં એકસાથે આવે,*
*દિલના ઝરૂખે તને ને મને ઝુલાવે,*
*મીઠું મીઠું એ સતાવે...*

આવું ઘર ભાગ્યેજ કોઈને મળે છે, એ નાનું છે કે મોટું એનાથી ફર્ક તો પડે છે, પણ આપણું ઘર એ આપણું! બીજાને આપણું ઘર કેવું લાગે છે એનાથી આપણને શું ફર્ક પડે છે? બીજાએ જો આપણા ઘરને જોવું હોય તો આપણી નજરથી જોવું પડે. જાવેદ અખ્તરે લખ્યું છે એમ જ ...

*યે તેરા ઘર યે મેરા ઘર, કિસી કો દેખના હો ગર*
*તો પહલે આકે માંગ લે, મેરી નઝર તેરી નઝર!*
*યે તેરા ઘર યે મેરા ઘર, યહ ઘર બહુત હસીન હૈ...*

નવા ઘરમાં સેટ થતાં વાર લાગે છે અને એમાંય જૂના ઘેર જો લાંબો સમય રહ્યા હોય તો સેટ થવાનો એ સમય ગાળો વધી જાય છે, કારણ કે જૂનું ઘર ખાલી કરી નવા ઘરમાં રહેવા જઈએ તો ઘણું બધું યાદ આવ્યા કરે છે... રાજે વ્યાસ મિસ્કીન સાચું લખ્યું છે કે,

*ક્યાંક ખૂણેથી કોઈનો સાદ આવે છે,*
*જૂના ઘરની દીવાલોથી યાદ આવે છે.*
*હતી પથ્થરની દીવાલો પણ જીવંત લાગતી,*
*દરેક ખૂણેથી ખુશીઓ ફૂટી વહેતી હતી.*
*હવે સામાન સમેટાયો ને શૂન્યતા ઘેરાય છે,*
*નવા સરનામાની ભલે દોડધામ હોય ઘણી,*
*પણ જૂના ઉંબરા જેવી હૂંફ ક્યાંથી મળવાની?*

તારો બન્ની

# અનોખો મિજાજ આ વડીલનો...

સંધ્યા છાયા


feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

કેટલાંક વડીલો વૃદ્ધાવસ્થામાં પણ મસ્ત મજાની જિંદગી જીવતાં હોય છે. આજ સુધી વ્યવસાય, પરિવારની જવાબદારીમાં વ્યસ્ત હતાં. હવે વ્યવસાય તેમ જ પારિવારિક જવાબદારીઓ અદા કરી દીધી છે. ખૂબ કમાયા છે. સંતાનોને ભણાવી-ગણાવીને પરણાવી દીધાં છે. ઘરમાં પૌત્ર-પૌત્રીઓની કિલકારી ગુંજે છે. હવે શું કરવાનું?

આ બધા વચ્ચે આજે આપણે મળીએ એક એવા વડીલને જે સાવ અનોખો રસ ધરાવે છે. તેમનો જે રસ છે. તેવો બહુ ઓછા લોકો ધરાવતા હોય છે.

આ વડીલને આપણે લક્ષ્મીકાંતભાઈ કહીશું. આમ તો લોકો વધારે કરીને તેમના હુલામણા નામ ‘ટીકુભાઈ’થી જ ઓળખે છે. એમણે કિશોરાવસ્થામાં જ પિતાની છત્રછાયા ગુમાવી હતી. કપરા સંજોગો વચ્ચે મોટા થનારા આ વડીલે સમજણા થયા પછી અનેક ક્ષેત્રે સફળતા મેળવી છે. સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં જન્મ થયા બાદ બર્મા અને કલકત્તા ત્યાંથી યવતમાળ અને યવતમાળથી મુંબઈમાં સ્થાયી થયા હતા. આ આખી સફર દરમિયાન લક્ષ્મીકાંતના કાકા તેમના પિતાજીની સાથે જ હતા. આ બે ભાઈઓના દીકરાઓ પણ સાથે જ હતા. લક્ષ્મીકાંતના પિતા અને કાકાએ બહુ સંઘર્ષ કર્યો. મુંબઈમાં આવીને તેઓ આર્થિક રીતે સધ્ધર થયા. માંડ બધું ઠેકાણે પડતું હતું ત્યાં જ લક્ષ્મીકાંતના પિતાનું અવસાન થયુ. બન્ને ભાઈના દીકરાઓ હજુ નાના હતા. લક્ષ્મીકાન્ત પણ હજુ ૧૩-૧૪ વર્ષના હતા. બીજા બધા તેમનાથી નાના. કાકાના હાથ નીચે લક્ષ્મીકાંત ઘડાયા. વેપાર ધંધાની આંટીઘૂંટી સમજ્યા. સ્કૂલ કૉલેજનું શિક્ષણ લેતાં લેતાં જ બધા ભાઈઓ વેપારમાં પણ ધ્યાન આપતા હતા. કાકા સાથે મળીને, પોતાના ભાઈઓ અને પિત્રાઈ ભાઇઓ સાથે મળીને લક્ષ્મીકાંતે વ્યાપાર ખૂબ વધાર્યો પછી તો ખૂબ કમાયા. આખા દેશમાં લગભગ દસેક ઠેકાણે તેમની ઑફિસો હતી.

ધંધામાં વ્યવસ્થિત રીતે સેટ થઈ ગયા. સમૃદ્ધિ આવી એટલે લક્ષ્મીકાંતનાં લગ્ન તેમના જેવા જ પ્રતિષ્ઠિત પરિવારની પુત્રી જયાબહેન સાથે થયાં. બે પુત્રી થઈ. સરસ જિંદગી ચાલતી હતી. જીવનમાં સુખ જ સુખ છે એમ લાગતું હતું, પણ જીવનનું સુખ આભાસી હોય છે. સુખની પાછળ લાઇન લગાડીને દુઃખ ઊભું જ હોય છે. લક્ષ્મીકાંતભાઈની બાળકીઓ- ૬ વર્ષની અને ૮ વર્ષની બન્નેનું એકસાથે અકસ્માતે અવસાન થયું.




આખો પરિવાર પિકનિક પર ગયો હતો. ઘણાં બાળકો સાથે હતાં. તેમાં લક્ષ્મીકાંતજીની બે બાળકી પણ હતી. બધાં બાળકો સ્વિમિંગ પૂલમાં તરવા પડ્યાં. અને કોણ જાણે પણ કેવી રીતે લક્ષ્મીકાંતજીની બન્ને બાળકીઓ ડૂબી ગઈ. લક્ષ્મીકાંત-જયાબહેનના જીવનમાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો. આ દુખ સહન કરવાનું બંને માટે અસહ્ય હતું. તોયે લક્ષ્મીકાંત તો વ્યવસાયને કારણે થોડા સ્વસ્થ થયા, પણ જયાબહેન માટે તો જીવન જીવવું આકરું થઈ પડ્યું હતું. આખો દિવસ રડ્યા કરતાં. લક્ષ્મીકાંતજીને પણ વેપાર-ધંધાનું કામ પતે પછી ઘરમાં આવવાનું મન થાય નહીં. લક્ષ્મીકાંતજીને નાનપણથી વાંચનનો શોખ. કવિતા સાંભળવી પણ ગમે. તેમના મિત્ર વર્તુળમાં ઘણા કવિ-લેખકો હતા. આ સર્જકો સાંજના સમયે ક્યાંક ને ક્યાંક મહેફિલ જમાવતા. ક્યારેક ઈરાની રેસ્ટોરાંમાં તો ક્યારેક બંધ દુકાનના ઓટલા પર, લક્ષ્મીકાંત પણ એ મહેફિલમાં સામેલ થતા અને સર્જકોની રચના સાંભળતા, તેમને સારું લાગતું.

થોડા સમય પછી તેમની વેરાન જિંદગીમાં એક નાનકડી પરી આવી. તેનાં બે વર્ષ પછી બીજી નાનકડી પરી આવી. લક્ષ્મીકાંત-જયાબહેનને લાગ્યું તેમની ગયેલી બંને દીકરીઓ પાછી આવી ગઈ છે. બે દીકરીઓના જવાનું દુઃખ તો હૈયે હતું જ, પણ આ નવી જન્મેલી બે દીકરીઓને કારણે આ દંપતીને જીવન જીવવાનો હેતુ મળ્યો. લક્ષ્મીકાંત વ્યવસાય સાથે સેવાનાં અનેક કામ કરતા થયા. વૈધકિય, શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક કાર્યોમાં પોતાનું યોગદાન તન, મન, ધનથી આપતા હતા. આ બધાં કામ એવાં હતાં જે લગભગ બધા જ ધનપતિઓ કરતા હોય છે, તેમાં કાઈ નવું ન હતું, પણ લક્ષ્મીકાંત સાહિત્ય ક્ષેત્રે કાર્યરત થયા. ઘણા બધા કવિ મિત્રો હોવાને કારણે કવિ-લેખકોને પ્લૅટફૉર્મ આપવાનું તેમણે શરૂ કર્યું. સંગીતકારોને પ્રોત્સાહન આપવાનું પણ તેમને ગમે છે. બન્ને દીકરી પરણી ગઈ. કાળક્રમે પત્નીનું અવસાન થયું. ૮૭ વર્ષની ઉંમરે લક્ષ્મીકાંત ઘરમાં એકલા થઈ ગયા છે, પણ તેમની પ્રવૃત્તિઓને કારણે તેમને એકલતા સાલતી નથી. વારંવાર કવિ-સંમેલનના કાર્યક્રમ ગોઠવે, સંગીતના કાર્યક્રમો ગોઠવે અને આ મહેફિલમાં એક સરખો શોખ ધરાવતા મિત્રોને આમંત્રણ આપે, પ્રેમથી જમાડે. આમ પોતાને ગમતી પ્રવૃત્તિ લક્ષ્મીકાંત કરે જ છે, મિત્રોને પણ ગમતાનો ગુલાલ કરાવે છે.

આ બધા વચ્ચે એક સરસ મજાનો કાર્યક્રમ લક્ષ્મીકાંતભાઈ વર્ષમાં એક વાર કરે છે. મહારાષ્ટ્રના હિલ સ્ટેશન પર એક રામમંદિર છે. એના લક્ષ્મીકાંતજી ટ્રસ્ટી રૂપે દર વર્ષે રામનવમીના ત્રણ દિવસ હિલ સ્ટેશન પર સગાં-સ્નેહી-મિત્રોને નિમંત્રણ આપે. રામનવમીના દિવસે રામ જન્મોત્સવ મનાવે. આમંત્રિતોમાં જાણીતા લેખકો, ગાયકો, નાટક-સિનેમાના કલાકારોને લાવવા-લઈ જવાની-ખાવા પીવાની બધી સગવડ લક્ષ્મીકાંતભાઈ ખૂબ પ્રેમથી કરે. આ ઉંમરે પણ આવાં સુંદર કાર્યક્રમોનું આયોજન કરીને સાહિત્ય-સંગીતને પ્રોત્સાહન આપવાનો લક્ષ્મીકાંતભાઈનો મિજાજ આમ અલગ પ્રકારનો છે. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઑફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/7zcCbSocIGM
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# મુંબઈ સમાચાર લાડકી

(ભાગ: ૫)
**નામ: સ્નેહલતા**
સમય: ૨૦૨૬
સ્થળ: બાંદ્રા, મુંબઈ
ઉંમર: ૭૧ વર્ષ

કોઈ પણ અભિનેત્રીનાં લગ્નની ઉંમર કંઈ હોય? એ જ્યારે શરૂઆતમાં પોતાની કારકિર્દીમાં સંઘર્ષ કરતી હોય ત્યારે લગ્ન ન કરી શકે, પછી જ્યારે કારકિર્દી મધ્યાહ્ને હોય ત્યારે એની પાસે લગ્ન કરવાનો સમય ન હોય. એક માન્યતા એવી પણ છે કે પરિણીત અભિનેત્રીનો ફૅન વર્ગ ઘટી જાય-કદાચ આજે એ માન્યતા નથી, પરંતુ ૧૯૭૦-૮૦ના દાયકામાં પરિણીત અભિનેત્રીને અન્ય હીરો સાથે રોમાંસ કરતી જોવાનું પ્રેક્ષકો પસંદ કરતા નહીં. હેમા માલિની, રેખા, ઝીનત અમાન, પરવીન બાબી સહિત અનેક અભિનેત્રીઓએ પોતાની કારકિર્દી માટે લગ્ન ન કર્યાં. તો વહીદા રહેમાન અને શર્મિલા ટાગોર જેવી અભિનેત્રીઓએ પોતાના લગ્નજીવનને બહુ જાહેર ન થવા દીધું. આ એવો સમય હતો જ્યારે પ્રેક્ષકોના મોરલ અને વૅલ્યૂ થોડાં જુદાં હતાં. ૭૦ના દાયકામાં જ્યારે ઉપેન્દ્ર ત્રિવેદી સાથે મારી જોડી જામી ત્યારે નવાઈની વાત એ હતી કે ઉપેન્દ્ર ત્રિવેદી પરણેલા હતા, પણ પ્રેક્ષકો એમના પરિણીત હોવા વિશે સભાન કે સજાગ નહોતા. જ્યારે મારા નિર્માતાઓ એ વાતે ડરતા હતા કે જો હું લગ્ન કરીશ કે મારાં લગ્ન જાહેર થઈ જશે તો મારી લોકપ્રિયતામાં ઓટ આવશે. આમ તો અભિનેત્રીના પરિણીત હોવા સાથે એના અભિનયને કોઈ સંબંધ ન જ હોવો જોઈએ, પરંતુ એ સમયની વાત જુદી હતી!

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## આજે પણ ટેલિવિઝન ને સિનેમા માટે ઑફર આવતી રહે છે

૧૯૭૨માં 'બેઇમાન' નામની ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન કરતા એક નિર્માતા-દિગ્દર્શક સોહનલાલ કંવર મને મળવા આવ્યા. એ ફિલ્મમાં મનોજકુમાર અને રાખી હતાં, પરંતુ એક મજબૂત સહાયક અભિનેત્રી માટે એમણે મને ઑફર આપી. મારી ગુજરાતી ફિલ્મની કારકિર્દી હજી શરૂ નહોતી થઈ. હિન્દી ફિલ્મોમાં મારી પાસે એવું કામ નહોતું. મારે મુખ્ય હીરોઇનના રોલ કરવા હતા, પરંતુ એવી કોઈ ઑફર આવતી નહોતી એટલે મેં સહાયક અભિનેત્રીનો રોલ સ્વીકારી લીધો. ફિલ્મ સારી બની અને ચાલી પણ સારી. સોહનલાલ કંવરજી સાથે મારી એ ફિલ્મના શૂટિંગ દરમિયાન ઓળખાણ થઈ. એ પછી એમણે 'સમાનતા' અને 'નાટક' જેવી ફિલ્મો બનાવી. વિજય અરોરા અને મૌસમી ચૅટર્જી સાથે એ ફિલ્મમાં પણ હું મહત્ત્વની ભૂમિકામાં હતી. અમારી ઓળખાણ પછી ધીરે ધીરે અમારી વચ્ચે મૈત્રી કેળવાઈ.

સોહનલાલજી પણ પરિણીત હતા. એમની પત્ની શીલા સાથે એમના સંબંધો થોડાક તનાવપૂર્ણ હતા. 'નાગ પદ્મિની' (૧૯૫૭), 'અનપઢ' (૧૯૬૨) અને 'આપ કી પડછાઇયા' (૧૯૬૪) જેવી ફિલ્મોમાં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યા પછી એ સ્વતંત્ર નિર્માતા-દિગ્દર્શક બન્યા. એમની પહેલી ફિલ્મ 'પહેચાન' (૧૯૭૦)માં આવી. એ પછી 'બેઇમાન' (૧૯૭૨), 'સંન્યાસી' (૧૯૭૫), 'આત્મારામ' (૧૯૭૯), 'પૈસા યે પૈસા' (૧૯૮૫) અને 'સ્વાર્થી' (૧૯૮૬) જેવી ફિલ્મોનું એમણે નિર્માણ અને દિગ્દર્શન કર્યું. અમારી મૈત્રી દરમિયાન મારી કારકિર્દી વધુને વધુ સફળ થઈ રહી હતી. સોહનલાલજીએ મારી કેટલીક ફિલ્મોમાં ઇન્વેસ્ટમેન્ટ પણ કર્યું હતું. એથી અમારે અવારનવાર મળવાનું થતું. હું એક સંસ્કારી મરાઠી પરિવારમાં જન્મી અને ઉછરી, લગ્ન માટે મારી મા આગ્રહ કરી રહી હતી. ૧૯૭૦ના દાયકામાં હું પણ યુવાન હતી, લગ્ન માટે મારી યોગ્ય ઉંમર હતી, પરંતુ હું કારકિર્દીમાં વ્યસ્ત હતી એટલે લગ્ન ટાળી રહી હતી. હિન્દી સિનેમામાં એવી યોગ્ય ઑફર નહોતી આવતી એટલે મારાં માતા-પિતા લગ્ન માટે વધુ ને વધુ દબાણ કરવા લાગ્યાં, પરંતુ એ જ સમયે મને ગુજરાતી ફિલ્મ 'હોથલ પદમણી'ની ઑફર આવી. ફિલ્મ સુપરહિટ થઈ. ગીતો લોકપ્રિય થયાં, ને પછી તો પાછું વળીને જોવાનો સમય જ નહોતો.


સ્નેહલતા

૧૯૭૪માં રજૂ થયેલી ફિલ્મ પછી લગભગ ૧૯૮૦ સુધી લગાતાર દર વર્ષે મેં ત્રણથી વધુ ફિલ્મો કરી. એ દરમિયાન લગ્નનો વિચાર ન આવે એ સ્વાભાવિક હતું, ને સાથે જ માતા-પિતાને મારા ભવિષ્યની ચિંતા થાય એ પણ સ્વાભાવિક હતું. હું ઘરે કહી શકતી નહોતી, પરંતુ સોહનલાલજી સાથે મારા સંબંધો વધુ ને વધુ ગાઢ થતા જતા હતા. એમનો નમ્ર સ્વભાવ, સમજણ શક્તિ અને ઉદાર વ્યક્તિત્વ મને વધુ ને વધુ આકર્ષતાં હતાં. હું આમ પણ સેટ પર કોઈની સાથે ઝાઝી વાત કરતી નહીં. સ્વભાવે રિઝર્વ્ડ હોવાને કારણે મારે બહુ મિત્રો પણ થતા નહીં, એટલે સોહનલાલજી સાથેની નિકટતા બહુ જાહેર થઈ નહીં. એ મને ભાગ્યે જ સેટ પર મળવા આવતા. કદાચ મળવા આવે તો પણ અમે બહાર જ બેસતાં. પરિણીત હોવાને કારણે એ પોતાના પ્રેમનો સ્વીકાર કરી શકે એમ નહોતા, પરંતુ એમની આંખોમાં મારા પરત્વેની લાગણી જોઈ શકતી હતી. એક દિવસ મેં એમને પૂછી નાખ્યું. એમણે ખૂબ જ સંસ્કારી અને આદરપૂર્ણ જવાબ આપ્યો જેનાથી મને સમજાયું કે હું જે વ્યક્તિની સાથે મારું જીવન જોડવા માગું છું એ આવી જ, બલ્કે આ જ હોઈ શકે! અમારી વચ્ચેનો મૌન પ્રેમ પાંગરતો રહ્યો, પરંતુ એની જાહેરાત થઈ શકે એવી સ્થિતિ નહોતી. શીલાજી સાથેના એમના સંબંધો તનાવપૂર્ણ હોવા છતાં એ પોતાના પરિવાર પ્રત્યે નિષ્ઠા અને સ્નેહ ધરાવતા હતા. હું પણ મારા ઘરે આ વાત ખૂલીને જાહેર કરી શકું એમ નહોતી. એક પરિણીત વ્યક્તિ સાથેના સંબંધો મારાં માતા-પિતા ક્યારેય નહીં સ્વીકારે એની મને ખાતરી હતી. સોહનલાલજી વર્ષો સુધી અમારાં પારિવારિક મિત્ર રહ્યા. એ અમારા ઘરે આવતા. સૌને હળતા-મળતા, પરંતુ અમારો પ્રેમ બહુ ખૂલીને અભિવ્યક્ત ન જ થઈ શક્યો.

૧૯૮૦ના દાયકામાં જ્યારે ઉપેન્દ્ર ત્રિવેદીએ રાજકારણ તરફ વળવા માંડ્યું ત્યારે નરેશભાઈ સાથે મિત્રતા થઈ. સાથે કામ કરતાં કરતાં અમે ક્યારેક અંગત વાતો પણ કરી લેતાં. મેં જ્યારે નરેશભાઈને મારા પ્રેમ અને એની સાથે જોડાયેલી મુશ્કેલીઓ વિશે જણાવ્યું ત્યારે એમણે એમના સ્વભાવ મુજબ કહ્યું, 'પ્યાર કિયા તો ડરના ક્યા!' મેં હિંમત કરીને સોહનલાલજીને જણાવ્યું કે હું એમની સાથે લગ્ન કરવા માગું છું. એ સમયમાં નરેશભાઈ સાથે અમારી જોડીની લોકપ્રિયતા શિખર પર હતી. સોહનલાલજીએ તરત જ મારો પ્રસ્તાવ સ્વીકારી લીધો, પરંતુ એમણે સ્પષ્ટતા કરી કે એમના પ્રથમ પરિવાર પરત્વે એમની જવાબદારી કે નિષ્ઠા ક્યારેય ઓછાં નહીં થાય. મને પણ એમાં કોઈ વાંધો કે વિરોધ નહોતો જ. મરાઠી સંસ્કારી પરિવારમાં ઉછરેલી એક છોકરી કોઈનું ઘર તોડીને પોતાનું ઘર ન વસાવે એટલું તો નક્કી જ હતું! શીલાજીના તમામ અધિકારો પૂર્ણ કર્યા પછી એમની મંજૂરી સાથે મેં અને સોહનલાલજીએ લગ્ન કર્યાં. મેં સિનેમાની કારકિર્દી છોડી દેવાનું નક્કી કર્યું...

વર્ષો સુધી કામ કર્યા પછી હું પણ એક શાંત-સુખી પારિવારિક જીવન જીવવા માગતી હતી. ત્યાં સુધીમાં મેં એટલું કમાઈ લીધું હતું કે હું સ્વતંત્ર રીતે કોઈનીયે આર્થિક સહાય વગર મારી જિંદગી જીવી શકું. સોહનલાલજી પાસેથી મને આર્થિક સહાયની કોઈ અપેક્ષા ક્યારેય નહોતી... પરંતુ એમણે પોતાની લાગણી અને સ્નેહનો સહારો મને જીવનભર આપ્યો. અમારે ત્યાં એક પુત્રીનો જન્મ થયો. ૧૯૮૯માં સોહનલાલજી આ જગત છોડીને ચાલી ગયા. એ પછી શીલાજીએ અને એમના પરિવારે સંપતિ માટે કોર્ટમાં કેસ કર્યા. જે હજી ચાલી રહ્યા છે...

ફિલ્મી દુનિયાથી વિદાય લીધા પછી મારા બાંદ્રાના ઘરમાં હું શાંતિથી જીવું છું. મને કોઈ દિવસ ગ્લૅમરની દુનિયા કે ફિલ્મી કારકિર્દીનો અભાવ સાલ્યો નથી. અચાનક એક દિવસ અરુણ ભટ્ટ મને મળવા આવ્યા. એ એક સુંદર ફિલ્મ 'લખતરની લાડી વિલાયતનો વર' (૧૯૯૮) બનાવી રહ્યા હતા. જેમાં નરેશ કનોડિયાની પત્ની અને હિતુ કનોડિયાની માતાની ભૂમિકા માટે એમને મારી જરૂર હતી. એમણે ખૂબ આગ્રહ કર્યો ત્યારે મેં એક નાનકડી ભૂમિકા ભજવવાની હા પાડી. આનંદ અને આશ્ચર્ય એ વાતનું થયું કે ફિલ્મમાં દસ વર્ષ પછી પણ પ્રેક્ષકોએ અમારી જોડીને વધાવી લીધી!

આજે પણ ટેલિવિઝન અને સિનેમા માટે ઑફર આવતી રહે છે, પરંતુ મેં જાહેરજીવનથી નિવૃત્તિ સ્વીકારી છે... આનંદથી અને સંતોષથી સ્વીકારેલી આ નિવૃત્તિની સ્થિતિ મારે હવે બદલવી નથી.

(સમાપ્ત)■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com




*જૌહરો મેં લલનાએ કુછ કમ નહીં*
*વક્ત આને પર 'લક્ષ્મી' ભી બન જાતી હૈ*

આ પંક્તિઓ કોણે રચેલી એ પ્રશ્નનો ઉત્તર કદાચ કોઈ નહીં જાણતું હોય, પણ ગાંધીજી આ કોકિલકંઠી રચનાકારને 'ભારતનું બુલબુલ' કહીને સંબોધતાં એવો સંકેત આપવામાં આવે તો કોઈ પણ કવયિત્રીનું નામ કહી દેશેઃ સરોજિની નાયડુ.'હિંદનું બુલબુલ' હોવાની સાથે સરોજિની નાયડુ અગ્રીમ હરોળનાં સ્વાતંત્ર્ય સૈનિક પણ હતાં. સરોજિનીનો અર્થ કમળથી ભરેલું તળાવ કે કમળસમૂહ થાય. સ્વતંત્રતા સેનાનીઓના સરોવરમાં વિવિધ પ્રકારનાં ફૂલ ઊગેલાં. એમાં સરોજિની કમળ બનીને ખીલી ઊઠ્યાં અને નામને સાર્થક કર્યું.

ભારત કોકિલા તરીકે પણ જાણીતાં થયેલાં સરોજિની નાયડુએ સવિનય કાનૂનભંગ અને ભારત છોડો આંદોલન સહિત અનેક સત્યાગ્રહોમાં ભાગ લીધેલો. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનાં અધ્યક્ષ બનનારાં પ્રથમ ભારતીય મહિલા સરોજિની જ હતાં. મહિલા મતાધિકાર આંદોલનનાં સૂત્રધાર પણ સરોજિની જ. ભારતના કોઈ પણ રાજ્યનાં રાજ્યપાલ બનનારાં પ્રથમ ભારતીય મહિલા પણ સરોજિની જ. આઝાદી પછી ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ તરીકેની જવાબદારી એમને સોંપાયેલી. એમનો જન્મદિવસ રાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઊજવવામાં આવે છે. એમના પ્રદાનને બિરદાવવા ભારત સરકારે ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૪ના પંદર નયા પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી.

બહુમુખી પ્રતિભા ધરાવતાં સરોજિનીનો જન્મ હૈદરાબાદમાં ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના. સુખીસંપન્ન બંગાળી પરિવારમાં. માતા વરદસુંદરી દેવી. પિતા અઘોરનાથ ચટ્ટોપાધ્યાય. આઠ સંતાનોમાં સરોજિની સૌથી મોટાં. પિતા વૈજ્ઞાનિક હતા અને શિક્ષક પણ. એમણે હૈદરાબાદ નિઝામ કૉલેજની સ્થાપના કરાવેલી. વરદસુંદરી દેવી વિદુષી કવયિત્રી હતાં. બંગાળી ભાષામાં કવિતા લખતાં. અઘોરનાથની ઇચ્છા હતી કે દીકરી ગણિતમાં આગળ વધે અથવા વૈજ્ઞાનિક બનીને વિશ્વમાં નામના કરે. પણ સરોજિનીને સાહિત્યનો લગાવ હતો.




ભણતી વખતે ગણિતનો દાખલો ગણતાં ગણતાં સરોજિનીએ તેરસો પંક્તિનું કાવ્ય રચેલું. શીર્ષક હતું : 'લેડી ઑફ ધ લેઈક' કે 'ઝીલ કી રાની'-ઝરણાંની રાણી! અઘોરનાથે હૈદરાબાદના નિઝામને પણ સરોજિનીનું સાહિત્ય બતાડ્યું. નિઝામ પ્રભાવિત થયા. એમણે સરોજિનીને શિષ્યવૃત્તિ આપીને ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ મોકલ્યાં.

સોળ વર્ષની ઉંમરે સરોજિની ઇંગ્લૅન્ડની કિંગ્સ કૉલેજમાં દાખલ થયાં. એ પછી કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં પણ અભ્યાસ કર્યો. આ અરસામાં સરોજિનીની મુલાકાત તબીબી શિક્ષણ લઈ રહેલા ગોવિંદ રાજુલૂ નાયડુ સાથે થઈ. પરિચય પરિણયમાં પરિણમ્યો. ૧૮૯૮માં ઓગણીસ વર્ષની ઉંમરે સરોજિની ગોવિંદ સાથે વિવાહબંધનમાં બંધાઈ ગયાં. બંગાળ અને આંધ્ર એક થયાં. આ ક્રાંતિકારી લગ્ન હતાં. ગોવિંદ રાજુલૂ આંધ્ર પ્રદેશના હતા. બીજી જાતિના હતા. સરોજિનીનાં આંતરજ્ઞાતીય અને આંતરપ્રાંતીય લગ્ન લોકજોણું બની ગયાં. પણ પિતા અઘોરનાથ પુત્રીને પડખે અડીખમ પહાડ બનીને ઊભા રહ્યા. વાજતેગાજતે એમણે સરોજિનીને સાસરે વળાવી.

ઘણી વાર પિયરની પ્રતિભા સાસરિયામાં વાદળ પાછળના સૂરજપેઠે ઢંકાઈ જાય છે, પણ સરોજિનીનો સાહિત્યસૂર્ય ગોવિંદ રાજુલૂના સાંનિધ્યમાં સોળે કળાએ ખીલી ઊઠ્યો. ૧૯૦૫માં સરોજિનીનું કાવ્ય બુલબુલે હિન્દ પ્રકાશિત થયું. 'ગોલ્ડન થ્રેસહોલ્ડ' નામનો કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો. એ રાતોરાત જાણીતાં થઈ ગયાં. સરોજિનીના પ્રશંસકોમાં જવાહરલાલ નેહરુ અને રવીન્દ્રનાથ ટાગોર જેવી હસ્તીઓનો પણ સમાવેશ થતો હતો.

એમાં ગોપાલ કૃષ્ણ ગોખલેનો ઉમેરો થયો. બન્યું એવું કે એક દિવસ સરોજિની ગોપાલ કૃષ્ણને મળ્યાં. એમણે સરોજિનીનાં કાવ્યો વખાણ્યાં. સો શસ્ત્રની ગરજ સારતી કલમમાં કેટલી તાકાત છુપાયેલી છે એ પણ સમજાવ્યું. સાથે એવું સૂચન કર્યું કે સરોજિનીએ ક્રાંતિકારી કાવ્યો રચીને, એ કવિતાઓના માધ્યમથી ગામડાંના લોકોને આઝાદી આંદોલનમાં જોડવા જોઈએ. કલમ દ્વારા સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવાની વાત સરોજિનીને ગમી ગઈ. એમણે દેશવાસીઓમાં જુસ્સો રેડતાં કાવ્યો લખવાનું શરૂ કર્યું.

ગોપાલ કૃષ્ણ ગોખલેની મુલાકાતથી સરોજિની નાયડુના જીવનને નવો વળાંક મળ્યો, જ્યારે મહાત્મા ગાંધીજીના મેળાપથી એમનો જીવનપ્રવાહ જ પલટાયો વર્ષ ૧૯૧૪. લંડનમાં સરોજિની અને ગાંધીજીનું પ્રથમ મિલન. ગાંધીજીના વિચારોએ સરોજિની પર પ્રભાવ પાડ્યો. એટલાં પ્રભાવિત થયાં કે ગાંધીજીનાં સેનાપતિ થઈ ગયાં. ૧૯૧૬માં લખનઉમાં કૉંગ્રેસ રાષ્ટ્રીય અધિવેશનમાં સરોજિનીએ ભાગ લીધો. ગાંધીજીની માફક આખાયે દેશનું ભ્રમણ કર્યું. સેનાપતિ સ્થળનિરીક્ષણ કરતો હોય એ રીતે. ઝંઝાવાતી પ્રવાસ કરીને આઝાદીનો નારો ગજવ્યો.

ભારતમાં જ નહીં, વિશ્વમાં પણ ઝંડો ઊંચો રાખવાના લક્ષ્ય સાથે સરોજિનીએ સ્વરાજની લડતમાં ઝુકાવ્યું. અસ્ખલિતપણે બોલતાં સરોજિનીની વાણી ને વાક્છટાથી લોકો મંત્રમુગ્ધ થઈ જતા. જંગમાં જોડાવા પ્રેરાતાં સરોજિની નાયડુએ દેશની સાથે વિદેશમાં પણ પોતાના નામનો ડંકો વગાડેલો.૧૯૧૮માં એમને 'હોમરૂલ લીગ'નાં પ્રતિનિધિમંડળનાં સભ્ય તરીકે લંડન મોકલવામાં આવેલાં. તેમનું છટાદાર પ્રવચન સાંભળીને લંડનવાસીઓ અંજાઈ ગયેલા. જીનીવામાં એમણે મહિલા મતાધિકાર પરિષદમાં યાદગાર ભાષણ આપેલું.

વર્ષ ૧૯૨૧. સરોજિની ભારત પાછાં ફર્યાં ત્યારે અસહકારનું આંદોલન ચાલી રહેલું. ૧૯૨૨માં ગાંધીજીની ધરપકડ થઈ. ત્યારે સરોજિનીનું સમર્પણ જોઈને બાપુએ કહેલું: 'ભારતનું ભાવિ હું તમારા હાથમાં સોંપીને જાઉં છું.' સરોજિનીએ બાપુએ પોતાના પર મૂકેલો ભરોસો જળવાઈ રહે એવી દક્ષતાથી કામ કર્યું. ચાર વર્ષ પછી ૧૯૨૫માં કાનપુરમાં મળેલા કૉંગ્રેસ રાષ્ટ્રીય અધિવેશનમાં સરોજિની અધ્યક્ષા બન્યાં. ગાંધીજીએ એમનું આ શબ્દોમાં ઉમળકાભેર સ્વાગત કર્યુંઃ 'પહેલી વાર એક ભારતીય મહિલાને દેશની સૌથી શ્રેષ્ઠ સોગાદ મેળવવાનું સન્માન પ્રાપ્ત થયું છે. પોતાની લાયકાત અને યોગ્યતાને લીધે જ એમણે આ સન્માન મેળવ્યું છે.'

ત્રણ વર્ષ બાદ, ૧૯૨૮માં સરોજિની અમેરિકા ગયાં. ગાંધીજીના અહિંસાના સંદેશાનો પ્રચાર કર્યો. એ પછી ૧૯૩૦માં નમક સત્યાગ્રહ થયો. ગાંધીજીની ધરપકડ થઈ ત્યારે સરોજિનીએ સત્યાગ્રહના સૂત્રધાર તરીકેની જવાબદારી સંભાળી લીધી. એ પછી અંતિમ લડત તરીકે જાણીતી ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળમાં સરોજિની જોડાયાં. 'કરો યા મરો'નું સૂત્ર ગજાવ્યું. ગાંધીજીની સાથે સરોજિનીની પણ ધરપકડ થઈ. એકવીસ મહિનાનો જેલવાસ તેમણે વેઠ્યો.

ભારત દેશ આઝાદ થયા પછી સરોજિની નાયડુને ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ બનાવાયાં. વડા પ્રધાન જવાહરલાલ નેહરુના આગ્રહથી પદનો સ્વીકાર તો કર્યો, પણ એમણે કહેલું, કેદ કરાયેલા જંગલના પક્ષી જેવી અનુભૂતિ મને થાય છે. જોકે પોતાની ફરજ સરોજિનીએ અત્યંત નિષ્ઠાથી અદા કરી. રાજ્યપાલ તરીકે હોદ્દા પર કાર્યરત હતાં ત્યારે જ, ૨ માર્ચ ૧૯૪૯ના પોતાની કચેરીમાં કામ કરતાં સરોજિનીને હૃદયરોગનો હુમલો આવ્યો અને દુનિયા છોડીને ચાલ્યાં ગયાં. સરોજિની નાયડુએ વિદાય લીધી, પણ એમનાં કાવ્યો થકી અને આઝાદી આંદોલનમાં કરેલા પ્રદાનથી તેઓ અમર થઈ ગયાં છે! ■

## ઘરથી દૂર - જાતની શોધમાં...

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

સાંજના સાત વાગ્યા હતા. સૂર્યનો છેલ્લો પ્રકાશ ધીમે ધીમે ઓસરી રહ્યો હતો. રસોડામાં સ્નેહા ડિનરની તૈયારી કરી રહી હતી. અને હૉલમાં સુમિત ટીવી સામે પથરાયેલો હતો. ઘરમાં બધું પોતાની રોજિંદી લયમાં ચાલી રહ્યું હતું, પણ ઊગીને ઊભી થઈ રહેલી અહાના માટે આ ઘર જાણે એને કરડવા દોડતું હોય એમ હરહંમેશ બહાર જવા તલપાપડ બની રહેતી :

'મને કોઈ રોકે નહીં, મને કોઈ ટોકે નહીં. બસ, મારી મરજી. હું બહાર જાઉં કે ઘરે રહું... મારી મરજી...' એવા મેન્ટલ બ્લૉક સાથે એ બૅગ ખભે નાખી દરવાજા તરફ આગળ વધી.

'ક્યાં જાય છે?' સ્નેહાએ પૂછ્યું.

'બસ, ફ્રેન્ડ્સ સાથે બહાર.'

'કેટલા વાગ્યે આવીશ?'

'ખબર નથી મમ્મી. આવી જઈશ.'

'ક્યાં જઈ રહી છે?'

અહાના એક ક્ષણ માટે ઊભી રહી. પછી ચીડાઈને બોલી,

'મમ્મી, પ્લીઝ! આટલા બધા સવાલ કેમ પૂછે છે? હું હવે નાની નથી.'

દરવાજો બંધ થઈ ગયો. સ્નેહા થોડી ક્ષણ સુધી એ બંધ દરવાજાને જોતી રહી. આ દૃશ્ય આજે અનેક ઘરમાં લગભગ રોજનું બની ગયું છે. ટીનએજમાં પ્રવેશતાં જ ઘણાં બાળકોને ઘર કરતાં બહારની દુનિયા વધુ આકર્ષક લાગવા લાગે છે. મિત્રો સાથે ફરવું, કલાકો સુધી વાતો કરવી, કૅફેમાં બેસવું, કારણ વગર રસ્તાઓ પર ભટકવું કે ફોન પર નવા લોકો સાથે જોડાઈ રહેવું... આ બધું એમને મન આઝાદીનો નવોસવો અનુભવ કરાવતી



રોમાંચક ઘટનાઓ છે, પરંતુ પ્રશ્ન એ છે કે પોતાના પેરેન્ટ્સ સાથે વાત કરવામાં બિલકુલ રસ ના દાખવતાં ટીનએજર્સ કોઈ નવા મળેલા માણસ સાથે સહેલાઈથી કઈ રીતે બૉન્ડ બનાવી લેતાં હશે?

ટીનએજ મગજના વિકાસનો અત્યંત મહત્ત્વનો તબક્કો છે. આ ઉંમરે મગજનો પ્રીફ્રન્ટલ કોર્ટેક્સ હજી સંપૂર્ણ રીતે વિકસતો હોય છે. આ ભાગ નિર્ણય લેવાની ક્ષમતા, આવેગ પર નિયંત્રણ, જોખમનું મૂલ્યાંકન અને ભવિષ્યનાં પરિણામો વિશે વિચારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીજી તરફ, લાગણીઓ, નવી વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ અને રોમાંચની અનુભૂતિ સાથે જોડાયેલી મગજની સિસ્ટમ આ ઉંમરે ખૂબ સક્રિય બને છે. એટલે તરુણોનું મન ઘણી વાર કહે છે, 'આ નવું છે, રસપ્રદ છે, કરી જોઈએ.'

અહાના સાથે પણ આવું જ હતું. ઘરમાં મમ્મી એને બધી રીતે ઓળખતી. એની નાની ભૂલો, એની ચિંતાઓ, અભ્યાસની મુશ્કેલીઓ, એના મિત્રો અને આદતો. સ્નેહા બધું જાણતી હતી. એટલે માએ કરેલો સામાન્ય સવાલ પણ અહાનાને ક્યારેક પૂછપરછ જેવો લાગતો. બહારની દુનિયામાં કોઈ એને એટલું ઓળખતું નહોતું. અને આમ પણ આપણને સહુને અજાણ્યા લોકો સામે પોતાની એક નવી ઓળખ ઊભી કરવી સરળ લાગતી જ હોય છે ને!

એક દિવસ અહાના આવી જ કોઈ નવીસવી ઓળખાણના સથવારે વરુણને મળી. વાત કરતાં કરતાં એણે પોતાની કોઈ અંગત વાત વરુણને કહી. જવાબમાં વરુણે માત્ર એટલું કહ્યું, 'તું જેવી છે એવી જ સારી છે.' અહાનાના મનને આ વાક્ય ખૂબ ગમ્યું, કારણ કે તરુણાવસ્થામાં સ્વીકારની જરૂરિયાત ખૂબ વધી જાય છે. ટીનએજર્સ ધીમે ધીમે 'હું મારાં માતા-પિતાનું બાળક છું' માંથી 'હું પોતે કોણ છું?' તરફ આગળ વધે છે. પોતાની પસંદગી, પોતાનો નિર્ણય, પોતાની ઓળખ અને મિત્રો વચ્ચેનું સ્થાન એના માટે અતિ મહત્ત્વનું બની જાય છે.

જોકે અહીં એક નાજુક સીમા છે. સ્વતંત્રતા અને બેદરકારી વચ્ચેની. સાચી મિત્રતા અને અજાણ્યા લોકો પર મૂકેલા આંધળા વિશ્વાસ વચ્ચેની. ઘરથી થોડું દૂર જવાની ઇચ્છા અને ઘરથી ભાવનાત્મક રીતે સંપૂર્ણપણે દૂર થઈ જવા વચ્ચેની.

વરુણે એ જ વાત બીજા ચાર વ્યક્તિઓને કરી. આહનાની એ પર્સનલ વાત હવે જાહેર થઈ ચૂકી હતી, એનો ગુસ્સો વરુણ પર તો ઊતરી શકે એમ હતો નહી એટલે આહનાએ સ્નેહા અને સુમિત પર અકારણ રોષ ઠાલવ્યો. અજાણ્યા લોકોની નજીક જવાની ઘેલછા આહનાને ધીરે ધીરે પોતાના વ્યક્તિઓથી દૂર લઈ જઈ રહી હતી એ એને સમજાય નહોતું રહ્યું.

એક સાંજે અહાના ઘરે પાછી આવી ત્યારે રસોડામાં મમ્મી નહોતી. ડાઇનિંગ ટેબલ પર એક નાની ચિઠ્ઠી પડી હતી :

'તારે તારી દરેક વાત મને કહેવી જરૂરી નથી. તારી પોતાની દુનિયા છે અને એ દુનિયામાં તને પોતાનું આકાશ જોઈએ એ હું સમજું છું. બસ એટલું યાદ રાખજે કે જ્યારે આખી દુનિયા તને સમજતી ના લાગે, ત્યારે પણ આ ઘર તને સાંભળવા માટે તૈયાર રહેશે...'

અહાના લાંબા સમય સુધી એ ચિઠ્ઠી જોઈ રહી. એ દિવસે પહેલી વાર તેને સમજાયું કે કદાચ મમ્મી એની દુનિયા રોકવા માગતી નહોતી. મમ્મી તો માત્ર એની દુનિયામાં પોતાનું એક નાનું એવું સ્થાન જાળવી રાખવા માગતી હતી.

તરુણોને સતત ઘરમાં રોકી રાખવો ઉકેલ નથી. દરેક પગલાં પર નજર રાખવી પણ નહીં. સાચી જરૂરિયાત છે એવું ઘર બનાવવાની, જ્યાં એ બહારની દુનિયા શોધવા જાય, નવા લોકોને મળે, પોતાની ઓળખ બનાવે, છતાં એને પાછા ફરવાનું મન થાય. 'બૅક ટુ બેઇઝ' કારણ કે તરુણાવસ્થા ઘર છોડવાની ઉંમર નથી. એ તો ઘરથી થોડું દૂર જઈ જાતને શોધવાની ઉંમર છે. અને માતા-પિતાની સૌથી સુંદર ભૂમિકા કદાચ દરવાજો બંધ કરવાની નહીં, પરંતુ એવો દરવાજો ખુલ્લો રાખવાની છે કે બાળક દુનિયા ફરીને થાકી જાય ત્યારે નિઃસંકોચ પાછું આવી શકે અને મા-બાપને કહી શકે :

'આજે તમારી પાસે થોડી વાર બેસું?' ■

# લો... એક પર એક ફ્રી!

લાફટર આફટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com




'આ વળી શું પકડી લાવી? ઘરમાં જરા જેટલી જગ્યા નથી ને તું રોજ...'

'આ તો સ્કીમ હતી એટલે લીધું. એક ઉપર બે ફ્રી હતું. રમાબહેનની બહેને ખૂબ વિનંતી કરી કે મેં નવો ધંધો શરૂ કર્યો છે. તમારાથી ઉદ્‌ઘાટન થશે તો મારો બેડો જરૂર પાર થશે. તમે મારા માટે બહુ લકી છો. પછી એણે બે વાર તમારું નામ દઈને કીધું કે રમેશભાઈ તો બહુ ભલા, સૌમ્ય અને કેરિંગ નેચરવાળા છે. એટલે મેં બે સાડી લીધી... હવે તમે કહેતા હો તો પાછી આપી દઉં.'

આમ તો દરેક પત્ની જાણતી જ હોય છે કે પતિ પાસે કઈ રીતે ખિસ્સાં ખાલી કરાવવા અને આ દાવ પણ પત્ની જીતી જ ગઈ.

રમેશભાઈ તરત જ બોલી ઉઠ્યા, 'રમાબહેનની બહેન બિચારી નક્કી ભીડમાં હશે. તો જ આમ નવો ધંધો શરૂ કરે ને! બિચારીને આપણે મદદ ન કરીશું તો કોણ કરશે? મારા વિશે બીજું કંઈ કહ્યું હતું? તું એક કામ કર. ચાલ, આપણે સાથે જઈએ. તારે સાડી પણ બીજી લેવી હોય તો લઈ લે. હું પેમેન્ટ પણ કરી દઉં ને જરા અભિનંદન પણ પાઠવી દઉં. એમને જરા સારું લાગશે. આજે આપણને પ્રેમથી યાદ કરનાર કેટલાં!'

હજી તો પહોંચતાં જ રમાબહેનની બહેન મીનાએ વાતોની મીનાકારી એવી કરી કે મારી પાસે રમેશભાઈએ કુલ પાંચ સાડી લેવડાવીને પોતાનો જયજયકાર કરાવી દીધો. હું એમને વારંવાર કહેતી રહી કે આ બે બસ છે... આ બીજી તો બહુ મોંઘી છે... કાનમાં એમ પણ કહ્યું કે આ આપણને નહીં પોસાય. તો પણ રમેશભાઈએ ધરાર મોટાઈ મારતાં કહી દીધું, 'તમે તમારે સારામાં સારી ને મોંઘામાં મોંઘી હોય એવી પાંચ સાડી પૅક કરી દો.'

પાંચ સાડીના દસ હજાર ગૂગલ પે પણ વટ પાડવા કરી જ દીધું. આ તરફ એમની પત્ની વારેવારે કાનમાં 'ખમ્મા કરો... બ્રેક મારો. બહુ થયું... મારે આટલી બધી સાડી નથી જોઈતી, પણ મીનાબહેને એવી તે શી ભુરકી મારી કે દસ હજારનું બિલ વાંચીને તરત જ હું કંઈ બોલું તે પહેલાં ગૂગલ પે કરી પણ દીધું!'

રમેશભાઈ પોતાનો વટ પડી ગયો એટલે પોતાનાં જ વખાણ કરતાં કરતાં ઘર તરફ જવા નીકળ્યા. પતિને બૂચ મારવા નીકળેલ પત્ની શોભાને પહેલીવાર પોતાની હાર થઈ હોય એમ લાગ્યું, કારણ કે એને એટલો તો ખ્યાલ આવી ગયો હતો કે પોતાના પતિનાં વખાણ કરી કરીને મોંઘા ભાવે મીનાબહેન ચાર-પાંચ સાડી પકડાવી રહ્યાં છે, પણ મધઝરતા વેણમાં ગળાડૂબ પતિને બહાર કાઢવાનું કામ અઘરું હતું. અત્યાર સુધી એક પર એક ફ્રી ભેગી કરી કરીને કરેલી બચત એળે ગઈ અને પોતે ખરીદી કરવામાં સૌથી વધુ હોશિયાર છે એ માન્યતા કડડભૂસ થઈ ગઈ.

હજી ઘરે પહોંચ્યા ત્યાં કાયમ એક પર બે સાડી ફ્રીમાં આપી જતો હોલસેલ સાડીનો વેપારી એમનાં બારણામાં ચાર પોટલાં ઉતારીને રાહ જોતો ઊભો હતો. શોભાબહેનને જોતાં જ (કાયમી બકરાને) મોટેથી બૂમો લગાવવા લાગ્યો. 'ચાલો, ચાલો, શ્રાવણ મહિનામાં એક પર બે ફ્રી સાડી. નહીં ગમે કે પછી મારી કિંમતમાં કોઈ સાડી આપે તો તમને પાંચ સાડી ફ્રી... ફ્રી... ફ્રી.'

નજીક પહોંચે એ પહેલાં એક પોટલું ખુલ્લું મૂકી એક સાડી હાથમાં ખોલતાં એ બોલ્યો, 'મારા કાયમી ઘરાક શોભાબહેન, લ્યો, આ સાડી ઉપર બે સાડી ફ્રી. માત્ર ૬૦૦ રૂપિયાની એક સાડીમાં બીજી બે ફ્રી.'

જે સાડી એ બંને મીનાબહેનને ત્યાંથી લઈને આવ્યાં હતાં, એવી જ સાડી માત્ર ૬૦૦માં અને મીનાબેન પાસેથી ૧,૬૦૦માં લીધી હતી. મતલબ અહીં ૬૦૦માં ત્રણ અને ત્યાં ૧,૬૦૦માં એક! હવે કોણ કોને વઢે? કોણ કોનું માથું ફોડે? ધડામ દઈને બારણું બંધ કરી બંને માથે હાથ મૂકીને બેઠાં.

'જે થયું છે એ બધું તારા લીધે જ થયું છે. ના તું બે સાડી લાવતે અને ના હું પાંચ સાડી અપાવતે.'

'મારું તો નામ દેશો જ નહીં. તમે તમારાં વખાણ સાંભળીને લટુડાઈવેડા કરવા નીકળી પડ્યા હતા. મેં કાનમાં દસ વાર કહ્યું કે મોંઘી છે સાડીઓ, મારે નથી જોઈતી. રહેવા દો... પણ ના, સ્ત્રી સશક્તીકરણનો તમે ઠેકો લીધો છે. બહેનોના ઉદ્ધારક! બિલ લઈને તરત જ ગૂગલ પે કરી દીધું. અહીં અમારે રિક્ષાના દસ રૂપિયા કઢાવતાં નવ નેજાં પાણી ઊતરે. શાકભાજી લેવા ચાલતાં મોકલે, દૂધ લેવા ચાલતાં, કામવાળી વગર ચલાવી લો, મશીન બગડે તો હાથે ધોવામાં શું જાય છે... જેવાં ફરમાનો હિંચકે બેસીને કરવામાં હોશિયાર છો. કોઈ ગળી ચોપડી વાત કરીને ફસાવે છે એ સમજવા જેટલી હોશિયારી રાખતા નથી કે પછી જાણી જોઈને ફસાવાનું ગમે છે? મેં જીવનભર ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, ટુવાલ, નેપકીન, ગંજી, સાડી, સાબુ, ડિટર્જન્ટથી લઈને જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ ભાવતાલ કરાવીને એક પર એક ફ્રી જ શોધીને લાવી છું. મેં ઘરમાં બેઠાં બેઠાં તમારી કેટલી બચત કરી છે! મારા જેવી પત્ની તમને ફ્લેશલાઇટ લઈને શોધવા જાવ તો પણ ના મળે. મને તો એક એકથી ચડિયાતા મળતા હતા. પણ...'

'પણ શું?'

'પણ મને તમે જરા વધારે ગમેલા.'

'તે ત્યારે એક પર એક ફ્રી જેવું કંઈ નહોતું? ના... ના, આ તો માન કે હું માફક ન આવત, ત્યારે...'

'એ તો હજી ક્યાં મોડું થયું છે? તમે જ કોઈ એક પર એક ફ્રીની સ્કીમ હોય તો મને કહેજો. મારી ના નથી...'

'તો મારી પણ ક્યાં ના છે?!' ■

# કસોટી જિંદગીની: પ્રેમનાં પારખાં

## તમારા પ્રેમને છૂટો મૂકી દો, જો એ તમારો હશે તો પાછો આવશે, નહીં તો એ તમારો હતો જ નહીં

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com



'રામ્યા, ઓ રામ્યા, અરે રામી, હું તને ક્યારનો બોલાવું છું અને તું સાંભળતી નથી.'

'પણ તું મને રામી કહીને બૂમ કેમ પાડે છે? આ તો કોઈ ઘરના નોકરને રામા કહીને બૂમ પાડે એવું લાગે છે.'

રામ્યાએ ગુસ્સે થતાં તેની સામે જ ઊભેલા અતીતને કહ્યું, 'હું તારી સામે તો ઊભી છું.'

'તું સામે છે પણ સામે નથી, તારું ધ્યાન મારી તરફ ક્યાં હતું, તું તો કંઈક બીજું જોતી હતી.'

'હા, હું બીજું જ જોતી હતી. તને સામે પેલાં યુવક-યુવતી દેખાય છે?'

'હા.'

'તેઓ બંને ચુંબન કરતાં હતાં.'

'તેમાં શું થયું. યુવક એક યુવતીને પ્રેમ કરે તે તો નૉર્મલ કહેવાય અને હવે એક યુવક બીજા યુવકને ચુંબન કરે તે પણ મોટેભાગે નૉર્મલ કહેવાય છે અને હવે આવા સંબંધને સમાજે પણ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સ્વીકારી લીધું જ છે.'

'તારું ભાષણ બંધ કર. હું વિચારતી હતી કે તારામાં અક્કલ ક્યારે આવશે?'

'કેમ? કૉલેજમાં દર વરસે મારો પ્રથમ નંબર આવે છે અને ગોલ્ડ મેડલ મને જ મળે છે.'

'પણ કોઈ યુવતીને પ્રેમ કરવામાં તારો નંબર છેલ્લો આવે છે તેની તને ખબર છે?'

'ના, પણ મને એ તો કહે કે મારે કોને પ્રેમ કરવાનો છે?' અતીતે સહેજ હોઠ મલકાવીને પૂછ્યું.

'તને એટલી તો ખબર છે કે તારે મને પ્રેમ કરવાનો છે.'

'મારો છૂટકો છે, તારી સાથે બે વરસથી રખડું છું અને તું મને છોડતી નથી એટલે મારે તો તારી સાથે જ લગ્ન કરવાં પડશે. મારું ભાવિ તો નક્કી છે. હું તો બરબાદ થવાનો જ છું.'

'ચિંતા ન કરીશ, તું બરબાદ નહીં થાય. હું તને જીવતો રાખીશ અને...'

'અને પછી?'

'તને સતાવ્યે રાખીશ.'

'એમ?'

– અતીત ગંભીર પ્રકૃતિનો હતો અને અભ્યાસ ઉપરાંત તેને બીજા કશામાં રસ ન હતો. હા, તે રામ્યાને પ્રેમ કરતો હતો. બહુ જ પ્રેમ કરતો અને તેને રામ્યાને સતાવવાની મજા આવતી હતી.

– તેને બીજો કોઈ મિત્ર પણ ન હતો.

– ત્યારે રામ્યા એક બિનધાસ્ત યુવતી હતી.

– તે અનેક યુવકો સાથે મિત્રતા ધરાવતી હતી અને જ્યારે અતીત સાથે ન હોય ત્યારે તે બીજા યુવકો સાથે વાતો કરતી, રેસ્ટોરામાં જતી અને કોઈક વખત પિક્ચર જોવા પણ જતી.

– તે જ્યારે આ બધી વાતો અતીતને કરતી તો તેને થતું કે અતીતને ઈર્ષા આવશે અને તે ના પાડશે.

– પણ અતીત કોઈ કૉમેન્ટ કરતો નહીં. બહુ બહુ તો કોઈક વખત પૂછતો કે તને મજા આવી?

– અને તે સાથે રામ્યા ગુસ્સે થઈ જતી.

– તે વિચારતી કે કેવો યુવક છે આ અતીત!

– તેની ગર્લફ્રેન્ડ બીજા સાથે આવી રીતે ફરે છે અને તેને કંઈ થતું નથી!

– અને એટલે જ તેને શંકા જતી કે અતીત ખરેખર પ્રેમ કરે છે કે ફક્ત તેની સાથે ફરવા ખાતર ફરે છે?

– તેને કોઈ મિત્ર નથી એટલે તે તેની સાથે મિત્રતા રાખે છે.

– થોડા દિવસ પછી તેણે એક પેપરમાં વાંચ્યું કે બે પ્રેમીઓએ ઝેર ખાઈને આત્મહત્યા કરી અને તે સાથે તેને એક વિચાર આવ્યો.

– શું અતીતને હું કહું કે ચાલ આપણે બંને આત્મહત્યા કરીએ તો તે કરે?

– પણ જે યુગલે આત્મહત્યા કરી હતી તેઓના ઘરમાંથી તેઓને લગ્નની ના પાડવામાં આવી હતી અને બંનેની જ્ઞાતિ અલગ હતી.

– જ્યારે અહીં તો હજુ તેણે અતીતને પૂછ્યું પણ ન હતું કે એ તેને પ્રેમ કરે છે કે નહીં, ત્યાં લગ્ન માટે ના પાડવાની વાત તો માઇલો દૂર હતી.

– તો પછી હવે શું કરવું.

– રામ્યાને સમજ પડતી ન હતી કે અતીતને કેવી રીતે પૂછવું.

– તે વિચારતી હતી.

– તેના મગજમાંથી પેલા યુગલે કરેલી આત્મહત્યાનો વિચાર ખસતો ન હતો.

– તેણે પણ હજુ મરી જવું ન હતું.

– તેને તો જિંદગી જીવવી હતી, માણવી હતી અને તે પણ અતીત સાથે.

'લાડકી પૂર્તિ'ના પ્રિય વાચકો! જેમ ઝેરનાં પારખાં ન હોય તેમ પ્રેમનાં પણ પારખાં ન લેવાય. તે તો વિશ્વાસ પર ટકતા હોઈને. પ્રસ્તુત મહદંશે સત્ય ઘટના પર આધારિત વાર્તાનો બીજો અને છેલ્લો ભાગ આવતા અંકે વાંચી બોધ હાંસલ કરીશું. ■

* * *

### હસગુલ્લા

*'જે માણસે તને માર્યો એનું વર્ણન તું કરી શકીશ?' ન્યાયાધીશે કનુ કડકાને પૂછ્યું.*

*'જરૂર', કનુ કડકો બોલ્યો, 'એણે મને માર્યો તે વખતે હું તેનું વર્ણન જ કરતો હતો.'*

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कंडी | કિનાર |
| कंकण | કરંડિયો |
| कंकाल | દાંતિયો |
| कंगवा | હાડપિંજર |
| कंगोरा | બંગડી |

### જાણવા જેવું

શ્રદ્ધાથી મોટી કોઈ શક્તિ નથી. શ્રદ્ધાપૂર્વક સ્વયંનો હવાલો રામને આપી દેવાય પછી શું આધિ, શું વ્યાધિ ને શું ઉપાધિ? હરિશરણમાં જતાં જ રોમહર્ષણ સાથે અંતરમાંથી ફુવારા ફૂટી નીકળે છે, તમામ વાદવિવાદ શમી જાય છે. હરિનામનું કોડિયું મળે તો અસ્તિત્વની જ્યોત ઝગમગ થાય અને એ અસ્તિત્વ પ્રકાશ પાથરી શકે.

### ગુજરાત મોરી મોરી રે


અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પતિના સાળાના સસરાના એકમાત્ર જમાઈના પિતા પતિને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) કાકાજી  બ) સસરા
ક) મામાજી  ડ) ફુઆ

### નોંધી રાખો

*બળ રાક્ષસી શરીર મેળવવામાં નથી, પણ મનની મજબૂતીમાં, આત્માની ઓળખમાં, મોત પ્રત્યેની નીડરતામાં રહેલું છે.*

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. ઉદ્ધારક (૫)
૪. સ્પર્ધા, હરીફાઈ (૪)
૭. પ્રવીણ, વિદ્વાન (૩)
૯. ઉકાળો, કાવો (૨)
૧૦. ---માં અધિક માસ (૩)
૧૩. ભૂમિ (૩)
૧૫. ચૂકે કે નિષ્ફળ ન જાય તેવું (૩)
૧૬. અધોગતિ (૩)
૧૮. ફાળ (૩)
૨૦. અંતે, છેલ્લે (૩)
૨૧. ડિસેમ્બરને અંતે આવતા ખ્રિસ્તી તહેવારો (૩)
૨૩. નાનું છોકરું (૩)
૨૬. વિષ, ઝેર (૨)
૨૮. ઝરૂખો (૩)
૩૦. બદમાશ, સેતાન (૪)
૩૧. ભોંઠામણ, શરમ (૫)

**ઊભી ચાવી**

૧. રાવણની બહેન, એક રાક્ષસી (૩)
૨. બૂમ, મોટો ઘાંટો (૩)
૩. સૂર્ય (૨)
૫. હંમેશનું (૩)
૬. વાતવાતમાં રીસાય જાય તેવું (૩)
૮. દબદબો, ભપકો (૩)
૧૧. કપડું (૩)
૧૨. દસ વર્ષનો સમયગાળો (૩)
૧૩. મૂઢ, બેવકૂફ (૨)
૧૪. રૂઆબ (૨)
૧૬. ગામનો મુખી (૩)
૧૭. બારીક ધારવાળું (૨)
૧૯. બેવકૂફ, જડસું (૩)
૨૦. વરણાગિયો માણસ (૨)
૨૨. લક્ષણ, ગુણ (૩)
૨૩. નાદાન, બેસમજ (૩)
૨૪. કવિ રચે તે (૩)
૨૫. કરકસર (૩)
૨૭. નારાજગી (૩)
૨૯. દેશ તેવો --- (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?



ખેલ કૌશલ્યથી વિશ્વભરમાં ગાજેલા અને તાજેતરમાં લગ્ન સંબંધી સમાચારમાં ઝળકેલા વિખ્યાત ખેલાડીની ઓળખાણ પડી?

અ) નેમાર  બ) મેસી  ક) રોનાલ્ડો  ડ) એમ્બાપે

### ચતુર આપો જવાબ  માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક વાહન સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

ગઝલ પણ એક પ્રકારનું ઊર્મિકાવ્ય જ છે.

### માઈન્ડ ગેમ

સ્કોટલેન્ડમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા એથ્લિટોએ કેટલા મેડલ મેળવ્યા હતા એ જણાવો.

અ) ૯  ૨) ૧૨  ૩) ૧૬  ૪) ૧૯

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૩ | | | |
| ૩ | | | ૯ | | ૧ | | | ૨ |
| ૭ | | ૯ | | ૫ | | ૩ | | ૧ |
| ૯ | ૭ | ૪ | | | | ૧ | ૬ | ૫ |
| | | ૬ | | | | ૪ | | |
| ૫ | ૧ | ૨ | | | | ૮ | ૩ | ૯ |
| ૧ | | ૩ | | ૬ | | ૨ | | ૮ |
| ૬ | | | ૮ | | ૭ | | | ૩ |
| | | | ૨ | | ૯ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |
| ૫ | ૯ | ૪ | ૧ | ૭ | ૨ | ૮ | ૩ | ૬ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ | ૪ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૩ |
| ૪ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૧ | ૬ | ૮ |
| ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૨ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૯ | ૪ | ૩ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ | ૭ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| वात | દિવાની વાટ |
| वाफ | વરાળ |
| वारा | પવન |
| वाण | સોબતની અસર |
| वाम | ડાબું |

**ગુજરાત મોરી મોરી રે:**
ભાણેજ

**ઓળખાણ પડી?**
અરિહા પાંગમબામ

**માઈન્ડ ગેમ :**
૧૭

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
મય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) કુંદન કે મારુ (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલિયા (૨૩) કમલ માતલિયા (૨૪) અરવિંદ કામદાર (૨૫) અલકા વાણી (૨૬) ડાયના સંતોકે (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) મહેશ દોશી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ

# ગુજરાતના આણંદમાં નવો પરમાણુ પાવર પ્લાન્ટ નાખ્યા વિશે વિચારી રહી છે સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધુ એક મેગા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આણંદ જિલ્લાના ધુવારણ ખાતે ૫૦:૫૦ના સંયુક્ત સાહસ દ્વારા નવો ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સૂચિત પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટ અથવા ૭,૦૦૦ મેગાવોટ હોવાની શક્યતા છે, જેની અંતિમ રૂપરેખા હજુ ઉચ્ચ સ્તરે નક્કી કરવામાં આવી રહી છે. પ્રતિ મેગાવોટ અંદાજે રૂ. ૩૫ કરોડના રોકાણ મુજબ, આ પ્રોજેક્ટમાં આશરે રૂ. ૧.૨૫ લાખ કરોડથી રૂ.૨.૨૫ લાખ કરોડ સુધીનું રોકાણ થઈ શકે છે, જે સંભવિતપણે ગુજરાતના ઊર્જા ક્ષેત્રના સૌથી મોટા રોકાણોમાંનું એક બનશે.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું, સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઇડ્રોજન, ડેટા સેન્ટર્સ, ઇલેક્ટ્રિક મોબિલિટી અને અન્ય વધુ ઊર્જા વાપરતા ઉદ્યોગોના વિકાસને કારણે ગુજરાતમાં વીજળીની માંગમાં તીવ્ર વધારો થવાની સંભાવના વચ્ચે આ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રોજેક્ટ માટે ૧,૧૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ છે. પ્રોજેક્ટની સાથે સ્થાપવામાં આવનાર ન્યુક્લિયર ફ્યુઅલ કોમ્પ્લેક્સ માટે કેન્દ્ર સરકારની ટીમે સ્થળની મુલાકાત પણ લઈ લીધી હોવાનું ઉમેર્યું હતું.

સૂત્રોએ જણાવ્યું કે, ધુવારણ ખાતે સૂચિત ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સ માટે આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં જરૂરી જમીનની ઉપલબ્ધતા ચકાસી લીધી છે. પ્રાથમિક મૂલ્યાંકન મુજબ આ સ્થળ મોટા પાયે પરમાણુ પ્રોજેક્ટ વિકસાવવા માટે પ્રબળ સંભાવનાઓ છે. આ સૂચિત કેન્દ્ર-રાજ્ય સંયુક્ત સાહસ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ વચ્ચે રચાશે.

જો મંજૂરી મળશે, તો ધુવારણ પ્રોજેક્ટ ગુજરાતના વર્તમાન ન્યુક્લિયર પોર્ટફોલિયોમાં વધારો કરશે. હાલમાં તાપી જિલ્લામાં કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન ખાતે ચાર કાર્યરત રિએક્ટર છે. જેમાં ૨૨૦ મેગાવોટના બે એકમો અને સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલા ૭૦૦ મેગાવોટના બે એકમોનો સમાવેશ થાય છે. જેની કુલ સ્થાપિત પરમાણુ ક્ષમતા ૧,૮૪૦ મેગાવોટ છે. ■

# સુરત ભાજપનાં મહિલા નેતાની પુત્રવધૂની આત્મહત્યા, આંતરવસ્ત્રોમાંથી મળી સૂસાઈડ નોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કડોદરામાં ભાજપમાં વગદાર નેતા શશીસિંહની પુત્રવધૂ નિધિ રાજપૂતે પતિનાં કથિત લગ્નેત્તર સંબંધ અને સાસરિયાઓના ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. નિધિએ પોતાની આપવીતી વર્ણવતી સ્યૂસાઈડ નોટ પોતાના આંતરવસ્ત્રોમાં છુપાવી હોવાની માહિતી પણ સૂત્રો પાસેથી મળી હતી. આ સ્યુસાઈડ નોટમાં નિધિ રાજપૂતે પતિનાં અન્યત્ર સ્ત્રી સાથેના સંબંધનો ઉલ્લેખ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક નિધિના લગ્ન હજુ ૨ વર્ષ પહેલાં જ સૌરભ સાથે થયાં હતાં. લગ્નના ટૂંકા ગાળામાં જ પરિણીતાએ આવું અંતિમ પગલું ભરતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પરિણીતા નિધિ રાજપૂતે આપઘાત પૂર્વે લખેલી દોઢ પાનાની સ્યુસાઈડ નોટ હિન્દી અને અંગ્રેજીમાં લખાયેલી છે. આ પત્રમાં નિધિએ પતિ સૌરભ પ્રત્યેના પોતાના બેહદ પ્રેમનો એકરાર કરતાં લખ્યું છે કે, હું સૌરભને અનહદ પ્રેમ કરું છું અને તેના વિના જીવી શકતી નથી, પરંતુ તેના અન્ય સ્ત્રી સાથેના આડા સંબંધો હવે મારાથી સહન થતા નથી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હૉસ્પિટલ પહોંચ્યો હતો. પીએમ કરનાર ડોક્ટરો પાસેથી પોલીસે સુસાઇડ નોટ કાયદેસર રીતે કબ્જે કરી છે. સુસાઇડ નોટના આધારે પોલીસે આગળની ગંભીર કાનૂની કાર્યવાહી હાથ ધરી છે અને પરિણીતાને આત્મહત્યા માટે મજબૂર કરવા બદલ સંબંધિત લોકો સામે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ મામલે મુંબઈ સમાચારનો પરિવાર અને પોલીસ સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# જેતપુરમાં ટ્યૂશનથી પરત ફરતા વિદ્યાર્થીનું હાર્ટ અટેકથી મોત, સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના જેતપુર શહેરમાં બાવાવાળા પરા વિસ્તારમાં રહેતા અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૧૫ વર્ષના વિદ્યાર્થી પર્વ દિવ્યેશભાઈ મહાલીયાનું અચાનક હૃદયરોગનો હુમલો આવતા કરુણ મોત નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, પર્વ મહાલીયા દરરોજની જેમ ક્લાસિસ પૂરા કરીને પોતાના મિત્રો સાથે ટ્યુશનથી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન રસ્તામાં તેના મોપેડનું પેટ્રોલ ખૂટી ગયું હતું. આથી પર્વ અને તેનો મિત્ર મોપેડને દોરાવીને (ધક્કો મારીને) આગળ લઈ જઈ રહ્યા હતા. મોપેડને ધક્કો મારતી વખતે જ અચાનક પર્વને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો અને તે જોતજોતામાં રસ્તા પર જ ઢળી પડ્યો હતો. પર્વને અચાનક જમીન પર પડી ગયેલો જોઈ આસપાસના સાથી વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો તાત્કાલિક તેની મદદ માટે દોડી આવ્યા હતા.

સ્થાનિક લોકો દ્વારા પર્વને કોઈ પણ પ્રકારનો સમય બગાડ્યા વિના તાત્કાલિક સારવાર અર્થે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે, હૉસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો.પરિવારજનોના જણાવ્યા અનુસાર, પર્વનું હૃદય અગાઉથી જ નબળું હતું અને તે માત્ર ૩૦ ટકા જેટલું જ કામ કરતું હતું. જોકે, આ અંગેની સત્તાવાર વિગતો તબીબી તપાસ પૂર્ણ થયા બાદ જ વધુ સ્પષ્ટ થઈ શકશે. આ સમગ્ર હૃદયદ્રાવક ઘટના નજીકમાં લાગેલા એક સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ હતી. ■

# અમદાવાદમાં લક્ઝુરિયસ કાર ઓવરસ્પીડમાં ચલાવતા પાઇલટ સામે કેસ, કાર જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેફામ ડ્રાઈવ કરી લક્ઝુરિયસ કાર અમદાવાદના રસ્તાઓ પર ચલાવતા એક ૨૪ વર્ષીય પાઇલોટને નવરંગપુરા પોલીસે પકડી પાડ્યો હતો. લો ગાર્ડન નજીક પોર્શ કાર ખૂબ જ ઝડપે ચલાવવાના આરોપસર નવરંગપુરા પોલીસે એક ૨૪ વર્ષીય પાઇલોટ સામે કેસ કર્યો હતો. આ ઘટનાનો ડેશકેમ વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ પોલીસે લક્ઝરી કાર જપ્ત કરી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ગાંધીનગરના લીંબડિયા ગામના રહેવાસી અરકન તિરમિઝી નામના આરોપીની એક યુવકે ફરિયાદ નોંધાવી હતી કે પોર્શ કાર લગભગ ૧૧૦ કિમી/કલાકની ઝડપે ચલાવવામાં આવી રહી હતી, જેના કારણે તેનો જીવ જોખમમાં મુકાયો હતો અને અકસ્માત થતો બચી ગયો હતો.

શ્રેયાંશ કામ પૂરું કરીને એચસીજી હોસ્પિટલ નજીક પોતાની કારમાં પરત ફરી રહ્યો હતો ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. તેણે પોર્શ કારને પોતાની તરફ ઝડપથી આવતી જોઈ. કાર એટલી ઝડપથી ચાલી રહી હતી કે તે ટક્કરથી બચી ગયો. આ ઘટના તેની કારના ડેશકેમમાં કેદ થઈ ગઈ હતી.

વીડિયો અને ફરિયાદના આધારે, નવરંગપુરા પોલીસે વાહનના રજિસ્ટ્રેશન નંબરનો ઉપયોગ કરીને વાહનને ટ્રેસ કર્યું હતું. કારમાલિકને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો, ત્યારબાદ પોર્શ કાર જપ્ત કરવામાં આવી હતી અને ડ્રાઇવર વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવા અને અન્ય લોકોના જીવ જોખમમાં મૂકવાનો કેસ નોંધવામાં આવ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસે બીજા એક વાઇરલ વીડિયોની પણ તપાસ શરૂ કરી હતી જેમાં કથિત રીતે તે જ પોર્શ કાર લગભગ ૩૦૦ કિમી/કલાકની ઝડપે ચલાવવામાં આવી રહી હોવાનું જાણમાં આવ્યું હતું.

ફરિયાદ મુજબ, કેસ શરૂ થયા પછી, ડ્રાઇવરે શ્રેયાંશનો સંપર્ક કર્યો અને પોતાને પાઇલટ તરીકે ઓળખાવ્યો હતો. તેણે કથિત રીતે સ્વીકાર્યું હતું કે લો ગાર્ડન ઘટના બની ત્યારે પોર્શ કાર લગભગ ૧૧૦ કિમી/કલાકની ઝડપે ચાલી રહી હતી અને વારંવાર ફરિયાદ પાછી ખેંચવાની માગ કરી હતી. પોલીસ હવે કથિત બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગ અને વાઇરલ વીડિયોની આસપાસના સંજોગોની તપાસ કરી રહી છે. ■

# સુરતમાં ત્રીજા માળેથી પટકાયેલા કિશોરના ગળામાંથી સળિયો આરપાર, જીવ બચ્યો

અમદાવાદઃ સુરત શહેરના ઊન પાટિયા વિસ્તારમાં એક મદ્રેસાની છત પર રમતી વખતે ૧૩ વર્ષનો કિશોર અચાનક સંતુલન ગુમાવતાં ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. નીચે બાજુની ઇમારતનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં ખુલ્લો રહેલો તીક્ષ્ણ લોખંડનો સળિયો બાળકના ગળાના પાછળના ભાગેથી ઘૂસીને આરપાર નીકળી ગયો હતો. જોકે, સત્વરે સારવાર મળી રહેતા તેનો જીવ બચાવી લેવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે ૧૩ વર્ષીય બાળક નાવીદ સુરતમાં પોતાના મામા સદરે આલમ સાથે રહીને અભ્યાસ કરે છે. ઘટનાના દિવસે બપોરનું ભોજન લીધા બાદ નાવીદ મદ્રેસાની બિલ્ડિંગની છત પર રમી રહ્યો હતો. આ દરમિયાન બાજુમાં જ એક મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું. રમતાં રમતાં અચાનક નાવીદનો પગ લપસી જતાં તે સીધો નીચે કન્સ્ટ્રક્શન સાઇટ પર પટકાયો. નીચે પડેલા લોખંડના સળિયા પર પટકાતાં જ સળિયો તેના ગળાને ચીરીને આરપાર નીકળી ગયો હતો. આ ભયાનક દ્રશ્ય જોઈને આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

લોહીલુહાણ અને ગંભીર સ્થિતિમાં પરિવારજનો અને સ્થાનિકો તાત્કાલિક બાળકને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. કેસની ગંભીરતા અને નાજુક સ્થિતિને જોઈને સિવિલના તબીબોની એક સ્પેશિયાલિસ્ટ ટીમે વિલંબ કર્યા વિના ઈમરજન્સી ઓપરેશન થિયેટરમાં સર્જરી શરૂ કરી હતી. ડોક્ટરોએ અત્યંત સાવચેતીપૂર્વક જટિલ ઓપરેશન કરીને ગળામાંથી લોખંડના સળિયાને કાપીને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધો હતો. બાળક પર એનેસ્થેસિયાની અસર સંપૂર્ણપણે ઓછી થઈ ગયા પછી અને તેની તબિયત સુધરી ગયા પછી તેને જનરલ વોર્ડમાં ખસેડવામાં આવશે તેવું ડોક્ટરોએ જણાવ્યું હતું. ■

# ગીરગઢડા પંથકમાં નાના સમઢિયાળા ગામે કૂવામાં સિંહ ખાબક્યો, વન વિભાગે બચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ ગીરગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામની સીમમાં સિંહ કૂવામાં પડી જવાની ઘટના બની હતી. ખેતરના ખુલ્લા કૂવામાં આશરે ૨થી ૩ વર્ષનો સિંહ ખાબકી જતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સાવચેતીપૂર્વક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી સિંહને હેમખેમ બહાર કાઢ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, નાના સમઢિયાળા ગામે હિંમતભાઈ વાલજીભાઈ રાખોલિયાના ખેતરમાં આશરે ૮૦ ફૂટ ઊંડો ખુલ્લો કૂવો આવેલો છે. આ વિસ્તારમાં ફરતો સિંહ અચાનક કૂવામાં પડી ગયો હતો. સિંહ કૂવામાં પડ્યો હોવાનું ખેતરના માલિકના ધ્યાને આવતાં તેમણે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ગીર પૂર્વ વન વિભાગની જસાધાર રેન્જના જસાધાર રાઉન્ડનો સ્ટાફ તેમજ તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડનો સ્ટાફ તાત્કાલિક નાના સમઢિયાળા ગામે દોડી આવ્યો હતો. કૂવામાં સિંહની સ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ વન વિભાગે તેને સલામત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી હતી.

જહેમતભરી કામગીરી બાદ આખરે સિંહને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં વન વિભાગની ટીમને સફળતા મળી હતી. સિંહને બહાર કાઢવામાં આવતાં વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. રેસ્ક્યૂ કરાયેલા સિંહને ત્યારબાદ જરૂરી આરોગ્ય તપાસ અને સારવાર માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. એનિમલ કેર સેન્ટર ખાતે સિંહની તબીબી તપાસ કરવામાં આવી રહી છે તેમજ વન વિભાગ દ્વારા તેની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ■

# ગુજરાત એસટીના કાફલામાં નવી ૧૦૧ બસ સામેલ, હર્ષ સંઘવીએ દેખાડી લીલી ઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને શ્રેષ્ઠ પરિવહન સુવિધાની ભેટ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આ તમામ નવીન બસોનું ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન એસ.ટી. નિગમની મહિલા કંડક્ટરોએ હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. નોંધનીય છે કે, એસ. ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને ઓપરેશન સ્ટાફ રાજ્યની માતા-બહેનો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે ૨૪×૭ અવિરત સેવાઓ આપે છે અને પોતે આ તહેવારની ઉજવણીનું બલિદાન આપતા હોય છે. રાજ્યની માતા બહેનોની પરિવહન સુવિધા માટે કર્તવ્યનિષ્ઠા બદલ સંઘવીએ એસ.ટી નિગમના સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવી આ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ એસ.ટી. બસનું નિરીક્ષણ કર્યું હતું.

નવી ફાળવાયેલી ૧૦૧ બસમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ થાય છે, જે તમામ બસો રક્ષાબંધન તહેવારના વિશેષ સંચાલનમાં પણ ઉમેરાશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તારીખ ૨૬ થી ૩૦ ઑગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવાં મુખ્ય શહેરો અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસો દોડાવવાનું સઘન આયોજન કરાયું છે. મુસાફરોની સરળતા માટે ઓનલાઈન તેમજ ડેપો પર ઍડવાન્સ બુકિંગની પૂરતી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવેલી છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન નિગમ દ્વારા ૬,૪૦૨ વધારાની ટ્રીપો દોડાવીને ૩.૩૩ લાખ મુસાફરોને સફળતાપૂર્વક સેવા આપવામાં આવી હતી. આ વર્ષે મુસાફરોના ધસારાને પહોંચી વળવા આયોજનને વધુ વ્યાપક બનાવી ૬,૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. એસ.ટી. નિગમ દ્વારા જાહેર જનતાને આ વિશેષ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# ડિજિટલ અરેસ્ટ કૌભાંડમાં ઈડીએ બે આરોપીની ધરપકડ કરી, ગુજરાત કનેક્શન બહાર આવ્યું

અમદાવાદઃ ગોવામાં નોંધાયેલા 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના પનાજી ઝોનલ કાર્યાલયે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ ફહીમ મોઈન હુસૈન સૈયદ અને નઈમ મુઈન સૈયદની ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પ્રિવેન્શન ઓફ મની લોંડરિંગ એક્ટ (પીએમએલએ)ની કલમ ૧૯ હેઠળ ધરપકડ કરી હતી. બંને આરોપીઓને ૨૪ ઓગસ્ટે ગોવાની વિશેષ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસની ઈડી કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવતા ગુજરાત કનેક્શન બહાર આવ્યું છે. ખાસ કરીને અમદાવાદ સુરત અને બરોડામાં પણ છેતરપિંડી કરી હોવાની શક્યતાઓ છે

આ કેસની તપાસ નોર્થ ગોવા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરના આધારે શરૂ થઈ હતી. ગોવાની એક મહિલાને આરોપીઓએ તે તપાસ હેઠળ હોવાનું જણાવી સતત વીડિયો કોલ મારફતે દેખરેખમાં રાખી હતી. ત્યારબાદ ડરાવી-ધમકાવી ૨૧ મે, ૨૦૨૫થી ૨ જૂન, ૨૦૨૫ દરમિયાન તેની પાસેથી રૂ. ૨,૬૦,૩૩,૬૩૪ વિવિધ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આરોપીઓએ આ ખાતાઓને 'સિક્રેટ સુપરવિઝન એકાઉન્ટ્સ' તરીકે રજૂ કર્યા હતા. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે છેતરપિંડીની રકમ સીધી આરોપીઓ પાસે જતી નહોતી. પ્રથમ તબક્કામાં નિષ્ક્રિય અને નવા ખોલવામાં આવેલા બેંક ખાતામાં રકમ જમા કર્યા પછી રકમને ૪૦૦થી વધુ લાભાર્થી ખાતામાં ટ્રાન્સફર, રોકડ ઉપાડ, સેલ્ફ ચેક અને પેમેન્ટ ગેટવે મારફતે વિભાજિત કરવામાં આવતી હતી.

તપાસમાં આ નાણાંનો સંબંધ કોમોડિટી, ટ્રેડિંગ, ટ્રાવેલ અને ફોરેન એક્સચેન્જ ક્ષેત્રે કાર્યરત અનેક કંપનીઓ સાથે હોવાનું સામે આવ્યું છે. ■

# હવે રેલવેએ ઉગામ્યો દંડોઃ ૧૫ સ્થળ પર બૅઝ કિચન અને કૅટરિંગ સંસ્થાઓની કરી ઓચિંતી તપાસ, ₹ ૪૦ લાખનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં અને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં લોકોને જાહેર સ્થળો પર કે બહાર મળતું ભોજન અથવા ખાદ્યસામગ્રી સ્વચ્છ મળી રહે તે માટે સ્થાનિક તંત્ર અને રાજ્ય સરકારનો ખોરાક અને આરોગ્ય વિભાગોએ રીતસરની ઝુંબેશ ચલાવી રહી છે ત્યારે હવે અમદાવાદ રેલવે મંડળના ફૂડ વિજિલન્સ ટીમના રેલવે અધિકારીઓની ટીમે પણ ઓચિંતું ચેકિંગ કર્યું હતું.

મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) વેદ પ્રકાશ દ્વારા રચિત વિશેષ ટીમ રેલવે ફૂડ વિજિલન્સ ટીમના રેલવે અધિકારીઓની ટીમ દ્વારા ખોરાકનો પુરવઠો પૂરો પાડતા ૧૫ સ્થળ પર બેઝ કિચન અને કેટરિંગ સંસ્થાઓની એકસાથે ઊંડાણપૂર્વક ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન ખાદ્ય સુરક્ષા, સાફ-સફાઈ, સ્વચ્છતા અને ધોરણોમાં બેકાળજી દાખવવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. રેલવે વહીવટીતંત્રે આ અંગે કડક પગલાં લેતા દંડ કર્યો છે અને એક યુનિટને તો બંધ પણ કરાવવામાં આવ્યું હોવાની માહિતી રેલવે મંડળે આપી હતી.

ડબ્બા બજાર સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં ખુલ્લા અને સીલ વગરના મસાલા, ખરાબ શાકભાજી, ખરાબ ફ્રીઝરનો ઉપયોગ, એફઆઈએફઓ સિસ્ટમનું પાલન ન કરવું, અત્યંત અસ્વચ્છ કિચન, યોગ્ય યુનિફોર્મ અને સુરક્ષા ઉપકરણોનો અભાવ, ખાદ્ય સામગ્રી ખુલ્લામાં રાખવી તેમજ જરૂરી રેકોર્ડની જાળવણી ન કરવી જેવી ખામીઓ મળી આવી હતી. આના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો અને યુનિટને સ્થળ પર જ બંધ કરી દેવામાં આવ્યું.

આવી જ રીતે ધર્મ નગર, સાબરમતી, અમદાવાદ બેઝ કિચનમાં ખરાબ ફ્લાયકેચર, સડેલા બટાકા, વૉશિંગ લિક્વિડનો અભાવ અને ક્ષતિગ્રસ્ત ગટરની જાળી જેવી ખામીઓ મળી આવી અને રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો હતો. સરસપુર, અમદાવાદ બેઝ કિચનના મામલામાં બેઝ કિચનનો ઉપયોગ ન કરવા અને અન્ય સ્થળેથી ખોરાકની આપૂર્તિ કરવાની સ્થિતિ મળી આવી, જેના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો હતો. વિષ્ણુ એસ્ટેટ, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ બેઝ કિચનમાં સડેલા બટાકા, બેઝ કિચનમાં માખીઓની હાજરી, સ્વચ્છતાનો અભાવ, યોગ્ય એક્ઝોસ્ટ ડક્ટનો અભાવ, કાચીપાકી રોટલીઓ, ખુલ્લા અને સીલ વગરના મસાલા તેમજ રસોઈના તાપમાનનો રેકોર્ડ ન રાખવા જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.૫ લાખનો દંડ કરવામાં આવ્યો.

વોરા ના રોઝા, સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં મંજૂર થયેલ વેન્ડર લિસ્ટ અને એફઆઈએફઓ સિસ્ટમનો અભાવ, યોગ્ય વેન્ટિલેશનનો અભાવ, અસંતોષકારક સ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વિતી ગયેલી ઘણી ખાદ્ય સામગ્રી સ્ટોકમાં લેવાયેલી જોવા મળી. આ ખામીઓને ધ્યાનમાં રાખીને રૂ.૧૦ લાખનો દંડ કરવામાં આવ્યો હતો. આવી જ રીતે ગાંધીધામ બેઝ કિચન, મહેસાણા બેઝ કિચન, પાલનપુરના બેઝ કિચનમાં અને વિરમગામ ખાતે રિફ્રેશમેન્ટ રૂમના નિરીક્ષણમાં નિયમોનો ભંગ થતો દેખાતા રેલવેએ કડક પગલાં લીધા હતા. ■

# આજે અમિત શાહ અમદાવાદમાં, ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં આપશે હાજરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અને ગાંધીનગર લોકસભા બેઠકના સાંસદ અમિત શાહ આજે (૨૭મી ઑગસ્ટે) અમદાવાદની મુલાકાત લેશે. અહીં ગુજરાત વિદ્યાપીઠનો ૭૨મા દીક્ષાંત સમારોહમાં અમિતભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ સમારંભમાં ૭ ફેકલ્ટીના ૧૮ વિભાગોના ૯૦૦ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવશે. જેમાં ૧૮૪ સ્નાતકો, ૪૦૦ અનુસ્નાતક, ૨૩૨ અનુસ્નાતક, ૨૧ અનુસ્નાતક ડિપ્લોમા ધારકો અને ૬૩ એમ.ફિલ/પીએચ.ડી. ડિગ્રી ધારકોનો સમાવેશ થાય છે. જેમાંથી ૪૪૧ મહિલા વિદ્યાર્થીઓ અને ૪૫૯ પુરુષ વિદ્યાર્થી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. મુખ્ય મહેમાન અમિતભાઈ શાહ દ્વારા ૧૧ વિદ્યાર્થીઓને ફેકલ્ટીના ચાન્સેલર ટેમ્પલ મેડલ અને વિભાગના ધ્વજ મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. ■

# ભાવનગરમાં એસ.ટી. બસે કાબૂ ગુમાવતા બસ ભરૂચા ક્લબની દીવાલમાં ઘૂસીઃ પુત્રી અને માતાનું કમકમાટીભર્યું મોત, એક મહિલા ગંભીર

ભાવનગરઃ શહેરના મધ્યમાં આવેલા મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડ બહાર બુધવારે સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર અકસ્માતની ઘટના બની હતી. સિહોર-ટાણા-વરલ રૂટની એસ.ટી. બસ સ્ટેન્ડના મુખ્ય ગેટમાંથી બહાર નીકળી રહી હતી તે દરમિયાન ડ્રાઈવરે કોઈ અગમ્ય કારણોસર વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પૂરપાટ ઝડપે દોડતી આ બસની બ્રેક ન વાગતાં કે સ્ટિયરિંગ પરનો કાબૂ છૂટી જતાં બસ સીધી ફૂટપાથ પર ચડી ગઈ હતી અને ત્યાં ઊભેલાં પ્રવાસીઓને અડફેટે લઈ ભરૂચા ક્લબની મજબૂત દીવાલ સાથે ભયાનક રીતે ટકરાઈ ગઈ હતી. આ કરુણ દુર્ઘટનામાં ફૂટપાથ પર બેસીને વાહનની રાહ જોઈ રહેલાં એક કમનસીબ માતા અને તેમની માસૂમ સાત વર્ષની પુત્રીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બનાવની વિગત અનુસાર સિહોર તાલુકાના રામધરી (સણોસરા) ગામના વતની લલીતાબેન ગુલાબસિંહ પરમાર (ઉં.વ. ૨૮) તથા તેમની સાત વર્ષની પુત્રી સોનિયાબેન ગુલાબસિંહ પરમાર પોતાના અંગત કામ સબબ ભાવનગર આવ્યા હતા. દિવસ દરમિયાનનું કામ પતાવીને તેઓ પરત પોતાના ગામે જવા માટે એસ.ટી. બસ સ્ટેન્ડ બહાર ફૂટપાથ પર બેસીને વાહનની રાહ જોઈ રહ્યા હતા. તે જ સમયે બસ સ્ટેન્ડમાંથી સ્પીડમાં બહાર નીકળેલી એસ.ટી. બસે કાળ બનીને આ પરિવારને પોતાની ચપેટમાં લીધો હતો. બસની ભયાનક ટક્કરને કારણે ૨૮ વર્ષીય લલીતાબેન અને તેમની સાત વર્ષની પુત્રી સોનિયાબેનનું ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં દર્દનાક મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં અન્ય એક મહિલા મધુબેન લાલજીભાઈ વાઘેલા (રહે. ઠોડા, તા. ઉમરાળા) પણ બસની ઝપેટમાં આવી જતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના વેપારીઓ, રાહદારીઓ અને બસ સ્ટેન્ડમાં હાજર લોકોના ટોળાં સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી ગંભીર રીતે ઘવાયેલા મધુબેન વાઘેલાને વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હૉસ્પિટલ ખાતે ખસેડવાની વ્યવસ્થા કરી હતી, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતના કારણે રોડ પર ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઈ હોવાથી પોલીસે તાત્કાલિક ક્રેન મારફતે ક્ષતિગ્રસ્ત બસને હટાવીને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો. પોલીસે બંને મૃતકના મૃતદેહનો કબજો મેળવી પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે હૉસ્પિટલ ખસેડ્યા હતા. બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરીને અકસ્માત બ્રેક ફેલ થવાને કારણે સર્જાયો કે ડ્રાઈવરની અજાગરૂકતાને લીધે, તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એક જ પરિવારના માતા-પુત્રીના અકાળે અવસાનથી સણોસરાના રામધરી ગામમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. ■

# સામુદ્રધુનીમાં શાંતિની આશા છતાં સેન્સેક્સ ૧૮૩ પોઈન્ટ ગબડ્યો

મુંબઈઃ ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવા છતાં બુધવારે ભારતીય શેરબજારના બંને બેન્ચમાર્ક, સેન્સેક્સ અને નિફ્ટી બંને નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. ઇરાને વ્યૂહાત્મક જળમાર્ગના સંચાલન પર ઓમાન સાથે વાટાઘાટો ફરી શરૂ કરી હોવાની જાહેરાત કર્યા બાદ હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલી શકે છે તેવા નવા આશાવાદે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ ૧૮૩.૧૫ પોઇન્ટ અથવા તો ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૭૭,૪૭૨.૯૪ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૧૨૬.૮૦ પોઇન્ટ અથવા તો ૦.૫૨ ટકાના ઘટાડા સાથે ૨૪,૨૦૭.૭૫ની સપાટી પર બંધ થયો હતો.

ઇન્ફોસિસ, ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટૂબ્રો, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા, એનટીપીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સૌથી વધુ ઘટવનારા શેર રહ્યા હતા, જ્યારે સેન્સેકસના સૌથી વધુ વધનારા શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, એક્સિસ બેન્ક તથા ટાટા સ્ટીલનો સમાવેશ હતો. પર્પલ સ્ટાઇલ લેબનો રૂ. ૬૮૦ કરોડનો આઇપીઓ ૩૧ તારીખે ખૂલી રહ્યો છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડિંગ ૨૮ ઓગસ્ટે શરૂ થશે. કોઇપણ ઓએફએસ હિસ્સો ના ધરાવતું આ જાહેર ભરણું બીજી સપ્ટેમ્બરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૪૬થી રૂ. ૫૭૫ છે. અપરબેન્ડને આધારે કંપનીની માર્કેટ કેપ રૂ. ૪,૬૦૦ કરોડ થાય છે.

સેબીએ મેક્સ ફાઇનાન્શિઅલ સર્વિસિસ, મેક્સ લાઇફ અને એક્સિસ ગ્રુપ એન્ટિટીઝ સામેનો રૂ. ૩૯૧૧ કરોડના રોકાણકારોના કથિત નુકસાનને લગતો ખટલો પડતો મૂક્યો છે. એમેઝોને રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને રાખી સ્ટોર શરૂ કર્યા છે, જે ગણતરીની મિનિટોમાં રાખડી અને તેની સાથેની ભેટ કે મીઠાઇ ડિલિવર કરશે. રાખડીની કિંમત રૂ. ૧૯થી અને ભેટ તથા મીઠાઇની કિંમત રૂ. ૯૯થી શરૂ થાય છે. પીવીઆર આઇનોક્સ શેર બાયબેક અંગે ૩૧ ઓગસ્ટની બોર્ડ મીટીંગમાં ચર્ચા કરશે. ગજા ઓલ્ટરનેટીવ એસેટ મેનેજમેન્ટના શેર બુધવારે તેના ઇશ્યૂભાવ સામે ૧૬ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સનશાઇન પિકચર્સના શેર મંગળવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકાના પ્રીમિયમ સાથે અને શંકેશ્વર જ્વેલર્સના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. આવાડા ઇલેક્ટ્રો, એમપી સ્ટીલ લિમિટેડ, બોન્ફીગ્લીઓલી ટ્રાન્સમિશન, રેંટોમોજો લિમિટેડ સહિતની કંપનીઓએ આઈપીઓ લાવવા સેબી પાસે દસ્તાવેજ જમા કરાવ્યા છે.

ઇન્ફોર્મા માર્કેટ દ્વારા ફૂડ ઇન્ગ્રિડિયન્ટ્સ, પ્રોસેસિંગ, પેકેજિંગ અને સપ્લાય ચેઇન ઇનોવેશન માટે ભારતના અગ્રણી બીટુબી પ્લેટફોર્મ એફઆઈ ઇન્ડિયાની વીસમી આવૃત્તિ અને પ્રોપેક ઇન્ડિયાની આઠમી આવૃત્તિનું સહ આયોજન થયું છે, આ ત્રણ દિવસીય ઇવેન્ટમાં પચાસથી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૪૦૦થી વધુ પ્રદર્શકો, ૧,૨૦૦થી વધુ બ્રાન્ડસ અને ૧૫,૦૦૦થી વધુ ઇન્ડસ્ટ્રી પ્રોફેશનલ્સ એક છત્ર નીચે એકત્ર થઇ રહ્યા છે. ઈએસડીએસ સોફ્ટવેર સોલ્યુશનનો રૂ. ૭૨૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને પહેલી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. પલુક ટેક્નોલોજીસનો આઇપીઓ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને પહેલી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શાંતિ ઇનઓર્ગેનિક્સનો આઇપીઓ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને બીજી સપ્ટેમ્બરના રોજ બંધ થશે.

શેરબજારમાં સત્ર દરમિયાન અનિશ્ચિત માહોલ રહ્યો હતો. મોટાભાગના નિફ્ટી ક્ષેત્રીય સૂચકાંકો ગ્રીન ઝોનમાં ટ્રેડ થયા હતા, જે વ્યાપકપણે હકારાત્મક બજાર સેન્ટિમેન્ટનો સંકેત આપે છે. પીએસયુ બેન્ક, ખાનગી બેંકો અને ફાઇનાન્શિઅલ સ્ટોક્સમાં આકર્ષણ જોવા મળ્યું હતું. રિયલ્ટી, મિડ-સ્મોલકેપ્સ, સિમેન્ટ અને ટેક્નોલોજી શેરોમાં પણ લેવાલી હતી. મેટલ અને ઓઇલ-ગેસ ઇન્ડેક્સ મોટાભાગે સ્થિર રહ્યા. ઓટો, એફએમસીજી, આઇટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ દબાણ હેઠળ રહ્યા હતા.

વિશ્વ બજારમાં ટોકિયો સમય મુજબ સવારે ૧૦:૫૦ વાગ્યા સુધીમાં ઓસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ૦.૩૦ ટકા ગબડ્યો હતો, જ્યારે નિકેઈ ૨૨૫ ફ્યુચર્સમાં ૦.૪૦ ટકાનો ઘટાડો હતો. જાપાનનો ટોપિક્સ ૦.૨૦ ટકા અને ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૧૦ ટકા વધ્યો હતો. જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો અને શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪ ટકા વધ્યો હતો. યુરો સ્ટોક્સ ૫૦ ફ્યુચર્સમાં મામૂલી ફેરફાર થયો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર ગેજમાંથી સાત ગબડ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ૧.૫૦ ટકાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટી એફએમસીજી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ અને ગેસ અને ઓટો ઇન્ડેક્સ પણ ૦.૬ ટકા અને ૦.૯ ટકાની વચ્ચે ઘટ્યા હતા. બીજી તરફ, બેંક, ખાનગી બેંક, પીએસયુ બેંક, મેટલ અને ફાઇનાન્શિયલ સર્વિસિસ ઇન્ડેક્સ ૦.૫ ટકા અને એક ટકાની વચ્ચે ગબડ્યા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ફ્લેટ નોટ પર બંધ થયો, જ્યારે સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૮ ટકા વધીને ૨૦,૦૬૭ પર બંધ થયો હતો.

નિફ્ટી ઇન્ડેક્સમાં ટોપ લુઝર ભારતી એરટેલ ૨.૩૧ ટકા ઘટીને રૂ. ૧,૯૦૨ પર બંધ થયો હતો. પાવર ગ્રીડ, લાર્સન એન્ડ ટુબ્રો, ઇન્ફોસિસ, નેસ્લે ઇન્ડિયા, શ્રીરામ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, બજાજ ઓટો, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એનટીપીસી અને વિપ્રો પણ ૧.૫% થી ૨.૧૪% ની વચ્ચે ઘટ્યા હતા.

બીજી બાજુ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચએસબીસી લાઇફ, ઓસબીઆઇ લાઇફ, ઇન્ટરગ્લોબ એવિએશન, ટાટા સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ નિફ્ટીમાં સૌથી વધુ વધ્યા હતા. એનએસઇ પર એકંદર માર્કેટ બ્રેથ હકારાત્મક રહી હતી. કુલ ટ્રેડેડ શેરમાંથી ૧,૯૬૭ શેર વધીને બંધ થયા હતા, જ્યારે ૧,૫૪૮ શેર નીચા સ્તરે બંધ થયા હતા.

# એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીન સિવાયની ધાતુમાં આગેકૂચ

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક સ્તરે પણ કોપરના વાયદામાં ભાવ વધી આવતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. બેના ઘટાડા તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૯ની આગેકૂચ જોવા મળી હતી. સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે મુખ્યત્વે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૧૪૭૪, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૩૬૮ અને રૂ. ૧૩૫૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૭૯ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૨૬૫ અને રૂ. ૯૮૫ના મથાળે રહ્યા હતા.

ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૪૨૬ અને રૂ. ૧૬૫૫, અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૫૩ના મથાળે રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ દસ્તાવેજો એટલે કે -
(૧) નં. BOM-R ૨૬૫૩/૧૯૬૪ હેઠળ મુંબઈના સબ-રજિસ્ટ્રાર સાથે નોંધાયેલ ઈબ્રાહિમ ફિદાલી અને અન્યોની તરફેણમાં જયાલક્ષ્મી એસ. વલ્લભદાસ અને અન્ય વ્યક્તિઓ વચ્ચે તા. ૨૭મી જુલાઈ ૧૯૬૪ના કન્વેન્સનરી ઓફ રેવેર્સીઓનરી હિત,
(૨) નં. BOM/S/૪૧૩૬/૧૯૭૪ હેઠળ સબ-રજિસ્ટ્રાર ઓફ એશ્યોરન્સ, મુંબઈ સાથે નોંધાયેલ (એ) નજમુદ્દીન મુલ્લા ઈબ્રાહિમ, (બી) ઈબ્રાહિમ ફિદાઅલી અને તૈયબઅલી ફિદાઅલી, (સી) હુસેનીભાઈ મુલ્લા ઈબ્રાહિમ અને (ડી) સિરાજ ઈબ્રાહિમ હરારવાલા વચ્ચે તા. ૧૯મી નવેમ્બર ૧૯૭૪નો ડીડ ઓફ પાર્ટિશન જે તેના પર ઊભેલ સ્ટ્રકચર સાથે અને તેમાંના અન્ય હક્કો મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લામાં આવેલ ગામ હરિયાલી, તાલુકા કુર્લા, જિલ્લા મુંબઈ ખાતે આવેલ સર્વે નં. ૧૦૩ (B) ધરાવતી જમીનનો ભાગ હોઈ ભરતમાં અંદાજે ૧૩૧.૨૦ ચો.મી.નો જમીન અથવા મેદાનનો એક ટુકડો અને કકડો હોઈ સ્થાવર મિલકત ઈન્ટરએલિયાની બાબતમાં છે, જે ગાંધી નગર, L.B.S. માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-૮૩ ખાતે તેમની ઓફિસ ધરાવનાર તેમના ફક્ત હાલના ભાગીદારો તરીકે મોહમ્મદ ઈબ્રાહિમ ખોરાકીવાલા અને શ્રીમતી મલેકા યુસુફ ખોરાકીવાલા તરીકે ધરાવતા ભારત ગેલ્વેનાઈઝર્સ, એક ભાગીદારી પેઢીના માલિકીના છે જે ગુમ થયેલ છે / ગેરવલ્લે થયેલ છે.
આથી જાહેર જનતાને ચેતવણી અને સલાહ આપવામાં આવે છે કે તેઓ સદર મૂળ દસ્તાવેજના આધારે કોઈપણ શખ્સ સાથે વ્યવહાર કે વાટાઘાટ ન કરે અથવા કોઈ ત્રીજા પક્ષના અધિકાર કે વ્યવહારનું નિર્માણ ન કરે. કોઈપણ શખ્સ જેઓ ગુમ થયેલ દસ્તાવેજ મળી આવે અથવા જેની પાસે માન્ય દાવો કે વાંધો હોય, તો તેમને વિનંતી કે આ છપાયાની તારીખથી ૧૫ દિવસમાં સહાયક પુરાવા સાથે લેખિતમાં નીચે સહી કરનારને સંપર્ક કરે.
સહીઃ
મોહમ્મદ ઈબ્રાહિમ ખોરાકીવાલા
અને શ્રીમતી મલેકા યુસુફ ખોરાકીવાલા
સરનામુંઃ ૨૦૩-૨૦૪, પ્રભાત ચેમ્બર્સ, ૯૨, S. V. રોડ, ખાર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૨
ઈમેલઃ admin@ahparpiaco.com
તારીખઃ ૨૭મી ઓગસ્ટ ૨૦૨૬
સ્થળઃ મુંબઈ


અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે સોનામાં થાક ખાતી તેજી

# સ્થાનિક ચાંદીમાં ₹ ૧૧૧૧નું બાઉન્સબેક, સોનામાં ₹ ૭૦૪નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના અથવા તો પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની થનારી જાહેરાત અને આગામી શુક્રવારના અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ કેવિન વાર્શનાં જેક્શન હૉલ ખાતેના વક્તવ્ય પૂર્વે રોકાણકારોએ સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી હાજર ભાવમાં અનુક્રમે ૦.૮ ટકાનો અને ૦.૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે સત્રના આરંભે ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતા કિલોદીઠ રૂ. ૧૧૧૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૧થી ૭૦૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૯૩નો કડાકો બોલાઈ ગયા બાદ આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૧ના બાઉન્સબૅક સાથે રૂ. ૨,૪૨,૯૫૯ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૦૧ ઘટીને રૂ. ૧,૬૦,૬૯૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૦૪ ઘટીને રૂ. ૧,૬૧,૩૩૭ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૧૮.૦૩ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૬૭૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત મંગળવારે અમેરિકી ટ્રેઝરી વિભાગે બજારમાં પ્રવાહિતા વધારવા માટે લાંબાગાળાની ટ્રેઝરીના બાયબેકનો કાર્યક્રમ બમણો કરવાની જાહેરાત કરતાં સોનાના વૈશ્વિક ભાવ ગત ૧૪મી મે પછીની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૬૮.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ફુગાવાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝુબોરોસે જણાવતા ઉમેર્યું હતું કે રોકાણકારોની નજર આગામી શુક્રવારનાં જેક્શન હૉલમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષનાં વક્તવ્ય પર પણ સ્થિર થઈ છે. જો ફુગાવામાં હળવી માત્રામાં વૃદ્ધિ થાય તો ફેડરલ રિઝર્વ દ્વારા આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડશે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી ૬૪ ટકા શક્યતા જોઈ રહ્યા હતા. જેક્શન હૉલ ખાતેના વક્તવ્યમાં કેવિન વાર્શ જો નાણાનીતિ અંગે મૌન સેવે તો નીતિવિષયક અનિશ્ચિતતાને કારણે ડૉલર નબળો પડતાં સોનામાં સુધારો આવશે, પરંતુ જો તંગ નાણાનીતિનું વલણ દાખવશે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે, એમ સ્ટોન એક્સનાં વિશ્લેષક રહોના ઑ કૉનેલે જણાવ્યું હતું. જોકે, આજે ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ અંગે ઓમાન સાથે વાટાઘાટો શરૂ કરી હોવાનું જણાવ્યું હોવાથી ક્રૂડતેલના ભાવ અમુક અંશે દબાણ હેઠળ રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# આ ત્રણ નવા ઓપન એન્ડેડ ફંડ ગોલ્ડ અને સિલ્વર ઇટીએફમાં રોકાણ કરશે

મુંબઇઃ મૂડીબજારમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલ લાઇફ સાયકલ ફંડ ૨૦૩૧, લાઇફ સાયકલ ફંડ ૨૦૩૬ અને લાઇફ સાયકલ ફંડ ૨૦૪૧ સાથે પ્રવેશ કર્યો છે, જે ઇક્વિટી અને ડેટની સાથે ગોલ્ડ અને સિલ્વર ઇટીએફ, એક્સચેન્જ-ટ્રેડેડ કોમોડિટી ડેરિવેટિવ્ઝ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટસમાં રોકાણ કરી શકે છે. એનએફઓ નવમી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. ત્રણેય સ્કીમ્સ અનુક્રમે પાંચ, દસ અને પંદર વર્ષની પાકતી મુદત ધરાવે છે.

આ ફંડોમાં વર્ષો દરમિયાન ઇક્વિટી ફાળવણી વધુ હોય છે અને મેચ્યોરિટી નજીક આવતાની સાથે ધીમે ધીમે તેમાં ઘટાડો થાય છે, જેમાં ડેટ અને મની માર્કેટ એક્સપોઝર અનુરૂપ રીતે વધે છે. ૧૫ વર્ષના લાઇફ સાયકલ ફંડ ૨૦૪૧માં સૌથી વધુ પ્રારંભિક ઇક્વિટી ફાળવણી હશે, જ્યારે ફંડ પરિપક્વતાથી દસથી પંદર વર્ષ દૂર હોય ત્યારે ૬૫થી ૮૦ ટકા. જ્યારે પાંચથી ૧૦ વર્ષ બાકી હોય ત્યારે આ ઘટીને ૫૦થી ૬૫ ટકા થશે, ત્રણથી પાંચ વર્ષ પહેલા ૩૫થી ૫૦ ટકા, એકથી ત્રણ વર્ષ પહેલા ૨૦થી ૩૫ ટકા અને અંતિમ વર્ષમાં પાંચથી વીસ ટકા થશે.

દસ વર્ષના લાઇફ સાયકલ ફંડ ૨૦૩૬ માટે, પરિપક્વતાથી પાંચથી ૧૦ વર્ષ પછી ઇક્વિટી ફાળવણી ૫૦થી ૬૫ ટકાથી શરૂ થાય છે અને ત્યારબાદ પાંચ વર્ષના લાઇફ સાયકલ ફંડ ૨૦૩૧ પરિપક્વતાથી ત્રણથી પાંચ વર્ષ પછી ૩૫-૫૦ ટકા ઇક્વિટી એક્સપોઝરથી શરૂ થાય છે.

# ખાંડમાં ₹ ૧૫૨થી ૨૬૨નો વધુ કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિકમાં ખાંડનો પુરવઠો વધારવા અને ભાવ અંકુશમાં રાખવા માટે સરકારે ૧૦ લાખ ટન ખાંડની આયાતની મંજૂરી આપ્યા બાદ દેશમાં ખાંડનાં ઉત્પાદક રાજ્યોમાં એક્સ મિલ ધોરણે ભાવમાં સતત પીછેહઠ જોવા મળી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં ખાંડના ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૧૫૨થી ૨૬૨નો અને નાકા ડિલિવરી ધોરણે ક્વિન્ટલે રૂ. ૩૦૦થી ૪૦૦નો કડાકો બોલાઈ ગયો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨૨ અને ઉપલા મથાળેથી રૂ. ૧૫૨ના ઘટાડા સાથે રૂ. ૫૪૭૦થી ૫૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૨૦થી ૨૬૨ના ઘટાડા સાથે રૂ. ૫૬૦૦થી ૫૮૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦૦ના ઘટાડા સાથે રૂ. ૫૩૦૦થી ૫૩૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦૦થી ૪૦૦ના ઘટાડા સાથે રૂ. ૫૪૦૦થી ૫૫૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં છ લાખ પ્રવાસીઓએ સિંગાપોરની મુલાકાત લીધી

મુંબઈઃ વર્ષ ૨૦૨૬નાં પહેલા છમાસિકગાળામાં સિંગાપોરનાં પ્રવાસન ક્ષેત્ર માટે ભારતનું સ્થાન મહત્ત્વના બજાર તરીકે જળવાઈ રહ્યું હતું અને જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળામાં સિંગાપોરની મુલાકાત લેનાર ભારતીયોની સંખ્યા છ લાખ કરતાં વધુ રહી હોવાનું સિંગાપોર ટુરિઝમ બૉર્ડે જણાવ્યું હતું.

તાજેતરમાં વૈશ્વિક પડકારોના સમયગાળામાં પ્રવાસન ઉદ્યોગને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તેને ધ્યાનમાં લેતા ભારતનું સાતત્યભર્યું પ્રદર્શન અર્થપૂર્ણ છે. ભારતીય પ્રવાસીઓ, અમારા એરલાઈન્સ ભાગીદારો અને વર્ષોના ટ્રાવેલ વેપાર અમારા મજબૂત સંબંધોનો પુરાવો છે, એમ સિંગાપોર ટુરિઝમ બોર્ડના ભારત, મધ્યપૂર્વ, દક્ષિણ એશિયા અને આફ્રિકા વિભાગના પ્રાદેશિક ડિરેક્ટર માર્કસ ટેને જણાવ્યું હતું. બોર્ડની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં ખર્ચની દૃષ્ટિએ પણ ભારતીય મુલાકાતીઓ મોખરે રહ્યા હતા અને ૨૭.૪ કરોડ સિંગાપોર ડૉલરનો ખર્ચ કર્યો હતો. એકંદરે વર્ષ ૨૦૨૬નાં પહેલા છમાસિકગાળામાં સિંગાપોરમાં મુલાકાતીઓની સંખ્યા ૮૧.૯ લાખની રહી હતી. વધુમાં સિંગાપોરને સુલભ અને આકર્ષક રાખવા માટે તેના ભાગીદારો સાથે નિકટતાથી કાર્ય કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું જાળવી રખાશે અને સાથે સાથે ગુણવત્તાયુક્ત મુસાફરીને આગળ ધપાવીને પ્રવાસન ક્ષેત્રને લાંબાગાળા માટે વધુ સઘન બનાવાશે, એમ તેમણે ઉમેર્યું હતું. વર્ષ ૨૦૨૫માં સિંગાપોરમાં આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓની સંખ્યા ૧.૬૯ કરોડ સુધી પહોંચી હતી જેમાં ચીની મુલાકાતીઓની સંખ્યા ૩૧ લાખની, ઈન્ડોનેશિયાના મુલાકાતીઓની સંખ્યા ૨૪ લાખ, મલયેશિયાના મુલાકાતીઓની સંખ્યા ૧૩ લાખ, ઑસ્ટ્રેલિયન મુલાકાતીઓની સંખ્યા ૧૩ લાખ અને ભારત ૧૨ લાખ મુલાકાતીઓની સંખ્યા સાથે પાંચમું સ્થાન ધરાવતું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે.ચી.એ./M&E/૧૫૬૦/E.S. તા. ૨૫.૦૮.૨૦૨૬

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નંબર | ૨૦૨૬_MCGM_૧૩૩૦૯૩૦_૧ |
| વિષય | M/E વોર્ડમાં રફીકનગર મુસ્લિમ સ્મશાનભૂમિ ખાતે સ્થિત ઈલૂમિનેશનનું રિપેર અને ડિસ્ટ્રીબુશન પેનલનું SITC. |
| ટેન્ડર - વેચાણ | બીડ શરૂઆત તારીખઃ ૨૭.૦૮.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ કલાકે બીડ છેલ્લી તારીખઃ ૦૩.૦૯.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ કલાક |
| વેબસાઈટ | www.mahatenders.gov.in |
| A) સંપર્ક ઓફિસ નામ | શ્રીમતી પ્રીતિ વૈભવ બિરારી |
| B) મોબાઈલ નં. | ૯૧૬૭૭૪૨૯૯૨ |
| C) ઈ-મેલ સરનામું | aees02.me@mcgm.gov.in |

સહી/-
(શ્રી. વી. કે. મ્હાત્રે)
એક્ષિ. એન્જિ. (M&E) E.S.
PRO/1215/ADV./2026-27
વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં નિરસ કામકાજે ખાદ્યતેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં સાધારણ ત્રણ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૯૩ રિંગિટ ઘટી આવ્યા હતા.

આમ એકંદરે આજે વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલ અને ઈદે મિલાદની જાહેર રજા હોવા છતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં સ્થાનિક ખાદ્યતેલ બજારમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડ, કપાસિયા અને સરસવમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૨૫ ઑગસ્ટ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના સમાનગાળાના ૧૩,૦૭,૦૧૨ ટન સામે ૨૦.૦૩ ટકા ઘટીને ૧૦,૪૫,૨૦૪ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫, સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને રેડી ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૫, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, એડબ્લ્યુએલના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને ઑગસ્ટ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૮૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે રાજકોટ મથકે ૧૨૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલ મથક પર વિવિધ તેલોમાં ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૦થી ૧૬૧૫ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦થી ૧૬૫૫ના મથાળે રહ્યા થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૧૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૨૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૭૫૦થી ૫૯૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૯૦૦થી ૬૧૦૦માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦, સિંગતેલના રૂ. ૧૭૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# સરકારે ખાંડની આયાતનાં ધોરણો હળવા કર્યાં, પ્રોસેસિંગ માટેની સમયમર્યાદા વધારાઈ

નવી દિલ્હીઃ ખાંડની આયાતના શિપમેન્ટ વિલંબથી થવાની શક્યતાને ધ્યાનમાં લેતા ઉદ્યોગ વર્તુળોએ ચિંતા વ્યક્ત કરતાં સરકારે આયાત કરેલી કાચી ખાંડનું પ્રોસેસિંગ કરીને સ્થાનિકમાં વેચાણ માટેની સમયમર્યાદા બે મહિનાની કરી છે.

નોંધનીય બાબત એ છે કે સ્થાનિકમાં ખાંડનો પુરવઠો વધારવા અને ભાવ નિયંત્રણમાં રાખવા માટે ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપતા સરકારે આયાતકારોને કાચી ખાંડનું પ્રોસેસિંગ કરીને ૩૧મી ઑક્ટોબર સુધી બજારમાં વેચાણ કરવાનું જણાવ્યું હતું. જોકે, તાજેતરની બેઠકમાં ઉદ્યોગે મંત્રાલય સમક્ષ સમયમર્યાદા અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે બ્રાઝિલનાં બંદર પર થયેલા ભરાવા અને કાર્ગોના ૪૦ દિવસનાં શિપમેન્ટના સમયગાળાને જોતા આ સમયમર્યાદા યોગ્ય ન હોવાનું જણાવતા ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ ગત ૨૦મી ઑગસ્ટના રોજ બહાર પાડેલા નોટિફિકેશનમાં ગત ૨૪મી ઑગસ્ટના રોજ ફેરફાર કરીને આયાતી કાચી ખાંડના પ્રોસેસિંગ અને વેચાણ માટેની સમયાવધી લંબાવી છે.

ડીજીએફટીએ સુધારિત નોટિફિકેશનમાં જણાવ્યું છે કે ટૅરિફ રેટ ક્વૉટા (ટીઆરક્યુ) હેઠળ આયાત કરવામાં આવેલી કાચી ખાંડનું આયાત પછી વાજબી સમયગાળામાં પ્રોસેસિંગ કરવામાં આવશે. જોકે, આયાતકાર કાચી ખાંડને રિફાઈન્ડ ખાંડમાં રૂપાંતરિત કરશે અને બિલ ઑફ એન્ટ્રી ફાઈલ કર્યાની તારીખથી બે મહિના સુધીનાં સમયગાળામાં તેનું વેચાણ કરવાનું રહેશે.

સરકારના આ નિર્ણયને આવકારતા નેશનલ ફેડરેશન ઑફ કૉ ઑપરેટિવ સુગર ફેક્ટરીઝના મેનેજિંગ ડિરેક્ટર પ્રકાશ નાઈકનવરેએ જણાવ્યું હતું કે સરકારનો આ સકારાત્મક નિર્ણય છે અને તેનાથી મિલો આયાતની અરજી કરવા માટે પ્રોત્સાહિત થશે.

ઉલ્લેખનીય બાબત એ છે કે મિલોએ ડીજીએફટી પોર્ટલ પર કાચી ખાંડની આયાત માટે ઓનલાઈન અરજી કરવાનું શરૂ કરી નાખ્યું છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

EOI નોટીસઃ-

| | | |
|---|---|---|
| ૧. | EOI દસ્તાવેજ નંબર | ૨૦૨૬_MCGM_ ૧૩૩૧૯૯૬_૧ |
| ૨. | સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ૩. | EOIનું નામ | BSSY ડિઝિટલ પ્લેટફોર્મનું ડિઝાઈન, વિકાસ, અમલીકરણ, હોસ્ટિંગ, ટ્રેનિંગ, કમિશનિંગ, ઓપરેશન અને જાળવણી માટે એજન્સીની પસંદગી માટે હિતની અભિવ્યક્તિ (EOI) |
| ૪. | સુપ્રતિનું મોડ | ઓનલાઇન |
| ૫. | EOI પ્રકાશિત માટે તારીખ | ૨૭/૦૮/૨૦૨૬ |
| ૬. | પ્રશ્નો અને કોમેન્ટ્સ મેળવવાની છેલ્લી તારીખ | ૦૩/૦૯/૨૦૨૬ |
| ૭. | હિતની અભિવ્યક્તિની સુપ્રતિ માટે છેલ્લી તારીખ (EOI પાકતી તારીખ) | ૧૧/૦૯/૨૦૨૬ સાં. ૦૫:૦૦ ક. |
| ૮. | પ્રશ્નો અને સ્પષ્ટતાઓ સરનામા માટે ગ્રાહકના અધિકારીનું નામ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (SWM) ઓપરેશનની ઓફિસ, ૬ઠ્ઠો માળ, BMC ગેરેજ બિલ્ડીંગ, પંત નગર, ઘાટકોપર (પૂ), મુંબઈ - ૪૦૦૦૭૫. ઈમેલ ID: dyche01op.swm@mcgm.gov.in |
| ૯. | EOI દસ્તાવેજની કિંમત | મફત |

રસ ધરાવતી એજન્સીઓ www.mahatender.orgની વેબસાઇટ પરથી દરખાસ્ત અને જોડાણો ડાઉનલોડ કરી શકે છે અને યોગ્ય રીતે ભરેલા દરખાસ્ત દસ્તાવેજ પ્રાપ્ત થવાની છેલ્લી તારીખ પહેલા મહાટેન્ડર પોર્ટલ પર ઓનલાઇન સુપ્રત કરી શકે છે. કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ અરજીઓ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. ઉપર દર્શાવેલ પરિશિષ્ટ ટેન્ટેટીવ છે અને BMC ઉપરોકત પરિશિષ્ટમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.
દ્વારા મંજૂર
સહી/-
E.E. (SWM) OP
PRO/1227/ADV./2026-27
પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# માંજરેકર સામે વૈભવનો વળતો પ્રહાર, ‘બોલતાં પહેલાં પૂરી વાત તો જાણો’



નવી દિલ્હીઃ યુવાન ભારતીય ખેલાડીઓ (વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલ)એ શ્રીલંકાના હરીફ ખેલાડીઓ સામે ક્રોધ બતાવીને તેમની સાથે ટકરાવા સુધી ઘર્ષણમાં ઊતરી પડ્યા એ ઘટનાની હાલમાં સર્વત્ર ચર્ચા છે અને એમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે બન્ને ભારતીય યુવા ખેલાડીઓ વિરુદ્ધ હળવાશ બતાવવા સામે જે વિરોધ વ્યક્ત કર્યો એનો વૈભવે જવાબ આપ્યો હોવાનું એક અખબારી અહેવાલમાં જણાવાયું હતું.

સૂર્યવંશીએ ‘એક્સ’ પર માંજરેકરને જવાબ આપતાં લખ્યું છે, ‘બહુ થઈ ઝેરીલી ટિપ્પણીઓ, બાળક જેવી દલીલ અને ચીડચીડિયું વર્તન. બીજાને ઉપદેશો આપતાં પહેલાં પૂરી વાત તો જાણો.’ થોડા દિવસ પહેલાં યશસ્વીએ કૉમેન્ટેટર હર્ષા ભોગલેને ‘કંઈ પણ નિષ્કર્ષ પર આવતાં પહેલાં એ ખેલાડી (અસિથા ફર્નાન્ડો) શું બોલ્યો હતો એ તમારે જાણવું જોઈતું હતું.’

જૂનમાં શ્રીલંકા-એ સામેની એક મૅચમાં ઇન્ડિયા-એનો સુપરઓવરમાં પરાજય થયો ત્યાર પછી વૈભવને ઉશ્કેરતી ટિપ્પણી કરનાર શ્રીલંકાના ખેલાડીઓ તરફ વૈભવ ગયો અને તેના વિશે અજુગતું બોલનાર વિશેન હલમબાગેની નજીક ગયો હતો અને તેને ધક્કો માર્યો હતો. નિરોશન ડિકવેલા સહિતના ખેલાડીઓએ બન્નેને છોડાવવા પડ્યા હતા.

માંજરેકરે આઇસીસીને અને બીસીસીઆઇને સૂચન કર્યું છે કે ‘અગાઉ વૈભવની ઘટના અને હવે યશસ્વીની.

તમે જો તેમને આવા વર્તન બદલ હળવી સજા કરીને છોડી દેશો તો ભવિષ્યમાં ફરી એવું વર્તન કરશે. ક્રિકેટની રમત માટે અને તેમના ભવિષ્ય માટે આ ઠીક ન કહેવાય.’■


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

‘ગાય પાળો ગાય બચાવો’
પોતાની ગાય પાળવા માટે આદર્શ વ્યવસ્થા
COW HOSTEL
સંપર્કઃ ગૌ વસુંધરા
9819186694
(બી-૧૭૯૮૫)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૦૨૮)

### ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (પૂર્વ)**
૨ બેડરૂમનો ફલેટ એરીયા ૭૫૦’ કારપેટ, સેમી ફર્નિશ્ડ, લિફ્ટ, પાર્કિંગ, ભાડું રૂ. ૯૦,૦૦૦/- ૧ કલાકની નોટિસમાં જોવા મળી શકશે. રેડી પઝેશન. ફોનઃ- ‘‘વેદાંત પટેલ’’ ૯૬૧૯૬૯૩૦૯૦. (બી-૧૭૯૮૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**
**One Office for Sale Carpet 230. Rate 60K Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18029)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ‘‘એસ. પેસ્ટ કંટ્રોલ’’ ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૦૦-જી)


### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## વૈભવ-યશસ્વીને શું કામ મામૂલી સજા કરીને છોડી દીધા? બન્ને પર લગામ તાણોઃ સંજય માંજરેકર

### દિગ્ગજ ભારતીય ખેલાડીએ બીસીસીઆઈને કહ્યું કે કડક પગલાં નહીં ભરો તો ભવિષ્યમાં ઝપાઝપી જેવી ઘટના ફરી બનશે



નવી દિલ્હીઃ શ્રીલંકાના ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડોએ બે દિવસ પહેલાં ભારતીય ઓપનર યશસ્વી જયસ્વાલને આઉટ કર્યા બાદ એવું તે શું કહીને ઉશ્કેર્યો કે મામલો ગંભીર થઈ ગયો એ તો ખુદ યશસ્વી જ જાણે, પરંતુ યશસ્વી ક્રોધમાં તેની પાસે દોડીને મારામારી સુધી પહોંચી ગયો હતો એવા યશસ્વીના ‘ગલી ક્રિકેટ જેવાં’ વર્તન બદલ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકર ખૂબ ગુસ્સામાં છે અને તેમણે આઈસીસી તેમ જ બીસીસીઆઈને એક સૂચન કર્યું છે. માંજરેકરે જૂન મહિનાની વૈભવ સૂર્યવંશીની ઘટનાની યાદ પણ તાજી કરાવીને આકરા પ્રહાર કર્યા છે અને બન્ને યુવા ખેલાડી પર લગામ તાણવાની સલાહ આપી છે.

આઇસીસીના મૅચ રેફરી ઍન્ડી પાયક્રોફ્ટે યશસ્વી તેમ જ ફર્નાન્ડોને પચીસ-પચીસ ટકા મૅચ ફીનો દંડ કરીને તેમ જ ઠપકો આપીને છોડી દીધા છે. એ ઉપરાંત બંને ખેલાડીનાં નામે પેનલ્ટી તરીકે એક-એક ડીમેરિટ પોઇન્ટ પણ લખવામાં આવ્યો છે.

માંજરેકરે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં આઇસીસી અને બીસીસીઆઈનું નામ લઈને કહ્યું છે કે ‘યશસ્વીને શા માટે આટલી હળવી સજા કરીને છોડી દેવામાં આવ્યો?’

જૂનમાં દમ્બુલામાં સુપરઓવરમાં શ્રીલંકા-એ સામે ઇન્ડિયા-એનો પરાજય થયો ત્યાર બાદ કંઈક ટિપ્પણી થતાં ટીનેજ સ્ટાર વૈભવ સૂર્યવંશી શ્રીલંકાના ખેલાડીઓ પર ગુસ્સે થઈ ગયો હતો અને વૈભવે વિશેન હલમબાગે નામના શ્રીલંકન ખેલાડીને ધક્કો માર્યો હોવાનું વીડિયોમાં જોવા મળ્યું હતું. ત્યારે બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ (વૈભવ સામે કોઈ પગલું ભરાશે કે કેમ? એવા પત્રકારોના સવાલ બાદ પ્રતિક્રિયામાં) જણાવ્યું હતું કે એ મૅચ સંબંધિત શિસ્તને લગતાં પગલાં ભરવાની સત્તા મૅચના અમ્પાયરો અને સ્થાનિક ક્રિકેટ સત્તાધીશો પાસે હોવાથી બીસીસીઆઇ કોઈ રીતે જવાબદાર નથી. જોકે સૈકિયાએ ભારતીય ખેલાડીઓને માત્ર રમવા પર જ ધ્યાન આપવાની સલાહ આપી હતી.

માંજરેકરે ‘એક્સ’ પર લખ્યું છે કે ‘ડિયર આઇસીસી અને બીસીસીઆઈ, થોડા દિવસ પહેલાં ઇન્ડિયા-એ વતી રમતી વખતે વૈભવે ગેરવર્તન કર્યું અને હવે યશસ્વીએ કર્યું. આવા ગેરવર્તન બદલ તમે ખેલાડીઓને હળવી સજા કરીને છોડી દેશો તો તેઓ ફરી આવું વર્તન કરતા અચકાશે નહીં. ક્રિકેટની રમત માટે તેમ જ ખેલાડીઓની કારકિર્દી માટે આ સારું ન કહેવાય.’ મંગળવારે કૉમેન્ટટર હર્ષા ભોગલેએ યશસ્વીની ટીકા કરી ત્યારે યશસ્વીએ સોશિયલ મીડિયામાં તરત જ પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે ‘ફર્નાન્ડો મને આઉટ કર્યા પછી શું બોલ્યો એ ખબર ન હોય તો તમારે કોઈ નિષ્કર્ષ પર આવવું ન જોઈએ.’ ■

## માનવ સુથારે પાંચ બૉલમાં બે વિકેટ લીધી અને જુઓ, બાજી કેવી ફરી ગઈ!

### ફૉલો-ઑન પછી શ્રીલંકાના સરસાઈ બાદ પાંચ વિકેટે માત્ર ૧૬ રનઃ ભારત બીજી ટેસ્ટ પણ જીતવાની તૈયારીમાં





રિષભ પંતે સૂર્યાબંડારા સ્ટમ્પ-આઉટ કર્યો હતો (ડાબે). માનવ સુથારે બીજા દાવમાં બે વિકેટ લીધી. (પીટીઆઇ)

કોલંબોઃ અહીં સિરીઝની બીજી અને આખરી ટેસ્ટમાં શ્રીલંકાના બૅટ્સમેનોએ ફૉલો-ઑન થયા બાદ જોરદાર લડત આપી હતી, પરંતુ ભારતીય બોલરોએ (ખાસ કરીને સ્પિનર માનવ સુથારે) સમયસર વિકેટો લઈને યજમાન ટીમને મોટી મુસીબતમાં મૂકી દીધી હતી અને ભારત હવે ગુરુવારે (મેઘરાજા ન નડે તો) આ ટેસ્ટ પણ જીતીને શ્રીલંકનોનો ૨-૦થી વાઇટવૉશ કરી શકે એમ છે.

ભારતના પ્રથમ દાવના ૯/૫૦૩ ડિક્લેર્ડના જવાબમાં શ્રીલંકાનો પ્રથમ દાવ ૨૯૦ રન પર સમેટાઈ જતાં ભારતે ૨૧૩ રનની સરસાઈ લીધી હતી અને શ્રીલંકાને ફૉલો-ઑન થવાની ફરજ પાડી હતી. જો શ્રીલંકનોએ વધુ ૧૪ રન બનાવી લીધા હોત તો તેમણે ફૉલો-ઑન ન થવું પડ્યું હોત, પરંતુ નવોદિત ઑફ-સ્પિનર સારાંશ જૈને બુધવારે સવારે ટૂંકા સમયગાળામાં લાહિરુ કુમારા (૧૨ રન) અને સેન્ચુરિયન સોનાલ દિનુશા (૧૦૩ રન)ની વિકેટ લઈને શ્રીલંકાને ફૉલો-ઑન થવા મજબૂર કર્યા હતા.

### માનવની વિકેટો, પંતનું સ્ટમ્પિંગ બન્યા ટર્નિંગ પૉઇન્ટ

શ્રીલંકાએ બીજા દાવમાં પાંચ જ રનના સ્કોર પર મોહમ્મદ સિરાજની ઓવરમાં પ્રથમ વિકેટ ગુમાવી ત્યાર બાદ નાની-મોટી ભાગીદારીઓથી શ્રીલંકાની સ્થિતિ એકંદરે સારી રહી હતી.

એક તબક્કે શ્રીલંકાનો બીજા દાવનો સ્કોર ત્રણ વિકેટે ૨૦૩ રન હતો અને તેમણે સરસાઈ ઉતારવા માત્ર બીજા ૧૦ રન બનાવવાના હતા. જોકે માનવ સુથાર ત્યારે ત્રાટક્યો હતો. તેણે પહેલાં કૅપ્ટન ધનંજય ડિસિલ્વા (૨૩ રન)ને ગલીના સ્થાન પર દેવદત્ત પડિક્કલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. થોડી વાર બાદ સુથારે કરીઅરની બીજી જ ટેસ્ટમાં પ્રથમ સેન્ચુરી તરફ આગળ વધી રહેલા પાસિન્દુ સૂર્યાબંડારા (૯૨ રન, ૧૭૩ બૉલ, એક છગ્ગો, દસ ચોગ્ગા)ને ઈજા બાદ ફરી ફીલ્ડિંગ કરવા આવેલા વિકેટકીપર રિષભ પંતના હાથે સ્ટમ્પ-આઉટ કરાવ્યો હતો. ઑફ-સ્ટમ્પની બહાર પડેલા બૉલમાં તે શૉટ મારવા ગયો, પણ એમાં નિષ્ફળ ગયો અને પંતે બૉલ પર કબજો કરીને બેલ્સ ઉડાડી દીધી હતી. સૂર્યાબંડારા ઘણો બહાર હતો અને ડીઆરએસની પણ જરૂર નહોતી પડી.

### ‘પાંચમા રને પડી છઠ્ઠી વિકેટ’

શ્રીલંકાનો બીજા દાવનો સ્કોર ૫/૨૧૮ હતો ત્યારે (૨૧૩ રનની) સરસાઈ ઉતાર્યા બાદ તેમના માત્ર પાંચ રન હતા અને ત્યારે પાંચ વિકેટ પડી ચૂકી હતી. ત્યારે ઑફ-સ્પિનર સારાંશ જૈન ત્રાટક્યો હતો અને તેણે વિકેટકીપર નિરોશન ડિકવેલા (છ રન)ને એલબીડબ્લ્યૂમાં શિકાર બનાવ્યો હતો. એ વિકેટ વખતે શ્રીલંકાનો સ્કોર સરસાઈ ઊતાર્યા બાદ છ વિકેટે પાંચ રન હતો. ત્યાર પછી બીજા ૧૧ રન બન્યા અને વરસાદ તથા બૅડ લાઇટને કારણે રમત એક કલાક જેટલી વહેલી સમેટાઈ લેવામાં આવી ત્યારે શ્રીલંકાનો સ્કોર ૬/૨૨૯ હતો અને સરસાઈ બાદ સ્કોર ૬/૧૬ હતો. ભારતે માત્ર ચાર વિકેટ લેવાની બાકી હતી.

### જાડેજા, ક્રિષ્નાએ તોડી ભાગીદારી

સૂર્યાબંડારાએ ૯૨ રનની ઇનિંગ્સ દરમ્યાન કામિલ મિશારા (૩૯ બૉલમાં ૩૨ રન) સાથે બીજી વિકેટ માટે ૫૮ રનની અને કામિન્દુ મેન્ડિસ (૯૨ બૉલમાં પંચાવન રન) સાથે ત્રીજી વિકેટ માટે ૧૧૫ રનની ભાગીદારી કરી હતી. સૂર્યાબંડારા-મેન્ડિસની જોડીએ ૧૧૦ મિનિટ સુધી ભારતીય બોલરોને હંફાવ્યા હતા. જોકે એમાંની પ્રથમ ભાગીદારી રવીન્દ્ર જાડેજાએ અને બીજી ભાગીદારી પ્રસિદ્ધ ક્રિષ્નાએ તોડી હતી.

પ્રથમ દાવમાં સેન્ચુરી (૧૦૩ રન) પૂરી કરીને આઉટ થનાર સોનાલ દિનુશા બીજા દાવમાં સાત રને અને કેશારા નુવાન્થા ત્રણ રને રમી રહ્યા હતા. ભારતીય બોલર આ જોડીને ગુરુવારે કેટલી જલદી તોડશે અને તેમનો દાવ કેટલો જલદી સમેટી લેશે એના પર ભારતની જીતનો આધાર રહેશે.■

## યશસ્વી-ફર્નાન્ડો ફરી નજીક આવી ગયા, પણ આ વખતે...





કોલંબોઃ અહીં સિરીઝની છેલ્લી ટેસ્ટમાં રવિવારના પ્રથમ દિવસે ભારતના ઓપનર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના આક્રમક ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો વચ્ચે જે ચકમક થઈ એને પગલે હજારો પ્રેક્ષકો અને અસંખ્ય ટીવી-દર્શકોનું સતતપણે આ બન્ને ખેલાડી પર ધ્યાન હશે જ અને ત્રીજા દિવસે બધાને કંઈક જુદું જ જોવા મળ્યું હતું.

રવિવારે યશસ્વીની વિકેટ લીધા પછી ફર્નાન્ડો ફુલ-અગ્રેસિવ મૂડમાં હતો અને યશસ્વી હતાશ હતો અને એ સ્થિતિમાં બન્ને વચ્ચે જોરદાર ચકમક થઈ હતી. યશસ્વી ક્લીન બોલ્ડ થયા પછી પાછો જઈ રહ્યો હતો ત્યારે અસિથા કંઈક બોલ્યો હતો જેનાથી ઉશ્કેરાયેલો યશસ્વી પાછો આવ્યો અને ફર્નાન્ડોના માથા પર પોતાની હેલ્મેટ ટકરાવી હતી અને બન્નેને છોડાવવા પડ્યા હતા. મૅચ રેફરી ઍન્ડી પાયક્રૉફ્ટે બન્નેને આ ગેરવર્તન બદલ પચીસ-પચીસ ટકા મૅચ ફીનો દંડ કર્યો છે અને તેમના નામે પેનલ્ટી તરીકે એક-એક ડીમેરિટ પૉઇન્ટ લખ્યો છે.

જોકે મંગળવારના ત્રીજા દિવસે મેદાન પર વાતાવરણ કંઈક અલગ હતું. ફર્નાન્ડો પ્રથમ દાવમાં અગિયારમા બૅટ્સમૅન તરીકે બૅટિંગ કરી રહ્યો હતો અને યશસ્વી નજીકમાં ફીલ્ડિંગમાં ઊભો હતો. જોકે આ વખતે બન્ને જણ નજીક આવી ગયા ત્યારે બન્નેના ચહેરા પર સ્મિત અને હાસ્ય જોવા મળ્યા હતા. બની શકે કે તેમણે એકમેકને કટાક્ષમાં કંઈક કહ્યું હોય અને એકમેકની હાંસી ઉડાવી હશે, પરંતુ એકંદરે વાતાવરણ શાંત હતું. હા, બન્ને અમ્પાયરો તથા આસપાસના ખેલાડીઓનું આ બન્ને પર સતત ધ્યાન હતું.

એ દિવસે ફર્નાન્ડો ૧૨ મિનિટ સુધી ક્રીઝમાં હતો અને ચાર બૉલમાં એક રન બનાવીને અણનમ રહ્યો હતો. યશસ્વીએ એ ઇનિંગ્સમાં પ્રસિદ્ધ ક્રિષ્નાના બૉલમાં ઓપનર લાહિરુ ઉડારા (એક રન)નો અફલાતૂન કૅચ ઝીલ્યો હતો.■

## બુમરાહે સિંહાસન ગુમાવ્યું, મિચલ સ્ટાર્ક પહેલી વખત બન્યો વર્લ્ડ નંબર-વન





દુબઈઃ અહીં હેડ-ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ જાહેર કરેલા ટેસ્ટના નવા વ્યક્તિગત ક્રમાંકો મુજબ બોલર્સમાં જસપ્રીત બુમરાહે ઘણા વખતે સર્વોચ્ચ સ્થાન ગુમાવ્યું છે અને તેની જગ્યા ઑસ્ટ્રેલિયાના મિચલ સ્ટાર્કે લીધું છે. ૩૬ વર્ષનો સ્ટાર્ક ૧૫ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં પહેલી જ વખત બોલર્સમાં નંબર-વન બન્યો છે.

સ્ટાર્કે તાજેતરમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટના બન્ને દાવ મળીને કુલ ૧૦ વિકેટ લીધી હતી અને એ પર્ફોર્મન્સ તેને ફળ્યો છે. બુમરાહ પહેલી વખત ફેબ્રુઆરી, ૨૦૨૪માં ટેસ્ટનો નંબર-વન બોલર બન્યો હતો. બે અઢી વર્ષમાં તે મોટા ભાગે નંબર-વન પર રહ્યો હતો. તે અનફિટ હોવાને કારણે શ્રીલંકાના પ્રવાસે નથી જઈ શક્યો જેને કારણે તેણે મોખરાની રૅન્ક ગુમાવવી પડી છે.

સ્ટાર્ક ત્રીજા નંબર પરથી સીધો નંબર-વન થઈ ગયો છે. તે મોટા ભાગે ટૉપ-ટેનમાં રહ્યો હતો અને ગયા વર્ષે ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ બાદ નંબર-થ્રી બન્યો હતો.

સ્ટાર્ક ૮૭૨ પૉઇન્ટ સાથે પ્રથમ સ્થાને અને બુમરાહ ૮૬૨ પૉઇન્ટ સાથે બીજા સ્થાને છે. ન્યૂ ઝીલૅન્ડનો મૅટ હેન્રી (૮૬૧) ત્રીજા ક્રમે છે. સ્ટાર્ક ૨૦૧૧માં ન્યૂ ઝીલૅન્ડ સામે રમીને ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે ૧૦૭ ટેસ્ટમાં ૪૪૫ વિકેટ લીધી છે. વન-ડે ફૉર્મેટમાં તેની ૨૪૭ વિકેટ અને ટી-૨૦માં ૭૯ વિકેટ છે. ■

## છોકરામાંથી છોકરી બની ગયેલી બાંગડની પુત્રી અનાયાની ક્રિકેટમાં કમબૅકની તૈયારી

### ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે પોતાની કમ્યૂનિટી ક્રિકેટમાં રમવાની છૂટ આપીઃ માર્ચમાં કદાચ બિગ બૅશ વિમેનમાં રમી શકશે






મુંબઈ/સિડનીઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને બૅટિંગ-કોચ સંજય બાંગડની પુત્રી અનાયા બાંગડને ઑસ્ટ્રેલિયામાં મહિલાઓ માટેની કમ્પ્યૂનિટી ક્રિકેટમાં રમવાની છૂટ મળી છે. ૨૩ વર્ષની અનાયા જે અગાઉ પુરુષ હતી અને તેનું નામ આર્યન હતું, તે ૨૦૨૨માં થાઇલૅન્ડમાં હોર્મોન રિપ્લેસમેન્ટ સર્જરી કરાવીને અને ૨૦૨૬માં જેન્ડર-અફર્મિંગ સર્જરી કરાવીને પુરુષમાંથી સ્ત્રી બની હતી અને હવે તે ટ્રાન્સજેન્ડર વુમન તરીકે ક્રિકેટ રમવાની શરૂઆત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. હાલમાં તે ઇંગ્લૅન્ડમાં રહે છે.

ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડે અનાયા બાંગડને દેશભરમાં ક્યાંય પણ કમ્યૂનિટી ક્રિકેટ રમવાની પરવાનગી આપી છે. તેને ભારતમાં ટ્રાન્સજેન્ડર વિમેન વર્ગમાં ક્રિકેટ રમવા વિશે કોઈ પ્રતિસાદ ન મળતાં તેણે જૂનમાં ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડનો સંપર્ક કર્યો હતો જેણે પોતાના નિયમો અનુસાર તેને પ્રીમિયર ક્રિકેટમાં રમવાની છૂટ આપી છે.

અનાયા ઑસ્ટ્રેલિયામાં માર્ચ, ૨૦૨૭થી એલિટ ક્રિકેટમાં પણ રમી શકશે અને એ સ્તરની ક્રિકેટમાં બિગ બૅશ વિમેન સહિતની મોટી સ્પર્ધાઓ રમાતી હોય છે. જોકે માર્ચ, ૨૦૨૭માં તે ઑસ્ટ્રેલિયા પહોંચશે ત્યારે તેની જે બ્લડ ટેસ્ટ લેવામાં આવશે એમાં સીરમ ટેસ્ટોસ્ટેરોન ૧૦ એનએમઓએલ/એલથી ઓછું હશે તેમ જ તેણે અન્ય શરતોનું પાલન કર્યું હશે તો તેને બિગ બૅશ સહિતની ટૂર્નામેન્ટોમાં રમવા મળશે.

અનાયા ભૂતકાળમાં છોકરા તરીકે (આર્યન તરીકે) મુંબઈમાં વર્તમાન ક્રિકેટરો સરફરાઝ ખાન અને તેના ભાઈ મુશીર ખાન સાથે અન્ડર-૧૯ ક્રિકેટ રમી હતી. તે ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના નિર્ણયથી ખૂબ ખુશ છે. તેણે કહ્યું, ‘એક સમયે મને ડર લાગ્યો હતો કે હું ક્રિકેટ ફરી કદાચ ક્યારેય નહીં રમી શકું. ■

## હજીયે ફેડરર ફુલ્લી ફિટઃ રૉડિક સામે સિંગલ્સમાં, મૅકેન્રો સાથે ડબલ્સમાં જીત્યો



ન્યૂ યૉર્કઃ મહાન ટેનિસ ખેલાડી ૪૫ વર્ષીય રોજર ફેડરર નિવૃત્તિ બાદ (ભારતીય સમય અનુસાર બુધવારે વહેલી સવારે) પહેલી વખત રમ્યો હતો જેમાં તેણે બન્ને મુકાબલા જીતી લીધા હતા.

ન્યૂ યૉર્કના આર્થર ઍશ સ્ટેડિયમમાં યુએસ ઓપનના અવસરે એક સેટવાળા પ્રદર્શનીય મુકાબલાઓમાં પહેલાં તેણે અમેરિકાના કટ્ટર હરીફ ઍન્ડી રૉડિકને ૬-૩થી હરાવ્યો હતો. બન્ને વચ્ચેની આ મૅચ જોવા મહિનાઓ પહેલાંથી ટેનિસપ્રેમીઓએ ટિકિટ બુક કરાવી લીધી હતી અને જૅમ પૅક્ડ સ્ટેડિયમમાંથી લોકોએ પોતાના મનપસંદ ખેલાડીને સતતપણે ચિયર-અપ કર્યા હતા. ફેડરરે ડબલ્સમાં જૉન મૅકેન્રો સાથેની જોડીમાં (ઉપર) રૉડિક અને આન્દ્રે ઍગાસીની જોડીને ૭-૫થી પરાજિત કરી હતી. આ મૅચોમાં તમામ ખેલાડીઓ ગેમ એન્જૉય કરતા કરતા રમ્યા હતા અને એકમેકના શૉટ્સને બિરદાવ્યા હતા તેમ જ ખેલાડીઓ વચ્ચે મજાકમસ્તી પણ થઈ હતી. ૨૦ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલો ફેડરર ૨૦૨૨માં નિવૃત્ત થયો હતો. જગવિખ્યાત ખેલાડીઓ ફ્રેન્ડલી મૅચો રમવા આવ્યા ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને તેમનું સન્માન કર્યું હતું. ફેડરર છેલ્લે આ સ્ટેડિયમમાં ૨૦૧૯ની યુએસ ઓપનમાં રમ્યો હતો. ■

# ‘ભારત પીઓકેના સ્કર્દુ ઍરબેઝ પર ત્રાટકવાનું હતું’

## ‘ઑપરેશન સિંદૂર’ હજી ચાલુ હોવાનો ભૂતપૂર્વ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફનો દાવો

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે દાવો કર્યો હતો ‘ઑપરેશન સિંદૂર’ હજી ચાલુ છે અને ભારતીય લશ્કર ઑપરેશન સિંદૂર વખતે સરગોધા ઍરબેઝ પર હુમલો કર્યા બાદ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માંના ગિલગિટ-બાલ્ટિસ્તાનના સ્કર્દુ ઍરબઝ પર ત્રાટકવાનું હતું, પરંતુ ત્યાંના ‘ખરાબ હવામાન’ને લીધે યોજના બદલી હતી.

‘ઑપરેશન સિંદૂર’ વખતના લશ્કરના વડા ચૌહાણે પાકિસ્તાન સામેની લશ્કરી કાર્યવાહી અંગે વિવેકાનંદ ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન ખાતે બોલતા જણાવ્યું હતું કે ઍર ચીફે મને ફોન કરીને સરગોધા પર હુમલો કરવા પરવાનગી માગી હતી ત્યારે મેં તેમને હુમલા કરી શકાય એવા વધુ બે લક્ષ્ય નક્કી કરવાની સૂચના આપી હતી અને તેમણે સ્કર્દુ પર હુમલો કરવાનું નક્કી કર્યું હતું. અમે મંજૂરી આપી હતી, પરંતુ થોડા સમય પછી ત્યાંનું હવામાન બગડ્યું હતું અને તેથી તેઓએ ભોલારી પર હુમલો કરવાનું નક્કી કર્યું હતું.

ભૂતપૂર્વ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે સ્પષ્ટતા કરી હતી કે ભારતીય લશ્કરી દળોએ પાકિસ્તાનની ન્યુક્લિયર ફેસિલિટી જ્યાં હોવાનું કહેવાય છે, તે કિરાના હિલ્સને લક્ષ્ય નહોતી બનાવી.

હવાઇ દળના ‘ઑપરેશન સિંદૂર’ વખતના ડિરેક્ટર જનરલ ઑફ ઍર ઑપરેશન્સ ઍર માર્શલ એ. કે. ભારતીએ ગયા વર્ષની ૧૨ માર્ચે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આપણે કિરાના હિલ્સ પર હુમલો નથી કર્યો.

અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતીય દળોએ સરગોધા પર હુમલા કરતાં પહેલાં ત્યાં અનેક લોઇટરિંગ મ્યુનિશન્સ (આત્મઘાતી ડ્રોન્સ) મોકલ્યા હતા. કિરાના હિલ્સ સરગોધાથી અંદાજે ૧૦ કિલોમીટર દૂર આવેલી છે. આપણા ડ્રોન્સ આ વિસ્તારમાંના રડાર શોધતા હતા. લોઇટરિંગ મ્યુનિશન્સ બે કલાક સુધી આકાશમાં ઊડે છે અને તેને લક્ષ્ય ન મળે, તો અન્ય કોઇ જગ્યાએ પડે છે. તેમાંનું કોઇ ડ્રોન ત્યાં પડ્યું હશે અને તેથી પાકિસ્તાનના પ્રસારમાધ્યમોએ કિરાના હિલ્સમાંથી ધુમાડો નીકળતો હોવાની અમુક તસવીરો બતાવી હતી.

ભારતે ૨૦૨૫માં ઑપરેશન સિંદૂર વખતે પાકિસ્તાન અને પીઓકેમાંના ત્રાસવાદીઓના નવ મુખ્ય મથક પર હુમલા કર્યા હતા. આ કાર્યવાહીમાં ૧૦૦થી વધારે ત્રાસવાદી માર્યા ગયા હતા. ભારતે પાકિસ્તાનના સરગોધા ઍરબેઝ પર પણ હુમલો કર્યો હતો. (એજન્સી) ■

# બનાવટી જજ બનવાના આરોપમાં ઠગ સુકેશ ચંદ્રશેખર દોષી

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે ઠગ સુકેશ ચંદ્રશેખરને ૨૦૧૭ના ભ્રષ્ટાચાર કેસમાં ખાસ જજને જામીન આપવા પ્રભાવિત કરવા સુપ્રીમ કોર્ટના વર્તમાન જજનો સ્વાંગ ધારણ કરવાના આરોપમાં દોષી જાહેર કર્યો છે. દિલ્હીની અદાલતે આ કૃત્યને અદાલતી પ્રક્રિયાની સ્વતંત્રતા અને પવિત્રતાનું સીધું અપમાન સરખું ગણાવ્યું હતું. અદાલતે ૨૦ ઑગસ્ટના હુકમમાં કહ્યું હતું કે હાલના કેસને ભાવી પેઢી એ સંભારણા તરીકે યાદ રાખશે કે કાયદાની સત્તા કોઈ વ્યક્તિ પછીને એ ટેલિફોનમાં ગમે એટલો રૂબાબથી વાત કરે એમાં નથી. કાયદાની સત્તા તો અદાલતી પ્રક્રિયાની પ્રામાણિકતામાં રહેલી છે. (એજન્સી) ■

# ત્રણ પેઢીઓની સિનેમેટિક વારસાગાથા

મુંબઈ: કેશોદના દીપક સિનેમાથી શરૂ થયેલી સફર આજે મલ્ટિપ્લેક્સ, ફિલ્મ નિર્માણ અને વિતરણના વિશાળ સામ્રાજ્ય સુધી પહોંચી છે. પટેલ પરિવારની ત્રણ પેઢીઓએ સિનેમા પ્રત્યેનો પ્રેમ જીવંત રાખ્યો છે અને દરેક યુગ સાથે તેને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યો છે. હરેશ ગોવિંદભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલના પુત્ર, એવા પરિવારના વારસદાર છે જેઓનો સિનેમા સાથેનો સંબંધ દાયકાઓ જૂનો છે.



ગોવિંદભાઈએ જી.એન. ફિલ્મ્સ (કેશોદ)ના બેનર હેઠળ અનેક ગુજરાતી ફિલ્મોનું નિર્માણ કર્યું. આ વારસાને આગળ વધારવાનું કાર્ય બીજી પેઢીના હરેશ પટેલે કર્યું.

હવે ત્રીજી પેઢી પણ આ ગૌરવશાળી સફરમાં સક્રિય બની છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ હરેશભાઇના પુત્ર રૂચિત પટેલ સ્વતંત્ર ફિલ્મ નિર્માતા તરીકે આગળ વધી રહ્યા છે.

આ જ સફરની નવી કડી છે તેમની નવી ગુજરાતી ફિલ્મ ‘ટોમ એન્ડ ચેરી’, જેના દિગ્દર્શક તારક મહેતાના ઉલ્ટા ચશ્મા તથા અનેક ગુજરાતી નાટકો અને ફિલ્મોના લોકપ્રિય દિગ્દર્શક ધર્મેશ એસ. મહેતા છે, ‘ગુજ્જુભાઈ’ તરીકે જાણીતા ગુજરાતી રંગભૂમિ અને સિનેમાના અગ્રણી કલાકાર સિદ્ધાર્થ રાંદેરિયા મુખ્ય ભૂમિકામાં છે.

આ રક્ષાબંધન (શુક્રવાર / ઓગસ્ટ ૨૮, ૨૦૨૬)ના પાવન અવસરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થનારી ગુજરાતી ફિલ્મ ‘ટોમ એન્ડ ચેરી’ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ પટેલ પરિવારની ત્રણ પેઢીઓની સિનેમાપ્રેમી યાત્રાનો વધુ એક ગૌરવપૂર્ણ પડાવ છે. સાથે જ આ ફિલ્મ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં ઝી સ્ટુડિયોઝના ભવ્ય પ્રવેશનું પણ પ્રતીક બની રહી છે. ■

# અંતે સ્પીકર જાગ્યાઃ ટીએમસીના વીસ બળવાખોર સાંસદોને નૉટિસ મોકલાવી

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ પક્ષાંતરવિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠરાવવાની પિટિશનનો જવાબ માગતી નોટિસ તૃણમૂલ કૉંગ્રેસના વીસ બળવાખોર સંસદસભ્યોને મોકલાવી છે. પક્ષના નેતા અભિષેક બેનરજીએ બળવાખોર સભ્યને ગેરલાયક ઠરાવાની બાબત ઝડપથી હાથ ધરવાની અરજી કરી હતી.

લોકસભાના સચિવાલયે પચીસ ઑગસ્ટે બહાર પાડેલી નોટિસમાં અભિષેકે કરેલી અરજી જોડવામાં આવી છે અને એમાં લોકસભાના સભ્યો (પક્ષાંતરના આધારે ગેરલયાક )ના નિયમ, ૧૯૮૫ પર ટિપ્પણી માગી હતી.

લોકસભાના સચિવાલયે મોકલેલી નોટિસમાં લખવામાં આવ્યું છે કે તમે આ જ નિયમની ૭(૩) શરતના આધારે પિટિશનનો તમને નોટિસ મળે એના સાત દિવસની અંદર લોકસભાના સ્પીકરને જવાબ આપો.

તૃણમૂલના નેતાઓએ દાવો કર્યો હતો કે સ્પીકરે અદાલતની દરમિયાનગીરી બાદ જ નોટિસ આપી હતી. રાજ્યસભાનાં સંસદસભ્ય સગરિકા ઘોષે આ હિલચાલને ‘સફળતા’ ગણાવી હતી. જોકે તેમણે કહ્યું હતું કે નોટિસ તો હજી પહેલું પગથિયું છે.

ઘોષે એક્સ પર લખ્યું હતું કે વીસ દગાબાજોએ બંધારણના કરેલા ભંગ બદલ તેમને ગેરલાયક ઠરાવાનું જરૂરી છે. આ કોઈ એક પક્ષની બાબત નથી, પરંતુ બંધારણના રક્ષણની વાત છે.

તૃણમૂલ કૉંગ્રેસનાં સંસદસભ્ય મહુઆ મોઈત્રાએ સ્પીકરની ઑફિસ પર આ બાબતમાં વિલંબ કરવાનો આક્ષેપ કર્યો હતો. લોકસભાના સ્પીકરે બળવાખોરોને અમારા ભોગે બહેતર બેઠકો આપવા સિવાય કશું કર્યું નથી. નોટિસની તારીખી પચીસ ઑગસ્ટ છે જે સુનાવણીની તારીખ છે. ■

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

મ્યુનિસિપલ કોર્પોરેશનની સર્વસાધારણ માસિક સભા, **સોમવાર, તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યે,** મહાનગરપાલિકાના મુખ્ય કાર્યાલય ખાતે નીચેની બાબતો હાથ ધરવા માટે યોજાશેઃ-

૧-૬. (૧) ઉપનગરીય રેલવે પેસેન્જર સલાહકાર સમિતિ, મધ્ય રેલવે, મુંબઈમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એક પ્રતિનિધિનું, (૨) છત્રપતિ શિવાજી મહારાજ મ્યુઝિયમના ટ્રસ્ટી મંડળમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે પ્રતિનિધિઓનું (૩) ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી, મુંબઈની નિયમનકારી પરિષદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના બે સભ્યોનું (૪) ઉપનગરીય રેલવે પેસેન્જર સલાહકાર સમિતિ, પશ્ચિમ રેલવે, મુંબઈમાં મ્યુનિસિપલ કોર્પોરેશનનો એક પ્રતિનિધિનું (૫) પાટક પૉલિટેકનિક ટ્રસ્ટના મેનેજમેન્ટ મંડળમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એક પ્રતિનિધિનું અને (૬) મહિલા અને બાળ કલ્યાણ સમિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એક સભ્યનું નામનિર્દેશન કરવું.

૭. પ્રશ્નોત્તરી

૮. ઠરાવોના સૂચનો પર વિચાર કરવા માટે સભાની તારીખ નક્કી કરવા.

### સ્થાયી સમિતિના ઠરાવઃ-

૯. મ્યુનિસિપલ કોર્પોરેશનના તળાવોમાંના પાણીના સંગ્રહની ઈત્યાદિ બાબતની વિગતો દર્શાવતું નિવેદન.

૧૦. મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓના માસિક પગારના અધિદાનના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માંના વાર્ષિક બેલેન્સ શીટનું કાર્ય માટે ભંડોળનું ટ્રાન્સફર કરવું.

૧૧. મીઠી પૅકેજ ૪ હેઠળ, ચોમાસા સિવાયની ઋતુ દરમિયાન બાપટ નાળા અને સફેદ પૂલ નાળામાં વહેતા ગટરના પ્રવાહને ધારાવી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટનલ દ્વારા વાળવો.

૧૨. નિઃક્ષારીત પાણીના વહન માટે મનોરી ખાતેના પ્રસ્તાવિત પાણી જલ ઉદંચન કેન્દ્રથી ચારકોપ અને આગળ મહાવીર નગર (કાંદિવલી) સુધી પ્રસ્તાવિત ટનલનું સંકલ્પન અને બાંધકામ કરવું.

૧૩. ‘એચ/પૂર્વ’, ‘કે/પૂર્વ’, ‘કે/પશ્ચિમ’, ‘પી/દક્ષિણ’ અને ‘પી/ઉત્તર’ વિભાગોમાંના વિવિધ સ્થળોએ પાણી પુરવઠો સુધારવા માટે વિવિધ વ્યાસની પાણીની પાઈપલાઈનો પૂરી પાડવી, નાખવી અને બદલવી, વગેરે

૧૪. ‘ઈ’ વોર્ડમાં નારીયલવાડી વિસ્તારમાં રામભાઉ ભોગલે માર્ગ પર પ્રસ્તાવિત ઓનલાઈન બૂસ્ટર પમ્પિંગ કેન્દ્ર માટે પમ્પિંગ સંચ અને જરૂરી સાધનોનો પુરવઠો, સ્થાપન, કમિશનિંગ અને કમિશનિંગ વગેરે.

૧૫. આસિસ્ટન્ટ એન્જિનિયર, નગરબાહ્ય વિભાગ (પ્ર. જ. વા.) આ વિભાગ હેઠળના વિહાર જળ શુદ્ધિકરણ કેન્દ્ર, આરે રોડ, પવઈ ખાતે વીજળી પૂરવઠાના ખંડિત થવાના કિસ્સામાં વૈકલ્પિક વીજ પુરવઠો સ્ત્રોત ઉપલબ્ધ કરીને પૂરો પાડવો વગેરે.

૧૬. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ (દિવાળી ૨૦૨૫) માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓને એક્સ-ગ્રેશિયા ગ્રાન્ટની મંજૂરી.

૧૭-૧૮. મ્યુનિસિપલ કોર્પોરેશનના તળાવોમાં પાણીના સંગ્રહની વિગતો દર્શાવતું નિવેદન, વગેરે.

૧૯. મુખ્ય એકાઉન્ટન્ટ (નાણાં)/(પા.પુ.મ.નિ.) વિભાગની સ્થાપના પર ‘ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ’ ના પદ માટે સુધારેલી લાયકાત નક્કી કરવી.

૨૦. સહાયક અભિયંતા (જાળવણી) જળ કામો પૂર્વીય ઉપનગરના અધિકારક્ષેત્ર હેઠળના છ પમ્પિંગ સ્ટેશનોના પમ્પિંગ સેટ અને સંકળાયેલ સાધનોનું સંચાલન અને વિનાવ્યાપક જાળવણી કરવી.

૨૧. મ્યુનિસિપલ કોર્પોરેશનના તળાવોમાંના પાણીના સંગ્રહ ઈત્યાદિ બાબતોનું વિગતો દર્શાવતું નિવેદન.

### સુધારણા સમિતિના ઠરાવઃ-

૨૨. ‘એફ/ઉત્તર’ વિભાગમાંના રફી અહમદ કિડવાઈ માર્ગ વડાલા ખાતે દાદર નાયગાંવ વિભાગના અમુક શહેર સર્વેક્ષણ ક્રમાંક ધારણ કરનારા ભૂભાગ પરના આઝાદનગર, કમલાનગર, તરીકે ઓળખાતા, અનુક્રમે મહાનગરપાલિકાના ભાડૂતોના અને ઝુંપડપટ્ટી વ્યાપ્ત મહાનગરપાલિકાના માલિકીના ભૂખંડ પરની માલમત્તાના એકત્રિકરણ કરીને પુનર્વિકાસ કરવા.

૨૩. ‘ટી’ વિભાગમાં મૌજે મુલુંડ (પૂર્વ) ખાતે અમુક જમીન પ્લોટ પરના ઘનકચરા વ્યવસ્થાપન સુવિધા (RMS ૩.૧); આ આરક્ષણ રદ કરીને, જનાવરની/પશુની હોસ્પિટલ (RH૩:૪) અને પશુ આશ્રયસ્થાન (RSA ૮.૧) તરીકે આરક્ષણ દર્શાવવી.

૨૪. ‘કે/પશ્ચિમ’ વિભાગમાંના મૌજે આંબિવલી ખાતે અમુક જમીનના પ્લોટ પર મંજૂર અભિન્યાસાનીલ લેઆઉટ રસ્તા પર દર્શાવેલ અમુક વિસ્તારના અને અમુક પહોળાઈના વિકાસ આયોજન રસ્તાને છોડીને સદર ક્ષેત્ર મંજૂર અભિન્યાસાનુસાર લેઆઉટ રસ્તા તરીકે દર્શાવવા.

૨૫. અંધેરી (પૂર્વ), મરોલના મરોલ ગામમાં અમુક સર્વે નંબર ધરાવતી હોસ્પિટલ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન અને તેના પર અન્ય આનુષંગિક ઇમારતોના નિર્દિષ્ટ વિસ્તાર સાથેની હોસ્પિટલ ઇમારત, સેવન હિલ્સ હોસ્પિટલ્સ પ્રાઇવેટ લિમિટેડને હૉસ્પિટલ ચલાવવા કરારથી આપવા બાબત.

૨૬. ‘કે/ પશ્ચિમ’ વિભાગમાંના મૌજે વિલેપાર્લા ખાતે ન. ભૂ. ક્ર. ૫૫૧ ધારણ કરનારા આ ભૂખંડ પરના ૫% સાર્વજનિક અમુક ક્ષેત્રફળની ખુલ્લી જગ્યા પરની સુવિધા આ આરક્ષણ છોડીને સદર ભૂખંડ પર 'RH1.1(Municipal Dispensary/ Health Post) for Dialysis Center' આ આરક્ષણ સમાવિષ્ટ કરવા આવે એ રીતે, વિકાસ નકશા (આરાખડા); ૨૦૩૪માં ફેરબદલ કરવા.

૨૭. મહાનગરપાલિકાના ભાડૂતો માલમતાના પુનર્વિકાસમાં વેચાણ ઘટકોના ફંજીબલ ભરપાઈ બાંધીવ ક્ષેત્ર માટે, અતિરિક્ત બાંધીવ (બીલ્ટપ) ક્ષેત્રફળની ઉપયોજના માટે અને યોજનાના એકત્રિકરણમાં સ્થાનાંતર કરાવવાના બાંધીવ ક્ષેત્ર પર એક વખતનો અધિમૂલ્યની આકારણી કરવા.

૨૮. નગર રચના યોજના ક્ર. II, બોરીવલીમાંના અંતિમ ભૂખંડ, ક્ર. ૮૦અ ધારણ કરવાના ભૂખંડની માલિકી અમુક સંસ્થાના નામ દર્શાવવા, સુધારણા કરવા ઈત્યાદિ.

૨૯. ‘આર/ઉત્તર’ વિભાગમાંના મૌજે એક્સર ખાતે અમુક નં. ભૂ. ક્રમાંક ધારણ કરનારી ૪૫ મી. પહોળાઈ વિકાસ નિયોજન રસ્તા અને અસ્તિત્વમાંની લિંક રોડના પ્રસ્તાવિત જંકશન/ જોડાણથી પ્રભાવિત જમીનનું સંપાદન કરવું, ઈત્યાદિ.

૩૦. ‘એફ/ઉત્તર’ વિભાગમાંના સાયન માટુંગા (પૂર્વ) માલમત્તા યોજના ક્ર. ૬માંના અમુક ભૂભાગના એકત્રિકરણ કરવા, ઈત્યાદિ.

૩૧. ‘કે/પશ્ચિમ’ વિભાગમાંના મૌજે આંબિવલી ખાતે અમુક ન. ભૂ. ક્ર. ધારણ કરવાના ભૂખંડ પર સ્થિત શ્રીમદભારત મંડળી આ લક્ષ્મીનારાયણ મંદિરના ભૂખંડ પરના ROS (1.5) (બગીચા અને ઉદ્યાન) આ આરક્ષણ રદ કરીને, આરક્ષણમાંથી મુક્ત કરાયેલા સદર ક્ષેત્ર ‘નિવાસ ક્ષેત્રમાં’ સમાવેશ કરવા.

૩૨. ’જી/સાઉથ’ વિભાગમાં લોઅર પરેલ ડિવિઝનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની અમુક નં. ભૂ. નંબર ધરાવતી જમીનનો પ્લોટ શ્રી પેડર રિયલ્ટી લિમિટેડને ઈજારા ધોરણે આપવો.

૩૩. ‘એફ/ઉત્તર’ માં સોલ્ટ પાન વિભાગમાંની અમુક ન. ભૂ. ક્ર. ધારણ કરનારી મહાનગરપાલિકાની માલિકીના અને પાણી ઇજનેરી વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ સદર ભૂ ભાગ પરની હાલની ચાર મુખ્ય પાણીની જલવાહિનીઓ ટ્રાન્સફર કરીને અને બાકીની ખાલી જમીન વગેરે પર વિકાસકને ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના લાગુ કરવા માટે ના હરકત આપવા ઈત્યાદિ.

૩૪. ‘જી/દક્ષિણ’ વિભાગમાં લોઅર પરેલ ખાતે અમુક ભૂકર ક્રમાંક ધારણ કરનારી ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાંના જમીનના પ્લોટનું એકીકરણ અને પુનઃવિકાસ કરવો.

૩૫. કાસ્ટિંગ યાર્ડ, પ્રીકાસ્ટ ઘટક નિર્મિતી અને રેડી મિક્સ કોંક્રિટ પ્લાન્ટ સ્થાપવા માટે ધરાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ્સના હેતુ માટે મુલુંડ ખાતે અમુક ભૂકર નંબર ધરાવતી જમીનના અમુક વિસ્તારને ભાડે આપવો.

૩૬. મુલુંડ (પૂર્વ) ખાતે અમુક ભૂકર નંબર ધરાવતા અમુક વિસ્તારના જમીનના પ્લોટ પર ROS ૨.૫ (સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ / સ્ટેડિયમ) નું અનામત રદ કરીને અને RPU ૨.૧ (પેટ્રોલ પંપ) નું આરક્ષણ પ્રસ્તાવિત કરવું, એ રીતે ફેરબદલ કરવા.

### શિક્ષણ સમિતિના ઠરાવઃ-

૩૭. શિક્ષણ વિભાગની આસ્થાપના પરના ‘શિક્ષણ અધિકારી’ આ હોદ્દો આગળ ચાલુ રાખવા બાબત.

### ‘બેસ્ટ’ સમિતિના ઠરાવઃ-

૩૮. ‘બેસ્ટ’ ઉપક્રમના નિવૃત્ત કર્મચારીઓને તેમની અંતિમ ચુકવણી અને ઉપદાનની ૧૦૦% પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રાહત દરે બસ પાસ સુવિધા પૂરી પાડવા.

### ખાસ સમિતિઓના ઠરાવોઃ-

૩૯. મુંબઈ કિનારા રસ્તા પ્રકલ્પ (દક્ષિણ અંતર્ગત) પ્રિન્સેસ સ્ટ્રીટ ઉડ્ડાણ પૂલ પાસેથી બાન્દ્રા-વરલી સાગરી સેતુના વરલી ભાગ તરફ ટોકા પર્યંત સુધી કામમાંના ભાગ-૪ના હેઠળ મરીન ડ્રાઈવ, NS રોડ ખાતે At-Grade રોડના કામ કરવા.

૪૦-૪૧. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના;

(૪૦) અમુક વિભાગ કાર્યાલયોની આસ્થાપના પર, નિયુક્ત અધિકારીઓ તરીકે નિમણૂક માટે એક્ઝિક્યૂટીવ એન્જિનિયર (સ્થાપત્ય) આ સંવર્ગાતીલપદો આગળ ચાલુ રાખવા, અને (૪૧) વિવિધ સ્થળો માટે ઈલેક્ટ્રિક કાર્યો સહિત અગ્નિ સુરક્ષા પ્રણાલીનું કાર્ય હાથ ધરવું.

૪૨. વરલી એન્જિનિયરિંગ કોમ્પ્લેકસ ખાતે મુખ્ય અભિયંતા (મલનિઃસારણ)ના કાર્યાલયના સભાગૃહમાં સુધારો કરવો.

૪૩. રે રોડ પર રેલવે લાઈન પરના પુલનો (આરઓબી)ને દૂર કરવા અને ફરીથી બનાવવા.

૪૪-૪૫. (૪૪) ‘જી/ઉત્તર’ વિભાગમાં માહિમ, દાદર ખાતે સ્વાતંત્ર્યવીર સાવરકર માર્કેટનું માળખાકીય, અને (૪૫) ‘ઈ’ વિભાગમાં બા.ય.લ. નાયર હોસ્પિટલ ખાતે નર્સિંગ સર્વિસ રેસિડન્સ બિલ્ડીંગનું સમારકામ કરવું.

૪૬. ‘ઈ’ વિભાગ ખાતે રે રોડમાં બ્રિટાનિયા પર્જન્ય પમ્પિંગ કેન્દ્ર ખાતે મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, મિકેનિકલ કાર્યોનો પુરવઠો, બાંધકામ, પરીક્ષણ, ઈત્યાદી.

૪૭. દાદર (પશ્ચિમ) ખાતે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (પાવર અને જાળવણી) પર્જન્ય વોટર મેઈન્સ વિભાગની કાર્યાલયમાં નવ એર- કન્ડીશનીંગ સિસ્ટમનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કાર્યરત કરવાની કામગીરી.

૪૮. ‘એફ/ ઉત્તર’ વિભાગ ખાતે સંત રોહિદાસ માર્ગ પર સાયન (શીવ) રેલવે પુલ પર ૨૭.૪૫ મી. (૯૦’-૦૦’’) પહોળો નિયમીત રસ્તા માટે ૩૯.૪૫ મી. પહોળાઈ નિયમિત રોડ લાઈન નિર્ધારિત કરવી.

૪૯. લોટસ જેટટીથી સમુદ્ર મહેલ બિલ્ડીંગ, વરલી સુધીના પ્રસ્તાવિત વિહારપથ/ રસ્તાનું બાંધકામ.

૫૦-૫૨. ‘જી/ દક્ષિણ’ વિભાગ ખાતે; (૫૦) સિતારામ મિલ કમ્પાઉન્ડ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બિલ્ડીંગનું સમારકામ અને અપગ્રેડેશન કરવું; (૫૧) લોઅર પરેલ ખાતે વિદ્યમાન ના.મ. જોશી માર્ગ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બિલ્ડીંગનું સમારકામ અને અપગ્રેડેશન કરવું, ઈત્યાદી, અને (૫૨) ૧૩૦ કૅચમેન્ટમાં અમુક સ્થળોએ ચોમાસા દરમિયાન ઉદ્ભવતું પૂર પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે ૮ ઉદંચન સંચ ભાડા પર લેવું, ઈત્યાદી.

૫૩-૫૬. (૫૩-૫૪) ‘એ’, ‘બી’, ‘ડી’, અને ‘ઈ’ વિભાગ ખાતે ૯ મીટર કરતા; (૫૩) વધુ; અને (૫૪) ઓછું; (૫૫-૫૬)’ એફ/ દક્ષિણ; ‘એફ/ ઉત્તર’, ‘જી/દક્ષિણ’ અને ‘જી/ ઉત્તર’ વિભાગ ખાતે ૯ મીટર કરતાં; (૫૫) વધુ; અને (૫૬) ઓછું; પહોળાના વિવિધ રસ્તાઓના ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને ચોમાસા પછી માસ્ટિક અસ્ફાલ્ટનો ઉપયોગ કરીને ખાડા/ બૅડ પૅચેસ ભરવું.

૫૭. બૃહન્મુંબઈના વિવિધ આંતરિક અને બાહ્ય ઉપયોગિતા સેવા સંસ્થા દ્વારા બે વર્ષના સમયગાળા માટે ઝોન ૧ થી ૭ માટે પરિમંડળ નિહાય ચરાંના પુનઃ ભરવાનું કામ કરવું.

૫૮. ‘સી’ વિભાગ ખાતે ઠાકુરદ્વાર ખાતે સૂર્યકાંત વગળ પ્રસૂતિ ગૃહનું સમારકામ.

૫૯/૬૨ (૫૯) ‘કુર્લા/ પશ્ચિમ’ વિભાગ ખાતે વોર્ડ નં. ૧૬૬માં સંત શિરોમણી શ્રી રોહિદાસ માર્ગ અને સિતારામ ભેરુ માર્ગ (ટી- જંકશન) ખાતે તૈયાર થતા ‘મૉ શીલા ચૌક’; (૬૦) ‘એન’ વિભાગ ઘાટકોપર (પશ્ચિમ), વોર્ડ નં. ૧૩૦માં પરમકેશવ બાગમાં નવરોજી લેન અને પરમાનંદ લેન ખાતે તૈયાર થતાં ‘ટી’ આકારનું ચૌકાસ, ‘ડૉ. રસિકભાઈ ગાંધી ચૌક’,

(૬૧-૬૨) દહિસર (પૂર્વ) વિભાગ ખાતે; (૬૧) વોર્ડ નં. ૩માં ડૉ. બાબા સાહેબ આંબેડકર માર્ગાસ, વી. વી.પેડણેકર માર્ગ જ્યાં છેદે છે ત્યાં ડાયમંડ ઈન્ડસ્ટ્રી પાછળ રિહેન બિલ્ડીંગ પાસે અંગ્રેજી ‘ટી’ આકારનું ચૌકાસ, ‘રાજેન્દ્ર પ્રસાદ ચૌબે ચોક’; અને (૬૨) વોર્ડ નં. ૬માં શૈલેન્દ્રનગર, ઓવરીપાડા ખાતે શ્રી કો. ઓપ. હૌસ. સોસાયટી પાસે વૃંદાવન માર્ગને જોતા પશ્ચિમ એકસપ્રેસ માર્ગ અને સ્થાનિક નામથી ઓળખાતા ઓવરીપાડા માર્ગ જ્યાં છેદે છે ત્યાં તૈયાર થતો ચૌકાસ, ‘પ્રદિપ યશવંત દરેકર ચૌક’; આવું નામ આપવું.

૬૩-૬૪ (૬૩) ‘ આર/ઉત્તર’ વિભાગ ખાતે દહિસર (પૂર્વ) ખાતે ભરુચા માર્ગ; અને (૬૪) ‘કે/પૂર્વ’ વિભાગ ખાતે જોગેશ્વરી (પૂર્વ) ખાતે નટવરનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલના માળખાકીય સમારકામ અને અપગ્રેડેશન કામ.

૬૫. દહિસર (પૂર્વ) ખાતે વોર્ડ નં. ૩માં સ્વામી વિવેકાનંદ માર્ગ અને યશવંત તાવડે માર્ગ જ્યાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મેદાન પાસે છેદે છે ત્યાં તૈયાર થતા અંગ્રેજી ‘ટી’ આકારનું ચૌકાસ ‘મહર્ષિ વાલ્મિકી ઋષી ચૌક’ આ નામ આપવું.

૬૬. ‘ટી’ વિભાગ ખાતે મહારાણા પ્રતાપ ચોક, એલ. બી. એસ. રોડ ખાતે આકાશ માર્ગીના પ્રસ્તાવિત બાંધકામ કરવા માટે આવશ્યક થયેલા વૃક્ષ કાપવા, પનવેલ રેંજમાં મૌજે- વડઘર ખાતે અમુક ક્ષેત્ર પર વૃક્ષ પુનઃ રોપણ અને નવા વૃક્ષ રોપવા, ઈત્યાદિ.

૬૭. ‘એલ’ વિભાગ ખાતે હિલ રોડ ખાતે અમુક નગર ભૂમાપન તેના પર વિદ્યમાન ખજુરીભટ્ટી મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલના નિષ્કાસન અને પુનઃનિર્માણ કરવા.

૬૮. ‘એમ/પૂર્વ’ વિભાગ ખાતે ગોવંડી (પશ્ચિમ), દેવનાર ખાતે ઈન ડિફેન્સ ઓફ એનિમલ્સ ઈન્ડિયા (આય.ડી.એ.) ખાતે શ્વાન કેનેલનું બાંધકામ, સંરક્ષણ દિવાલ દુરસ્તી અને ઈત્યાદી વિવિધ દુરસ્તીનું કામ કરવા.

૬૯. ‘એલ’ વિભાગ ખાતે મૌજે ચાંદિવલી ખાતે લેક હોમ પ્રાઈવેટ માર્ગના સામે, ચાંદિવલી ફાર્મ માર્ગ પાસે રહેલા અમુક નગર ભૂમાપન વોર્ડ નંબર ધરાવવા ફાયર કેન્દ્રનું પ્રસ્તાવિત બાંધકામ કરવા.

૭૦. નાયર હોસ્પિટલ દંત મહાવિદ્યાલયના આસ્થાપના પર અમુક સહયોગી પ્રાધ્યાપકની ‘પ્રાધ્યાપક’ આ પદ પર, પદોન્નતીને નિમણૂક કરવા.

૭૧. બોરીવલી (પૂર્વ) માગા થાણે ગામ ખાતે માતા અને બાળક હોસ્પિટલના આસ્થાપના પર ‘પ્રમુખ વૈદ્યકીય અધિકારી’ આ એક હંગામી પદ આગળ ચાલુ રાખવા.

૭૨-૭૪. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વૈદ્યકીય મહાવિદ્યાલય ખાતે; (૭૨) વિવિધ; (૭૩) સર્વસાધારણ જનરલ સર્જરી અને (૭૪) વિવિધ; વિભાગ ખાતે ‘પ્રાધ્યાપક’ આ સંવર્ગાતના રિક્ત પદ પર, પદોન્નતીને, નિમણૂક કરવા.

૭૫. ક્ષયરોગ હોસ્પિટલ સમૂહ વિભાગ ખાતે, અમુક વૈદ્યકીય અધિકારી, તેમના મુંબઈ જિલ્લામાં એડ્સ નિયંત્રણ સંસ્થા ખાતે ‘સહ સંચાલક’ (બીએસડી) આ પદ પર પ્રતિનિયુક્તિનો સમયગાળો વધાવો, ઈત્યાદિ.

૭૬. પ્રમુખ અધિકારી (કટોકટી વ્યવસ્થાપન અને મધ્યવર્તી ફરિયાદ નોંધણી કેન્દ્ર)ની સ્થાપના પર ‘સહ પ્રમુખ અધિકારી (આ. વ્ય. વ. મ. ત.નો. કેન્દ્ર)’ આ એક કામચલાઉ પદ આગળ ચાલુ રાખવી.

૭૭. અમુક સહ પ્રમુખ કર્મચારી અધિકારીના ‘પ્રમુખ કર્મચારી અધિકારી’ના પદ પર, પદોન્નતીની નિમણૂક કરવા.

૭૯. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપ-આયુક્ત/સંચાલક (અ. સે અને પ્ર) તેમની પાસે અધિકારીની પ્રતિનિયુક્તી કરવા.

૮૦. સન ૨૦૨૫-૨૦૨૬ કરતા બૃહન્મુંબઈ પર્યાવરણ સ્થિતિદર્શક અહેવાલ.

૮૧. મ્યુનિસિપલ કોર્પોરેશન સચિવ કાર્યાલયમાં અમુક કર્મચારીઓને વિકલ્પ-૨ અનુસાર કરવામાં આવેલ વેતન નિશ્ચિત રદ કરીને, વિકલ્પ-૧ અનુસાર વેતન નિશ્વત કરવા, ઈત્યાદિ.

૮૨. મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્થાઈ સમિતિ, સુધાર સમિતિ, શિક્ષણ સમિતિ અને ‘બેસ્ટ’ સમિતિ આ સમિતિઓ અને તેમના ઉપ-સમિતિઓ અને પ્રભાગ સમિતિઓ, ઈત્યાદીની સભામાં મ્યુનિસિપલ કોર્પોરેશન અત્યારના ઉપસ્થિતિના તપશીલ સાદર કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન સચિવનું નિવેદન નિમંત્રણ.

૮૩-૮૪. વિશેષ સમિતિઓના સભાના વૃત્તાંત કાયમ કરવા.

### ઠરાવવાની સુચનાઃ-

૮૫. **શ્રી. વિજય ભગણે** તરફથી - વિવિધ ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાંથી ઝૂંપડપટ્ટી ધારકો માટે પ્રસ્તાવિત કરવામાં આવનાર બિલ્ડીંગમાં આવશ્યક તે પ્રમાણે ખુલ્લી જગ્યા ઉપલબ્ધ કરીને આપવા, ઈત્યાદિ બાબત.

૮૬. **ડૉ. (શ્રીમતી) સઈદા ખાન** તરફથી - મુંબઈ શહેરોમાં સર્વ સ્મશાનભૂમિના / દફનભૂમિનું નિયોજન, નિયંત્રણ, વ્યવસ્થાપન અને સંભાળ માટે જવાબદારી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યકારી આરોગ્ય અધિકારી આ વિભાગ પાસેથી કાઢીને તે મ્યુનિસિપલ કોર્પોરેશનના પર્યાવરણ આ વિભાગ પાસે સોંપવામાં આવેલ.

૮૭. **શ્રીમતી અશ્વિની ભ.** મતે તરફથી - મ્યુનિસિપલ કોર્પોરેશનને નગર સેવકોને ઉપલબ્ધ કરીને આપેલા નગરસેવક સ્વેચ્છા નિધિના વાર્ષિક મર્યાદા રૂ. ૬૦ લાખથી વધુ વધાવીને રૂ. ૧ કોટી આટલી કરવામાં આવે.

૮૮. **શ્રી રાજ સુર્વે** તરફથી - મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાજગી વિકાસનો તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શાસનના સર્વ બાંધકામ પ્રકલ્પમાં નવા બિલ્ડીંગના દર્શની ભાગમાં ચિત્રકલા, શિલ્પકલા, નક્ષીકામ, ભિંતચિત્ર કમાની, મિનાર, ઇત્યાદી પારંપારિક અને કલાત્મક શૈલીનો વાપર કરવો બંધનકારક કરવામાં આવે.

૮૯. **શ્રીમતી તૃષ્ણા ચં. વિશ્વાસરાવ** તરફથી - ઝૂંપડપટ્ટી વસાહતના પુનર્વસન કરતા વખતે, સ્થાનિક નગરસેવક, આમદાર અને ખાસદારના નિધિમાંથી, ઝૂંપડપટ્ટી વસાહતીમાં આર્થિક દૃષ્ટ આ દુર્બલ અને ગરજૂ નાગરિકના સારી-સુવિધા કરવા ઉભા કરવામાં આવેલા વાસ્તૂના, નિષ્કાસન કરવા પહેલા વિકાસકાના સંબંધિત સક્ષમ પ્રાધિકાઓની પૂર્વ પરવાનગી લેવી બંધનકારક કરવામાં આવે.

૯૦. **શ્રીમતી કમરજહાં મો. સિદ્ધિકી તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા શાળાઓમાંના સર્વે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાંના વિદ્યાર્થીઓ માટે ‘માર્શલ આર્ટસ’ આ ક્રિડા પ્રકાર તથા આત્મસંરક્ષણ પ્રશિક્ષણ અભ્યાસક્રમના અનિવાર્ય ભાગ તરીકે લાગુ કરવામાં આવે.

૯૧. **શ્રીમતી મનીષા ક. યાદવ તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના ‘મહિલા અને બાલકલ્યાણ યોજના’ હેઠળ શાસને નક્કી કરેલા પાત્રના, નિયમો અને શરતોના આધીન રહીને પાત્ર લાભાર્થીઓને અમુક અનુદાન તત્ત્વ પર ‘પિન્ક ઈલેક્ટ્રિક રિક્ષા’ ઉપલબ્ધ કરીને આપવાની યોજના શરૂ કરવામાં આવે.

૯૨. **ડૉ. (શ્રીમતી) સઈદા ખાન તરફથીઃ**- મહાનગરપાલિકાના રુગ્ણાલયમાં કેસ પેપર, વિવિધ તપાસ અને ઉપચારના શુલ્ક ભરવા માટે UPI, QR Code ક્રેડિટ/ડેબિટ કાર્ડ અને ઓનલાઈન પેમેન્ટ પર્યાય ઉપલબ્ધ કરીને આપવા બાબત યોગ્ય રીતે ઉપાય યોજના કરવામાં આવે.

૯૩. **શ્રીમતી પદ્મજા આ. ચેંબુરકર તરફથીઃ**- મહાનગરપાલિકા પ્રશાસન મારફત બૃહન્મુંબઈની હદમાંના ‘યુરિયમ મૅગ્નેટ’ શક્તિશાળી ચુંબકીય રમતોનું વેચાણ અને ઉપયોગ આ બાબત આવશ્યક તપાસણી અને નિયમ અનુસાર પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવી.

૯૪. **શ્રી કિરણ તાવડે તરફથીઃ**- શ્રી ગણેશોત્સવની સમય મુદતમાં મુંબઈ શહેરમાં દર્શન માટે આવનારા ભાવિકોને રાજ્ય શાસન મારફત વીમા સંરક્ષણ ઉપલબ્ધ કરીને આપવા બાબત કાર્યવાહી કરવી.

૯૫. **ડૉ. (શ્રીમતી) સમન અ. આજમી તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા ક્ષેત્રમાંના સર્વે સાર્વજનિક સ્વચ્છતાગૃહના પ્રભાગનિહાય ડિજિટલ સર્વેક્ષણ કરીને તેમની ઓનલાઈન નોંધણી કરવા ઈત્યાદિ બાબત.

૯૬. **શ્રી સચિન પાટીલ તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા ક્ષેત્રમાંના ચણા ફુટાણ્યાના (ધાણીના) પ્રસાદમાં ‘ઓરામાઈન’ રાસાયણિક પદાર્થોના ઉપયોગ કરેલ હોય તો તો તેની પર તત્કાળ પ્રતિબંધ મૂકવામાં આવે.

૯૭. **શ્રીમતી અજંતા રા. યાદવ તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના બધા રુગ્ણાલયોમાં ગરજૂ અને આર્થિક દૃષ્ટિએ દુર્બળ રુગ્ણો (દરદી)ના ઓર્થોપેડિક શસ્ત્રક્રિયા માટે આવશ્યક રહેલ સર્વે ઉપકરણો અને ઈમ્પ્લાન્ટસ મહાનગરપાલિકાના આરોગ્ય નિધિ (ફંડ)માંથી નિઃશુલ્ક ઉપલબ્ધ કરીને આપવામાં આવે.

૯૮-૯૯. **શ્રી પ્રકાશ મોરે તરફથીઃ**- (૯૮) બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના બધા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ઈમારતોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર આધુનિક ‘કેપેસિટી વોટર ફીલ્ટર પ્રાધાન્ય આપી બેસાડવા ઈત્યાદિ બાબત અને (૯૯) બૃહન્મુંબઈ મહાનગરપાલિકા ક્ષેત્રમાં મહાનગરપાલિકાએ ભવિષ્યમાં નવેસરથી બાંધવામાં આવનારી બહુમજલી ઈમારતોની બાલકનીમાં હાફ ગ્રિલ સહિત અત્યંત મજબૂત એવી સેફટી કલચ વાયર્સની વ્યવસ્થા કરવા.

૧૦૦. **શ્રીમતી વર્ષા સ્વ. ટેંબવલકર તરફથીઃ**- મહાનગરપાલિકા ઉદ્યાનોમાં બિનઅધિકૃત અને ગેરકાયદેસરને પ્રતિબંધિત કરવા માટે સક્ષમ અને પ્રશિક્ષિત સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરીને આપવા માટે શાસનમાન્ય અને નોંધણીકૃત સુરક્ષા સંસ્થા મારફત પ્રશિક્ષણ સુરક્ષા રક્ષકોની નિયુક્તી કરવામાં આવે ઈત્યાદી.

૧૦૧. **શ્રી મહાદેવ શિવગણ તરફથીઃ**- મુંબઈ શહેર માટે સ્વતંત્ર અને પ્રભાવી હીટ ઍક્શન પ્લાન તૈયાર કરીને બૃહન્મુંબઈ મહાનગરપાલિકાએ હવામાન તજજ્ઞ, પર્યાવરણ તજજ્ઞ, નગર રચનાકાર, વૈદ્યકીય તજજ્ઞ, ભારતીય હવામાન વિભાગના પ્રતિનિધિ, આઈઆઈટી તેમજ અન્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થામાંના તજજ્ઞોનો સમાવેશ ધરાવતી ‘મુંબઈ ઉષ્ણતા વ્યવસ્થાપન વૈજ્ઞાનિક તજજ્ઞ સમિતિ’ તત્કાળ સ્થાપના કરવી.

૧૦૨. **શ્રી અજય પાટીલ તરફથીઃ**- મહાનગરપાલિકા ક્ષેત્રમાંના નવી રીતે બાંધવામાં આવનારા તેમજ પુનર્વિકાસ હેઠળ ઊભા કરવામાં આવનારા ૧૦ માળથી વધુ ઊંચાઈની ઈમારતોમાં લીવીંગ ફોરેસ્ટસ (Living Forests), ઊભા બગીચા, ગ્રીન (હરિત) દીવાલો. તેમજ ટેરેસ ગાર્ડન આના જેવા પર્યાવરણપૂરક સંકલ્પના અમલમાં મૂકવા માટે વિકાસકોના પ્રોત્સાહન આપવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ આવા પર્યાવરણપૂરક પ્રકલ્પોને પ્રોત્સાહન પર લાભ આપવામાં આવે.

૧૦૩. **ડૉ. (શ્રીમતી) સઈદા ખાન તરફથીઃ**- મહાનગરપાલિકાની માલિકીની બધી ઈમારતોના સંરચનાત્મક લેખાપરિક્ષણ ખાનગી કંપની/સલાહકારો પાસેથી કરવાના બદલે મહાનગરપાલિકા પાસે અભિયાંત્રિકી ખાતામાં અનુભવી અભિયંતા ઉપલબ્ધ હોય, તેમના ‘સ્વતંત્ર સંરચનાત્મક લેખાપરિક્ષણ કક્ષ’ સ્થાપવામાં આવે, ઈત્યાદી.

૧૦૪. **શ્રીમતી સોનાલી સ. સાબે તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના પ્રત્યેક પ્રભાગોમાં ફરતા મોબાઈલ આરોગ્ય દવાખાના ‘આરોગ્ય સંજીવની રથ’ આ સંકલ્પના હેઠળ શરૂ કરવામાં આવે.

૧૦૫-૧૦૬. **શ્રીમતી યામિની ય. જાધવ તરફથીઃ**- (૧૦૫) મુંબઈ શહેરમાં સર્વે નવા બાંધકામો, પુર્નબાંધકામો તેમજ મોટા પ્રમાણમાં કરવામાં આવનારી ઈમારત રિપેરિંગ/પુનર્વિકાસ પ્રકલ્પોમાં ‘હિટ રીફલેકટીવ/ કુલ રુફ પ્રણાલી’નો ઉપયોગ અનિવાર્ય કરવા માટે આવશ્યક તેવા સર્વસમાવેશક ધોરણ નિશ્ચિત કરવામાં આવે, અને (૧૦૬) મુંબઈ મહાનગરપાલિકા શાળામાંના પ્રતિભાવન વિદ્યાર્થીમાંના અદ્વિતીય ગુણ (યુનિક ટેલેંટ), વિશેષ આવડત, સુપ્ત ગુણ અને ઉચ્ચ ક્ષમતાના નાની વયમાંથી જ શાસ્ત્રીય પદ્ધતિથી ઓળખીને તેમને યોગ્ય દિશા અને આવશ્યક પ્રશિક્ષણ આપવાના દૃષ્ટિકોણથી મહાનગરપાલિકા શિક્ષણ વિભાગ મારફત વિવિધ ક્ષેત્રો માટે ‘પ્રતિભા વિકાસ કેન્દ્ર’ સ્થાપવામાં આવે.

૧૦૭. **શ્રી સચિન પાટીલ તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા ક્ષેત્રમાંના નાગરિકોના આરોગ્યના સંરક્ષણ તેમજ સાર્વજનિક સ્વચ્છતા તથા પર્યાવરણના સંવર્ધન કરવાની દૃષ્ટિએ મરઘાંની વાહતૂક કરનારા જાલીદાર વાહનોને મરઘાં સંબંધિત માર્કેટ અથવા વ્યાપારીઓ પાસે પહોંચ્યા પછી, સદર વાહનોને સાર્વજનિક રસ્તા, ફુટપાથ, નિવાસી પરિસર અથવા અન્ય સાર્વજનિક ઠેકાણે પાર્કિંગ કરવામાંથી પ્રતિબંધ કરવામાં આવે.

૧૦૮. **શ્રી અજિત રાવરાણે તરફથીઃ**- છ ફુટ સુધીની શ્રી ગણેશમૂર્તિ તેમજ બધા ઘરગથ્થુ શ્રી ગણેશમૂર્તિના વિસર્જન મહાનગરપાલિકાએ નિર્માણ કરેલા અધિકૃત કૃત્રિમ તળાવોમાં કરવા માટે સ્વતંત્ર કાર્યપદ્ધતિ (SOP) નિશ્ચિત કરવામાં આવે.

૧૦૯. **શ્રીમતી સઈ સ. શિર્કે તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને મુંબઈ શહેર અને ઉપનગરમાંના ખાનગી દવાખાના, રુગ્ણાલયો અને વૈદ્યકીય વ્યવસાયિકોને MCCD આપતા લાગૂ પડતા નિયમાનુસાર નિર્ધારિત શુલ્કની સ્પષ્ટ માહિતી દર્શની ભાગમાં પ્રસિદ્ધ કરવા, ઈત્યાદિ બાબત.

૧૧૦. **શ્રીમતી સંધ્યા વિ. દોશી તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની માલિકીના માલમત્તા સંબંધિત દસ્તાવેજોની નોંધણી માટે મહાનગરપાલિકા માટે સ્વતંત્ર ઉપ-નિબંધક કાર્યાલયો સ્થાપવામાં આવે.

૧૧૧. **શ્રીમતી મીનાક્ષી અ. પાટણકર તરફથીઃ**- મહાનગરપાલિકા પ્રશાસને મુંબઈમાંના બધા પર્યટન સ્થળોનું તત્કાળ સર્વેક્ષણ કરીને, એક ‘વિશેષ કૃતિ દળની’ સ્થાપના કરવી.

૧૧૨-૧૧૩. **શ્રી અંકિત પ્રભુ તરફથીઃ**- (૧૧૨) આર્થિક દૃષ્ટિએ દુર્બળ ઘટકોમાંના વિદ્યાર્થીઓને પરવડનારા ઉચ્ચ શિક્ષણ મળે, આ ઉદ્દેશ્યથી બૃહન્મુંબઈ મહાનગરપાલિકાએ મહાનગરપાલિકા શાળાઓમાં ધોરણ અગિયાર અને બારમાનું શિક્ષણ શરૂ કરવામાં આવે અને (૧૧૩) મુંબઈ મહાનગરપાલિકાની શાળામાંના વિદ્યાર્થીઓ માટે આવશ્યક તજજ્ઞ પ્રશિક્ષક, સંગણક પ્રણાલી પ્રોગ્રામીંગ લૅંગ્વેજ એવી સક્ષમ સુવિધા ઉપલબ્ધ કરીને આપવામાં આવે.

૧૧૪. **શ્રી ચિંતામણી નિવાટે તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકા મુખ્યાલયની વિદ્યમાન સુરક્ષા વ્યવસ્થાનું તત્કાળ સર્વકંષ સુરક્ષા પરીક્ષણ (Security Audit) કરવા, ઈત્યાદિ બાબત.

૧૧૫. **શ્રીમતી મીનલ સં. તુર્ડે તરફથીઃ**- મુંબઈ મહાનગરપાલિકા ક્ષેત્રમાંના પુનર્વિકાસિત થનારા માર્કેટમાંના કુલ ગાળાઓ પૈકી ઓછામાં ઓછા પાંચથી દસ ગાળા નોંધણીકૃત મહિલા બચત ગટ માટે આરક્ષિત રાખવામાં આવે.

૧૧૬. **શ્રી સચિન પડવળ તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની બધી ઓફિસો, મુખ્યાલય, વિભાગીય કાર્યાલય તેમજ મહાનગરપાલિકાના અખત્યાર હેઠળ સર્વે મહત્ત્વની આસ્થાપનાના પરિસરમાં કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ગેજેટસ, ‘એસાય’ (AI) ગોગલ્સ અને સ્માર્ટ ચશ્માંના ઉપયોગ પર તત્કાળથી અને પૂર્ણપણે નિર્બંધ (પ્રતિબંધ) મૂકવામાં આવે.

૧૧૭. **શ્રી યશવંત કિલ્લેદાર તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગર માટે પ્રશાસન મારફત અગ્નિશમન વિભાગે મહાનગરપાલિકા ક્ષેત્રમાંની સાર્વજનિક ઈમારતો, મહાનગરપાલિકા રુગ્ણાલયો અને દવાખાના, શાળા, મહાવિદ્યાલયો, માર્કેટ, બાજારપેઠા, કાર્યાલયો, ઉદ્યાનો તેમજ આવશ્યક્તા અનુસાર વિવિધ સાર્વજનિક અને સંવેદનશીલ ઠેકાણે, અગ્નિશમન વિભાગના તાંત્રિક માર્ગદર્શન અનુસાર અને અગ્નિસુરક્ષા નિયમોના આધીન રહીને ફાયરબૉલ અગ્નિશમન ઉપકરણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવે.

૧૧૮. **શ્રી સાઈનાથ દુર્ગે તરફથીઃ**- બૃહન્મુંબઈ મહાનગરપાલિકા મારફત સુરક્ષિત શાળા ક્ષેત્ર પ્રકલ્પ અમલમાં મૂકીને સંબંધિત વિભાગ અને વાહતૂક યંત્રણાની સમન્વય સાધીને બધા મહાનગરપાલિકાના વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત પ્રવેશ અને નિર્ગમન (બહાર જવાની) વ્યવસ્થા કરવા.

| | |
|---|---|
| મહાનગરપાલિકા કાર્યાલય<br>મુંબઈ, તા. ૨૫મી ઑગસ્ટ, ૨૦૨૬<br>ક્ર. જસંઅ/૧૨૦૭/જાહેરાત/ ૨૦૨૬-૨૭ | મેયરના આદેશથી,<br>મનોજ ના. કાંબલે,<br>મહાનગરપાલિકા સેક્રેટરી |

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## બ્રેક-અપ પછી ઈર્ષ્યાની આગ

# યુવકે જ ભાંડો ફોડ્યો કે તેણે ગર્લફ્રેન્ડ પાસેથી પેપર મેળવેલું

### એમપીએસસીના ત્રણ અધિકારી સહિત છ જણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી) દ્વારા લેવાતી ડ્રગ ઇન્સ્પેક્ટરની પરીક્ષાનું પેપર લીક કરવા પ્રકરણે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે બુધવારે ત્રણ અધિકારી સહિત છ લોકોની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં પેપર લીકનું ચોંકાવનારું કારણ સામે આવ્યું હતું. લવસ્ટોરી પછી બ્રેક-અપ અને તેને કારણે ઇર્ષ્યાની બળબળતી આગને લીધે આખો કિસ્સો ખૂલ્યો હતો. પરીક્ષાના બે દિવસ પહેલા લીક થયેલું પેપર એક આરોપીને મળતાં તે તેણે પોતાની પુત્રને આપ્યું હતું. પુત્રીએ બાદમાં પેપર તેના બોયફ્રેન્ડને આપ્યું હતું, પરંતુ બ્રેક-અપ થયા બાદ બોયફ્રેન્ડે તેની જાણકારી એમપીએસસીને આપી દેતાં ભાંડો ફૂટી ગયો હતો.

એમપીએસસી મારફત ડ્રગ ઇન્સ્પેક્ટર (ગ્રૂપ-૨)ની પરીક્ષા ૨૨ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજવામાં આવી હતી. એ અગાઉ નિષ્ણાતો દ્વારા પરીક્ષા માટે પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે પરીક્ષા પહેલા આરોપીઓએ પ્રશ્નપત્રોમાંથી ગેરકાયદે રીતે પ્રશ્નો મેળવ્યા હતા અને એક અલગ સૅટ તૈયાર કરીને તેને અન્ય વ્યક્તિઓને વહેંચવામાં આવ્યા હતા. આ પ્રકરણે કરાયેલી તપાસમાં એમપીએસસીની પરીક્ષાની પ્રક્રિયામાં ગુપ્તતાનો ભંગ થયાનું બહાર આવ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલના ઇન્ચાર્જ મંગેશ ગણપતરાવ દેસાઇએ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પચીસમી ઑગસ્ટે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે કેસની યોગ્ય તપાસ કરીને ગુનામાં સામેલ એમપીએસસીના ત્રણ અધિકારી સહિત છ લોકોની ધરપકડ કરી હતી. આરોપીમાં એમપીએસસીના આસિસ્ટન્ટ સેકશન ઓફિસર વિશ્વેશ્વર દત્તાત્રય નકાતે અને ગોપાલ મરાઠે, એમપીએસસીના એડિશનલ સેક્રેટરી અભિજીત ગણપતરાવ લેંડવે, નંદુરબારની

(જુઓ પાનું ૪) ▶▶

## ડ્રગ ઇન્સ્પેક્ટરની પરીક્ષાના પેપર લીક પાછળ લવસ્ટોરી

# એમપીએસસીએ ભરતી પ્રક્રિયા રદ કરી

મુંબઈ: મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)એ આ વર્ષની શરૂઆતમાં લેવાયેલી સ્ક્રીનિંગ પરીક્ષામાં કથિત ગેરરીતિ અંગેની પ્રાથમિક તપાસ બાદ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગ હેઠળની 'ડ્રગ ઇન્સ્પેક્ટર ગ્રૂપ-બી'ની જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા રદ કરી છે.

આયોગે આ જગ્યાઓ માટે ફરીથી પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. આયોગનું કહેવું છે કે તમામ ઉમેદવારોને ન્યાયી અને સમાન તક મળે તે સુનિશ્ચિત કરવા માટે, તેમજ પરીક્ષાઓની વિશ્વસનીયતા, પારદર્શિતા અને નિષ્પક્ષતા જાળવી રાખીને ભરતી

(જુઓ પાનું ૪) ▶▶

# ખારઘરમાં ઓવરહેડ વાયરમાં ખામી ઊભી થવાને કારણે હાર્બર લાઇનમાં લોકલ ટ્રેન સેવા ખોરવાઈ!

મુંબઈ: મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં બુધવારે ખારઘર રેલવે સ્ટેશને ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઈ)માં ટેક્નિકલ ખામીને કારણે લોકલ ટ્રેનસેવા ઠપ થઈ હતી. લોકલ ટ્રેનના છત પર લાગેલા પેન્ટોગ્રાફમાં અચાનક એક પક્ષી ફસાઈ જવાને કારણે જોરદાર સ્પાર્કિંગ સાથે ઓવરહેડ વાયરમાં ખામી સર્જાઈ હતી, જેને કારણે ટ્રેનસેવા ખોરવાઈ હતી અને પ્રવાસીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

આ ટેકનિકલ સમસ્યાના કારણે અપ અને ડાઉન બંને રૂટ પરની લોકલ ટ્રેનો અટકી પડી હતી, જેના પરિણામે ઓફિસ અને કામે જતા હજારો દૈનિક પ્રવાસીઓ સ્ટેશનો તથા ટ્રેનોમાં કલાકો સુધી અટવાઈ પડ્યા હતા.

હાર્બર લાઈન પર દોડતી લોકલ ટ્રેનના પેન્ટોગ્રાફમાં અચાનક એક મોટું પક્ષી અથડાઈને ફસાઈ ગયું હતું. પક્ષી ફસાતાં જ શોર્ટ સર્કિટ અને ભારે સ્પાર્કિંગ થયું હતું, જેના કારણે હાઈ-ટેન્શન ઓવરહેડ વાયર ક્ષતિગ્રસ્ત થઈને તૂટી ગયો હતો. પાવર સપ્લાય ખોરવાઈ જતાં જે-તે સેક્શનમાં દોડતી લોકલ ટ્રેનોનાં પૈડાં થંભી ગયાં હતાં.

બુધવારે બપોરના ૨.૦૮ ખારઘર રેલવે સ્ટેશન

(જુઓ પાનું ૪) ▶▶

## વેસ્ટર્ન રેલવેએ કેટરિંગ સ્ટાફ માટે યુનિફોર્મ, ગ્લવ્સ અને હેર નેટ ફરજિયાત બનાવ્યા

મુંબઈ: રેલવે ફૂડ સ્ટોલ્સ પર સ્વચ્છતા અને દેખાવમાં સુધારો કરવાના હેતુથી, વેસ્ટર્ન રેલવેએ મુંબઈ ડિવિઝનના તમામ અધિકૃત કેટરિંગ સ્ટોલ્સ અને યુનિટ્સમાં કામ કરતા કર્મચારીઓ માટે યુનિફોર્મ ફરજિયાત બનાવ્યો છે. કેટરિંગ કર્મચારીઓએ ફરજ દરમિયાન ડિસ્પોઝેબલ હેન્ડ ગ્લવ્સ અને હેર નેટ્સ પણ પહેરવા પડશે.

રેલવે સ્ટેશનો પર ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે,ત્યારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. બોઈસર ખાતેના એક કેટરિંગ આઉટલેટમાં સમોસાં છાપાના કાગળમાં વીંટાળીને વેચાતા હોવાનું માલૂમ પડ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવેએ સમગ્ર મુંબઈ ડિવિઝનમાં કેટરિંગ યુનિટ્સ પર તપાસ વધારી

(જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામ-મુલુંડ લિંક રોડ: બીજી ટનલ માટે ટીબીએમ અસેમ્બલિંગનું ૭૦ ટકા કામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાતા ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં બે ટ્વિન ટનલ બાંધવામાં આવવાની હોઈ બહુ જલદી બીજી ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવવાનું છે. બીજા ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ના છૂટ્ટા ભાગોના અસેમ્બલિંગનું કામ ૭૦ ટકા થયું છે. તેથી બહુ જલદી બીજી ટનલનું ખોદકામ શરૂ કરવામાં આવે એવી શકયતા છે.

ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં ફેઝ-૩(બી) અંતર્ગત ગોરેગામ(પૂર્વ)માં દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી (ફિલ્મસિટી)થી મુલુંડ(પશ્ચિમ)માં અમર નગર દરમ્યાન સંજય ગાંધી નેશનલ પાર્ક નીચે 'તુલસી' આ ટનલ બોરિંગ મશીન દ્વારા ૫.૩૦ કિલોમીટર લંબાઈની ત્રણ-ત્રણ લેનની બે ટનલ બાંધવામાં આવવાની છે. તેમાંથી પહેલી ટનલને ખોદવાનું કામ ૧૭



ઑગસ્ટ, ૨૦૨૬થી શરૂ કરવામાં આવ્યું હતું.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે બુધવારે પ્રોજેક્ટ સાઈટનું ઈન્સ્પેકશન કરીને પ્રોજેક્ટના ખોદકામની કાર્યપદ્ધતિ, ચાલી રહેલા ખોદકામ સહિત સંબંધિત કામોની ટેક્નિકલ માહિતી લીધી હતી. આ દરમ્યાન તેમણે સુરક્ષા, મશીનરીની કાર્યક્ષમતા, બાંધકામની ગુણવત્તા સહિત પ્રોજેક્ટના ડેડલાઈનને ધ્યાનમાં રાખીને તે પ્રમાણે કામનું આયોજન કરવાનો નિર્દેશ અધિકારીઓને આપ્યો હતો. પાલિકાના ઉચ્ચ અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶

## કફ પરેડથી ગુમ ત્રણ સગીરાને પોલીસે છ કલાકમાં કર્જતના રિસોર્ટમાંથી શોધી કાઢી

મુંબઈ: દક્ષિણ મુંબઈના કફ પરેડ વિસ્તારમાંથી ગુમ થયેલી ત્રણ સગીરાને પોલીસે છ કલાકમાં કર્જતના રિસોર્ટમાંથી શોધી કાઢી હતી. ત્રણેયને બાદમાં તેમના કુટુંબીજનોને સોંપવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

કફ પરેડના ડો. બાબાસાહેબ આંબેડકરનગરમાં રહેનારી ફરિયાદીને મંગળવારે સવારના તેની પંદર વર્ષની પુત્રી ઘરમાં નજરે પડી નહોતી. પુત્રી વૉશરૂમમાં ગઇ હોવાનું માનીને ફરિયાદી કામે જતી રહી હતી. બપોરે તેને જાણવા મળ્યું હતું કે પુત્રી સ્કૂલેથી પાછી ફરી નથી. સ્કૂલમાં મોડું થયું હશે, એવું માનીને ફરિયાદીએ એ તરફધ્યાન આપ્યું નહોતું. જોકે બાદમાં સ્કૂલમાં શિક્ષકનો ફરિયાદી ફોન કરી જણાવ્યું હતું કે તેની પુત્રી અને તેની બે બહેનપણી ઘણા દિવસથી

(જુઓ પાનું ૪) ▶▶

# અભિનેત્રી સની લિયોની અને તેના પતિ વિરુદ્ધની છેતરપિંડીની ફરિયાદ કોર્ટે ફગાવી

મુંબઈ: ફિલ્મ અભિનેત્રી સની લિયોની અને તેના પતિ વિરુદ્ધ કરાયેલી છેતરપિંડીની ફરિયાદ દિંડોશી સેશન્સ કોર્ટે ફગાવી દઈ એવી નોંધ કરી હતી કે તેમની સામે કોઈ કેસ બનતો નથી અને આ માત્ર કમર્શિયલ કોન્ટ્રાક્ટના ભંગનો વિવાદ છે.

એડિશનલ સેશન્સ જજ પી. એ. સાનેએ આ દંપતી અને તેના મૅનેજરે છેતરપિંડી કરી હોવાની ફરિયાદી ઓમપ્રકાશ શ્રીનારાયણ જૈનની ફોજદારી ફરિયાદને ફગાવી દીધી હતી.

ફરિયાદીના કહેવા મુજબ તેણે લિયોનીને તેલુગુ ફિલ્મમાં રોલ અપાવ્યો હતો. આ માટે લિયોનીને ૧.૭૫ કરોડ રૂપિયા મળવાના હતા, જેમાંથી ટકાવારી આધારિત ઈન્સેન્ટિવ તેને આપવાનું નક્કી થયું હતું.

જૈને દાવો કર્યો હતો કે આ રકમમાંથી આંશિક પેમેન્ટ તેને કરાયું હતું, પરંતુ બાકીની રકમ અને કમિશન ચૂકવાયું નથી.

આ પ્રકરણમાં અંધેરીના ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટના ૧૦ ઑક્ટોબર, ૨૦૨૪ના આદેશને જૈને સેશન્સ કોર્ટમાં

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ...તો રેલવે, વિમાન બધું બંધ કરીશું: જરાંગે પાટીલની ચીમકી

મુંબઈ: મરાઠા આરક્ષણ અને કુણબી સર્ટિફિકેટને મુદ્દે મરાઠા કાર્યકર મનોજ જરાંગે પાટીલે ૨૯ ઑગસ્ટે ફરી ઉપવાસની જાહેરાત કરવાની સાથે જરૂર પડ્યે રેલવે અને વિમાન સેવા બંધ પાડવાની ચીમકી આપી હતી.

રાજ્ય સરકારના નિયમો પ્રમાણે માત્ર દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં આંદોલન કરવાની પરવાની છે. અન્ય કોઈ પણ વિસ્તારમાં આંદોલન, ધરણા અથવા મોરચો કાઢવાની મનાઈ ફરમાવવામાં આવી છે. મરાઠા આંદોલન માટે મુંબઈમાં પણ જશે. તેથી જાણીજોઈને સરકારે આવો નિર્ણય લીધો હોવાનું જરાંગે પાટીલનું કહેવું છે. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે અમારી સામે દાદાગીરી કરવી નહીં. અમે મુંબઈમાં બધે આંદોલન કરીશું. વિરોધ કરવામાં આવશે તો રેલવેના ચક્કાજામ કરવામાં આવશે અને તમારાં વિમાન પણ ઊડવા નહીં દેવાય. અમે કાયદાનું સન્માન કરીએ છીએ એટલે પરવાનગી માટેની અરજી કરી છે. હવે તમે પરવાનગી આપો કે ન આપો... અમારું નક્કી થયું છે તો મુંબઈમાં આંદોલન થશે જ. અમને કઈ રીતે અટકાવો છો તે જોઈએ. ■

## કાલાઘોડા પરિસરના પુનર્વિકાસ માટે ૯.૨૩ કરોડનાં ટેન્ડર બહાર પડાયા

### કોલાબામાં ફૂટપાથ, અંડરગ્રાઉન્ડ પાર્કિંગનાં કામ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના પ્રખ્યાત કાલા ઘોડા પરિસરનો મુંબઈ મહાનગરપાલિકા દ્વારા બે તબક્કામાં વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાં પહેલા ફેઝનું કામ લગભગ પૂર્ણ થયા બાદ હવે ટૂ-એ ફેઝના કામ માટે ૯.૨૩ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં છે. બીજા તબક્કામાં રસ્તા, ફૂટપાથ, ડ્રેનેજ લાઈન, સુશોભીકરણ, કાલાઘોડા પરિસરની કાયાપલટ કરવામાં આવવાની છે, જેમાં ચાર લેનમાં સ્ટ્રીટ લાઈટ બેસાડવા સહિતના કામ હાથ ધરવામાં આવ્યાં છે.

પાલિકાના 'એ'વોર્ડના અધિકારીના જણાવ્યા મુજબ હેરિટેજ શ્રેણીમાં આવતા કાલાઘોડા પરિસરનું બે તબક્કામાં સુશોભીકરણ કરવામાં આવી રહ્યું છે, જે હેઠળ પહેલા તબક્કાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે અને હવે બીજા તબક્કાનું કામ કરવામાં આવવાનું હોવાથી તેના માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

બીજા તબક્કામાં ચેંબર ઓફ કોમર્સ લેન, ફોબર્સ સ્ટ્રીટ,

(જુઓ પાનું ૪) ▶▶

# ભારતીય નાગરિકતા મેળવવા ઘૂસણખોરો દ્વારા આધારના ગેરકાયદે ઉપયોગ અંગે હાઈ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે વિદેશી નાગરિકો દ્વારા ઘૂસણખોરી કરીને ભારતીય નાગરિકતાનો દાવો કરવા માટે આધાર તથા પાન કાર્ડ જેવા દસ્તાવેજો છેતરપિંડીથી મેળવવાની ''ચિંતાજનક પદ્ધતિ''ની નોંધ લીધી છે અને કેન્દ્ર સરકારને આ મુદ્દાના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવા અનુરોધ કર્યો છે.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને કમલ ખાટાની ખંડપીઠે નોંધ્યું હતું કે, આ પ્રકારની સ્થિતિ વિવિધ એજન્સીઓ વચ્ચેના સંકલન અને દસ્તાવેજોની ચકાસણીમાં રહેલી ગંભીર ખામીને ઉજાગર કરે છે. કેટલાક કિસ્સાઓમાં આવા લોકો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં પણ સંડોવાયેલા હોવાનું જણાયું છે. આથી, આવા લોકોને શોધી કાઢીને તેમને દેશનિકાલ કરવાની પ્રક્રિયાને અગ્રતા આપવાની જરૂરિયાત પર ખંડપીઠે ભાર મૂક્યો હતો.

કોર્ટે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગને 'આધાર અધિનિયમ'માં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવાનો આદેશ આપ્યો હતો, જેથી તપાસ એજન્સીઓને ગેરકાયદેસર ઘૂસણખોરી કરી હોય અને/અથવા ભારતીય નાગરિકતા મેળવવા માટે બનાવટી દસ્તાવેજો પ્રાપ્ત કર્યા હોય એવા લોકોને તાત્કાલિક શોધી કાઢવામાં, દેશનિકાલ કરવામાં અને તેમના પુનઃપ્રવેશને રોકવામાં મદદ મળી શકે. કોર્ટે

(જુઓ પાનું ૪) ▶▶

# ભાંડુપમાં ૧૦મા માળેથી કૂદેલી મહિલા ઝાડમાં ફસાતાં ચમત્કારિક બચાવ

### પતિ સાથે થયેલા ઝઘડા પછી ગુસ્સામાં મહિલાએ ફ્લૅટની બારીમાંથી ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપમાં બનેલી વિચિત્ર ઘટનામાં પતિ સાથેના ઝઘડા બાદ ગુસ્સામાં ૧૦મા માળેથી કથિત રીતે કૂદેલી મહિલા બિલ્ડિંગ પાસેના ઝાડમાં ફસાઈ ગઈ હતી. ચમત્કારિક રીતે બચી ગયેલી મહિલાના પગમાં ઇજા થતાં શસ્ત્રક્રિયા માટે હૉસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.

ભાંડુપ પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની સવારે સાડાનવ વાગ્યાની આસપાસ ભાંડુપ પશ્ચિમમાં તુશેત પાડા ખાતેના લેક રોડ પર બની હતી. મહિલાને પહેલાં મુલુંડની અગ્રવાલ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જોકે ડાબા પગમાં ગંભીર ઇજાને કારણે શસ્ત્રક્રિયાની જરૂર હોવાથી તેને બાદમાં સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ સનશાઈન બિલ્ડિંગના ૧૦મા માળે આવેલા ફ્લૅટમાંથી પડી ગયેલી મહિલા ઈમારત પાસેના ઝાડ પર ફસાઈ ગઈ હોવાની માહિતી કન્ટ્રોલ રૂમને મળી હતી. મહિલાની ઓળખ પ્રતીક્ષા હિવરાળે (૨૬) તરીકે થઈ હતી. માહિતી મળતાં જ

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.